

કુમાર

અંક ૧૧૧ મો
તંત્રી · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક 卐 ફાગણ ૧૯૮૯

કુમાર


ફાગણ ૧૯૮૯ — અંક ૧૧૧

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

'કુમાર'નું વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



દાદાનો લાડકવાયો

ચિત્રકાર • શ્રી ભુવન બી.એ.

વંચના

•પૃથ્વી•


‘હલે હૃદયઊર્મિ ના, જરી ન ચિત્ત પાછું પડે;
અનેક બલિદાન વીર — અરપી હસંતો રહે.’
પ્રભો ! વિતથ કલ્પના, શિશુકથા જ ભાસે મને,
ભલે સ્મરણ એહનાં અજબ સૃષ્ટિઓને ઘડે.

જગે દ્વિવિધ પ્રેય શ્રેય પથમાંથી કો શ્રેયનો
સ્વીકાર કરતો રહે નિજ હિતાર્થ, એમાં રહ્યાં
ક્યહીં બલિ, ક્યહીં જ સ્વાર્પણ ? નથી શું એ વંચના ?
કરે હૃદય ઠારવા સકળ શુદ્ધ એ સ્વાર્થ ના ?

વિકાસ પણ એ પથે સહુ જનો ય સાધી રહે,
લહે જીવનસિદ્ધિ, રિદ્ધિ ભરતા રહે અંતરે,
ફળે પરમ સ્વાર્થ, શી અવર એ થકી ધન્યતા ?
કહોજી બલિદાન વા અનુપ લાભ એને ગણું ?

હું યે ભજીશ પંથ એ, તદપિ વંચના ના સહું,
‘બલિ’ શબ્દનો જ હું બલિ કરી દઉં યજ્ઞમાં.

રામપ્રસાદ શુક્લ



સંસ્કાર-સ્મરણ [૩]

'મારી રૂચિ-પ્રકૃતિ-અનુસાર ગુજરાતનાં માસિકોમાં 'કૌમુદી' ને 'કુમાર' એ બે માસિકોને પ્રથમ પદ આપું છું. 'કૌમુદી'ને વિદ્વત્તા માટે અને 'કુમાર'ને સૌન્દર્ય માટે. પ્રતિમાસે 'કુમાર'માં નવદર્શન જોવામાં આવે છે અને તેથી તે સંસ્કૃત કવિની રમણીયતાની વ્યાખ્યા ચરિતાર્થ કરે છે. વળી રામાયણના સુંદર કાંડ માટે કહેવાય છે કે सुन्दरे किं न सुन्दरम् । આ પ્રશંસા કુમારને પણ યોગ્ય રીતે અર્પી શકાય. તેના પ્રત્યેક અંકના પ્રત્યેક પાને-લખાણમાં, છાપકામમાં અને ચિત્રકામમાં—કેવળ સૌન્દર્ય જ જોવામાં આવે છે. મારા જેવો, જેને light literature ઉપર બહુ પ્રીતિ નથી, તે પણ પ્રત્યેક અંક સાદ્યંત વાંચ્યા વિના રહી શકતો નથી.'

—રામલાલ ચુનીલાલ મોદી

[આ ઉપર 'સંસ્કાર-સ્મરણ'માં રજુ થતી પ્રશસ્તિઓ કે બધાં મંતવ્યોમાં અમે અનુમત છીએ એમ કોઇ ન માને. 'કુમાર'ના પ્રેમીઓ 'કુમાર' વિષે શું ધારે છે તે રજૂ કરવા પુરતો જ તેનો ઉદ્દેશ છે.]

■ વિદ્યા અને કેળવણીને નામે આપણા દેશમાં જે મોટો વહીવટ ડોળાઈ રહ્યો છે તેનો ક્યાસ કાઢવાની જાણે કોઇને ફુરસદ ન હોય તેમ પૂરનાં પૂર તેનાં ચોપડે નામ પડાવવા ઉલટી રહ્યાં દેખાય છે. નફો કઇ બાજુ છે તેનો ઝીણવટભર્યો હિસાબ લેવાની યે વિદ્વાનો, અમલદારો કે શેઠિયાઓને પડી નથી; છતાં વિદ્યા અને કેળવણીની બજારમાં થતા ભાવતોલની અસર તો આખા દેશમાં ઉઘાડી જ દેખાય છે.

અમારા વડીલો મોટા થોભિયા કે લાંબી મૂછોને વળ દેતા અમને ટાણો માર્યાં કરે છે કે તમે ભણીગણીને શું ઉકાળો છો ? અમે ભાંગુંતૂટું અંગ્રેજી શીખીને નોકરી પર લાગી ગયા હતા; આજ પાંચસો કે આઠસોનું પેન્શન ભોગવીએ છીએ; તમારા કરતાં હજુ સરસ તંદુરસ્તી ભોગવીએ છીએ અને હજી પાંચ કલાક ઑફિસનું કામ કરીએ કે બે ચાર ગાઉ ચાલી નાખીએ. જુઓ ચશ્મા વિના વાંચી બતાવીએ.

અમે ભણતા ત્યારે તમારા જેવો કપડાંલત્તાંનો ખર્ચ નહોતો. એકબે ચોપડીઓ જ ખરીદવી પડતી, અને તે પણ પછી બીજાં ચાર પાંચ વર્ષ સુધી બીજાને કામ આવતી. પેન્સિલો પેનો કે નોટબુકોનું આટલું ખર્ચ નહોતું અમને દવાઓકે વસાણાંની જરૂર નહોતી પડતી. ચા, દૂધ, આઈસક્રીમ, સાઇકલ કે સીનેમાના અમને શોખ નહોતા; છતાં અમે કંઈ નીરસ કે સુક્કા નહોતા. અમે લ્હેર કરી છે તેવી તમારા નસીબમાં હવે નથી. અમે નાતો જમતા, પેટપૂર ઝાપટી શકતા. રજામાં સગાંઓને ઘેર ગામડાંમાં જઇ નદી કાંઠે, આંબાની છાયા નીચે કે ટેકરીઓ પર મ્હાલતા ને ગામડાંનાં સગાંવહાલાં જોડે અંતરની પ્રીતના લ્હાવા લેતા. તમે આજ કુદરત માત્ર ચિત્રોમાં અને સીનેમાના પડદા પર જુઓ છો ને કવિતાની શબ્દજાળમાં રાચો છો; અમે તો દુનિયાનાં ખરેખરાં સુખદુખ જોવા પામ્યાં છીએ. જીવનનાં દર્દો અને ખરાં ચિત્રોથી અમારી કલ્પના સજીવ છે; અમારાં હૃદય સજળ છે. અમે અમારા માબાપને ઘરનાં કામકાજોમાં હાથ હથિયાર જેવા ઉપયોગી થતા. ઘરની કરકસર પ્રમાણે ખર્ચ કરતા, છતાં કદી ખાસ દુ:ખી થયા એવું યાદ નથી.

■ આવી હજુ જીવતી ઊભેલી ધોળા વાળની પીઢ પેઢી સામે દર સાલ હજારોની સંખ્યામાં મૅટ્રિક કે ગ્રૅજ્યુએટ થતા મોટા જંતુસમુદાયની કલ્પના કરો. કલ્પના શા માટે ? ઘેરઘરમાં બંને પેઢીના નમૂના મોજૂદ હશે. બંને વિદ્યા-કેળવણી નામે ચીવટ કરતા દેખાય છે. એક પેઢીએ વિદ્યાનું કામપૂરતું પોટલું બાંધી જીવનપ્રવાસ ખેડયો; બીજીએ જોઇએ તે કરતાં વધુ ભાર ખેંચી પ્રવાસના આરંભમાં જ શક્તિ અને સાધન અધૂરાં-ઓછાં કરી નાખ્યાં, શરીર સંપત્તિ ગુમાવી અને રકમો ઉધારી. પેલી કકડધસ પેઢીના આ વામન વંશવારસો નથી બુદ્ધિનાં મેદાનોમાં સરદારી લઇ શકતા કે નથી વિજ્ઞાનનાં બળોને સિદ્ધ કરી દેશના પદાર્થોમાંથી આબાદી જમાવી શકતા. લાખોની સંખ્યામાં ભણેલાઓ માત્ર નોકરી કરે છે. કૉલેજના પ્રોફેસરો કે શિક્ષકો બની પરદેશી સામાન વાપરતાં શીખવે છે; પણ દેશની ચીજોમાંથી નભી જવાની તરકીબ શોધી શકતા નથી. અર્થશાસ્ત્ર ભણેલા કે વિજ્ઞાનની ચાવીઓ જાણનારા કેટલાએ પ્રજાને તેમના દુર્વ્યય કે ઉડાઉગીરી પર ચેતવણી આપી ? કેટલાએ તેમના કાચા કે વધુપડતા માલ કે પદાર્થોનો સદ્વ્યય સૂચવ્યો ? એમણે જૂની પેઢી સામે પોતાનો હિસાબ રજુ કરવો જોઇએ. એમના પ્રતાપે દેશમાં શી શક્તિ, આબાદી કે સમૃદ્ધિ વધી છે ?

એમનો સાધારણ હિસાબ લઇએ તો એમણે જ કેળવણી ને વિદ્યાને નામે ગરીબ તવંગરના ભેદ પાડયા; ગામડીઓ ને કેળવાએલા એ કૃત્રિમ વર્ગો એમનેજ લીધે ઠર્યા; શહેર ને ગામડાંના સગાંઓ વચ્ચે અંતર પડયું ખોટી સમાજરહેણી ને શિષ્ટાચાર ઉત્પન્ન થયાં; સ્વતુષ્ટિ અને સ્વાર્થપરાયણ જીવનના નમૂના એ મોટા પગારો પર નભતા વિદ્વાનો ને અમલદારોમાંથી જ વધુ મળશે.

પોતાનાં જ સુખ સગવડ નક્કી કરી દુનિયાનું ગમે તે થવા દેવું એ આજના સભ્ય સમાજની સાધારણ નીતિ બની ગઇ છે. આજની કેળવણીનું એ સીધું પરિણામ છે. યુરોપની ચમત્કારિક કાર્યશક્તિ તથા ક્ષમતાને બદલે નકલી રૂવાબ અને ખર્ચાળ જીવન આપણને હિલાવે છે, અને આપણા બંધુઓનો સાથ કરવા દેતાં નથી અક્ષરજ્ઞાન કે પુસ્તકો વાંચી કાઢવાની શક્તિને વિદ્યા કે કેળવણી માની બેસવાની ભૂલ આપણે ક્યાં સુધી નિભાવીશું? આપણામાંના દરેક જણ સામે આ પ્રશ્ન રજૂ થાય છે. દરેક જણ તેનો ઉકેલ કાઢવા પ્રયત્ન કરીએ.

'કુમાર'ના વાચકો જાણીને હર્ષ પામશે કે કુમાર કાર્યાલયના અંગભૂત યુવાન ચિત્રકાર ભાઇ રસિકલાલ પરીખ મુંબાઇની સરકારી ચિત્રશાળાના છેવટની ડિપ્લોમાની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ પદે આવ્યા છે અને સર્વોત્તમગુણ માટે સુવર્ણચંદ્રક પામ્યા છે. ગુજરાતમાં કલાદેવીનાં પનોતાં પગલાં થઇ ચૂક્યાં છે એ વિશે હવે શંકા નથી.

નેપથ્યમાંથી

• પૃથ્વી •

કવિ, ગ્રથક, ચિત્રકાર બનવા જતાં આપવો
પડે લગીર ભોગ જો સરળ માનવીભાવનો,
જલાવી દઉં એ બધાં કવિપણાં, કલા, પ્રેરણા,
મનુષ્ય બનીને રહું અધિક એથી ના વાંછના.

શ્રી રતિલાલ શુકલ (ના, હવે તો રામપ્રસાદ શુકલ; કેમકે પોતાનું નામ ફેરવ્યાના ને હવેથી એ પ્રમાણે રાખવાના ખબર એમણે સૌ તંત્રીઓને આપ્યા છે)નું ઉપરનું મુક્તક સબળ ચોટવાળું છે તેટલું જ સરળ અર્થવાળું છે. કવિ, ગ્રંથકાર કે ચિત્રકાર બનવા જતાં સ્વાભાવિક માનવતાનો જરાકે ભોગ આપવો પડતો હોય તો એ કવિપણાં, કલા ને પ્રેરણા બધું સળગાવી દઉં, ને હું તો સાચો માનવી બનીને જ રહું. મનુષ્યત્વ પહેલું; બીજું બધું પછી. કલા કે કવન જીવનને ભોગે નહિ.

કલાના કેટલાક પૂજકોનો એક બીજો સિદ્ધાંત છે: 'કલાને ખાતર કલા.' એની ચર્ચામાં અહીં નહિ ઊતરીએ. પણ આજનો યુગ તો 'જીવન'ની કિંમત પ્રમાણતો થયો છે. કાવ્ય કે કલા એ જીવનનું સ્વાભાવિક પરિણામ હોય; તેમાં જીવનનો ધબકાર હોય. એક મુરબ્બીએ એક વાર ઉપમા આપેલી તેમ, નળનું પાણી બંધ થઇ ગયું હોય ત્યારે ચકલી ઉઘાડતાં તેમાંથી પાણીને બદલે જે ખાલી અવાજ આવે છે, તેવો પોકળ અવાજ જે કાવ્ય કે કલાનાં હોય તે ખરી કલા નથી. કલામાં તો જીવનનો સાચો પ્રવાહ વહેતો હોવો જોઇએ.

આ જ કારણે, કે કોણ જાણે શાથી, પણ ઘણાં સુંદર કાવ્યો હમણાં સર્જાતાં છતાં ને તેનો સારો જેવો જથ્થો પાસે હોવા છતાં, આ અંકમાં હિમાલયનાં સાહસોનું જીવનથી ધબકતા બયાનનું કાવ્ય એટલું પ્રબળ બની ગયું છે કે કાવ્યકલાને માટે અગ્રપૃષ્ઠ સિવાય બીજે ભાગ્યેજ સ્થલાવકાશ રહ્યો છે. શ્રી શુક્લનું એ કાવ્ય 'વંચના' પણ એમની સ્વાભાવિક સબળ સરળતાભર્યું છે. વિચાર પણ નવો જ, કોઇએ ન કર્યું હોય એવા આત્મપરીક્ષણનો છે: બલિદાન આપનારાઓની અને વીર પુરુષોની બધે પ્રશંસા થાય છે અને જરા પણ હૃદય ખચકયા વિના કે મન મોળું પડયા વિના અપાતા એમના સ્વાર્પણની ધન્યતા ગવાય છે. પણ, કવિ કહે છે કે, એ બધી મિથ્યા કલ્પના છે. પ્રેય અને શ્રેય એવા જગતના બે માર્ગમાંથી કોઇ પોતાના હિતને માટે શ્રેય સ્વીકારે અને એમ કરવા જતાં એને કાંઈ ખમવું પડે એમાં વળી બલિ ને સ્વાર્પણ શાં? એવાં દુ:ખ સહન કરતાં સૌ પોતાનો જ વિકાસ સાધે છે, જીવનસિદ્ધિ વરે છે અને અંતરમાં રિદ્ધિ ભરે છે; ને એમ એનો પરમ સ્વાર્થ ફળે છે, એમાં મોટી ધન્યતા શી? એને તે બલિદાન ગણવું કે અનુપમ લાભ? અને પછી સૉનેટની છેલ્લી બે લીટીમાં કહે છે કે હું યે જોકે એ શ્રેય માર્ગ જ લેવાનો; પણ આવી આત્મવંચના કરવાનો નહિ: એ ભ્રમમૂલક, વંચનાકારી 'બલિ' શબ્દનું જ બલિદાન દઇ દેવાનો.

છેલ્લા ત્રણ અંકથી 'કુમાર'માં એવરેસ્ટના આરોહણની સાહસકથા આવે છે. તેમાં એ શિખરના નામને માટે લેખકે 'ઉમાશિખર' શબ્દ યોજ્યો છે. ઘણાખરા એવરેસ્ટને ગૌરીશંકર કહે છે; પણ તે નરી ભૂલ છે. નિશાળની ભૂગોળોમાં 'ગૌરીશંકર અથવા એવરેસ્ટ' ઠોકી બેસાડાયું છે અને પરંપરાથી તે ગોખાવાતું આવ્યું છે તેને લીધે આજે ઘણાં શિષ્ટ પત્રો પણ એ ભૂલ કરે છે. ખરી રીતે ગૌરીશંકર શિખર જુદું જ છે. તે એવરેસ્ટથી પશ્ચિમે સોએક માઈલ દૂર નીચાણમાં આવ્યું છે અને તેની ઊંચાઈ માત્ર ૨૩,૪૪૦ ફીટ છે; જ્યારે એવરેસ્ટ ૨૯,૦૦૨ ફીટ ઊંચું છે. આ અંકમાં આપેલા નકશામાંથી એ વાત સ્પષ્ટ જોઇ તથા સમજી શકાશે. **ઈ.ત.**

આ અંકનું મુખચિત્ર 'દાદાનો લાડકવાયો' ચીતરનાર શ્રીયુત ભુવન દિલ્હીના એક ખાનદાન કુટુંબના નબીરા છે. ૧૯૩૧માં ગ્રેજ્યુએટ થઇને સુપ્રસિદ્ધ કલાકાર શ્રી શારદાચરણ યુકીલ પાસે એમણે ચિત્રકળાની તાલીમ શરૂ કરી અને ટૂંક મુદ્દતમાં જ આટલી સિદ્ધિ મેળવી. ગઇ સાલ જ તેમને મ્હૈસુરના દશરા ચિત્રપ્રદર્શનમાંથી તેમના બુદ્ધ-પરીક્ષાના ચિત્ર માટે સર્વોત્તમ કૃતિનો 'સિલ્વર કપ' મળ્યો છે. હજુ આ યુવાન કલાકાર M.A.ની પરીક્ષા માટે ઇતિહાસવિશારદ થવા મથી રહ્યા છે.

પન્નો સોની

દશ્ય પહેલું

[સમય : ઉનાળાની એક સવાર.
ગામડાના એક વાણિયાના ઘરની–અને દુકાનની પણ–ખડકી. સામે ચોપાડમાંના બારણાની આરપાર જોતાં અંદર ત્રણેક ખંડ હોય એમ લાગે છે. ચોપાડને એક ખૂણે લાકડાની કમ્મરઊંચી પાટ છે. બારણા અને પાટની વચ્ચે શેઠને બેસવાના, શાહીના ડાઘાથી કાળા પડેલા કોથળાના એક આસન ઉપર ભીંતને અઢેલીને તકિયો પડેલો છે. એની આસપાસ પિત્તળનો, ઘસીને સોના જેવો ચકચકતો કરેલો ઘાટદાર મોટો ખડિયો, એની સાથે દોરીથી બાંધેલી કલમો રાખવાની વાંસની રંગીન ભૂંગળી, અને ચામડાના રાતા પૂંઠાંવાળા ચોપડાનો થોકડો દેખાય છે.



વાણિયાનું હૃદય ને ગરીબની આબરૂ જે વડે જોખાયાં તે સત્યાશી ભારનાં કડલાં

પડદો ઊપડે છે એ વખતે દલુચંદ શેઠનાં બીજી વારનાં વહુ શકરીબાઈ આંગણામાં ઘઉં તડકે નાખતાં હોય છે. અંગે કાળું છાયલ ઓઢેલું છે એટલે પીઢ લાગે છે; નહિ તો, પચીસેક વરસની ઉમર હશે તો ય, વરતાઇ નહિ આવવાથી કોઇને પ્રથમ દૃષ્ટિએ તો શેઠની લડાવેલી દીકરી જેવાં લાગે. હાથે દાંતની પહોળી ચીપો પર સોનાની ખોલ મઢાવેલી છે, તે તડકામાં ચકચકે છે. પગે રમઝોડ છે, તેની ઘૂઘરીઓ તે હાલે છે ત્યારે વાગે છે.

પાટ ઉપર પચાસેક વરસના સુખદેવ મહારાજ પંચિયાની ઝૂલતી આરામખુરશી કરી બેઠા છે. કપાળે ચંદનની આડ છે. ડીલ ઉઘાડું છે.]

સુખદેવ: ત્યારે શકરીભાભી! તમે એક ગુમાસ્તો રખાવતાં હો તો? આ બધું કામ તમારે હોય?

શકરી: તમે કહો છો, સુખાભાઈ, પણ એ તે કંઇ મારી હાથની વાત ઓછી છે?

સુખદેવ: એ તો આગલાં જમનાબાઇ પણ બિચારાં આ દુકાનના કામથી જ ભાંગેલ થઇ ગયાં! શહેરમાં આટલી પૂંજી હોય તો માણસ મોટર ફેરવે મોટર!

શકરી: અરે! આ ઘોડાની લાદ તો મહેમાનોના કામમાં ત્રણ દિવસથી વાળ્યા વિનાની જ પડી છે એની વાત કરોને! ઠીક સાંભરી આવ્યું!

સુખદેવ: મને તો થાય છે કે દલુ વાણિયો આ પચાસ હજાર ઉપર સાપ થશે!

શકરી: (ઠપકાભર્યે મોઢે) શું તમે યે?

સુખદેવ: તે તમને ય આ ઘરનો ઉંબરો ઓળંગ્યે પૂરાં સાત વરસ થયાં, પણ ઘરમાં હજી દાવો થયો નહિ. એ તો ભાઇ, ઘર અમથાં ઊજળાં થતાં હશે? શેર માટી વિના આ દોલતને શું કરશે? છોકરા માટે તો લોક મોટા મોટા મહારુદ્ર રચે છે. આમનાથી તો ગામને બારણે નથી ધર્મશાળા બંધાવાતી, કે મંદિરનો જીર્ણોદ્ધાર સરખો ય થતો નથી! અલ્યા, બીજું તો કંઇ નહિ, પણ ઘરના માણસને તો જરા જંપીને બેસવા દે ને?

શકરી: જે જેના કરમના લેખ! અત્યારે કામ કરીએ છીએ તો ઘૈડપણમાં નિરાંતે રોટલો પામશું.

સુખદેવ: એ તો આપણા ઠાકોરશા'બ કહે છે એ જ સાચું છે: 'ડાહી માના દીકરાની જાત જ એવી! ધનવાન કે ભિખારી જણાય જ નહિ. આખો અવતાર વૈતરું કૂટયાં કરે! . . . . . તે, મહેમાનને મૂકવા જવામાં આટલી વાર શેની? કેમ હજી ન આવ્યા? કાંઇ લાગ હશે!

શકરી: રામ જાણે, સુરપરમાં આંટોફેરો ખાવા ગયા હોય તો!

[ખડકી ઉઘાડીને એક ઠાકરડી–હેતીબાઇ–પાંત્રીસેકની ઉમરની, માથે ટોપલી મૂકીને પ્રવેશે છે. એણે કાળી 'કેણુશાઇ' ઓઢેલી છે. ઘેરવાળો છીંટનો ઘાઘરો પગની ઘૂંટી લગણ ઝૂલે છે. એની પાછળ દેખાય ન દેખાય એમ રૂપાનાં કડલાં છે. હાથે કાચલીનાં બલૈયાં છે.]

શકરી: આવો હેતીભાભી!

હેતી: ઉતારજો !

[શકરી ટોપલી ઉતારે છે. ઉપર ધોળું લૂગડું ઢાંકેલું છે.]

સુખદેવ: શું છે ?

શકરી: (સુખદેવને) હશે કંઇ ધાનબાન ! (હેતીને) તમારે ઘઉં હતા, ઓણુ ?

હેતી: ઘઉં તો બા ! પૂરા સાત વીસો મણ ઉપર હતા; પણ હિમ ને ગેરૂ . . . . . .

સુખદેવ: ઓણુના જેવું લક્કડહિમ મારા અનુભવમાં નથી !

હેતી: એ ઘઉં તો ગ્યા, પણ અત્તારે ઘરમાં મકાઇનો ય કણ સરખો નથી. પાછોતરો ચેણો હતો તે ય ખાઇ પરવાર્યાં. આ ભાદરવાની મકાઇ પાકે ત્યાં લગી હવા ખાઇને જીવીએ તો દિવાળી દેખશું, બાપ ! કે પછી (શકરી તરફ હાથ લંબાવી) આવાં સરખાંની મહેરબાનીથી !

સુખદેવ: ઘણું કાઠું વરસ છે !

[વાણિયણ કપડું ખસેડી ટોપલામાં જુએ છે.]

શકરી: (હરખ દબાવી) પણ ઓણુસાલ આંબારાયણને ધરતીમાએ ઠીક કસ દીધો !

સુખદેવ: (પગે બાંધેલું આરામ ખુરશીનું પંચિયું ઢીલું કરી ઊઠવા કરતા) કેરી છે ?

હેતી: આ તો અમારે ફક્ત એક પીંપળીવાળો આંબો જ આ વખત તો આવેલો. કાલે દલચન શેઠના સમાચાર આવ્યા કે ઘેર પરોણા છે; એટલે એમણે મને કહ્યું કે, આપણી કેરીનાં ક્યાંથી ભાયગ કે શેઠના મેમાનને મોઢે જાય ! છોકરાં તો ખાશે જ તો આખું આયખું !

શકરી: ઠીક છે એ તો !

સુખદેવ: જોયું ? અમારા જેવાને કેરીનું મોઢું ભાળવા મળતું નથી, ત્યારે તમને ભર્યા ટોપલાની તમા પણ છે ?! ઠાકોરશા' બરોબર જ કહે છે કે 'મારે ઘેર તો આ એક ગામ છે, પણ દલુચંદ શેઠને ત્યાં આ ગામ ફરતાં બાર ગામ દૂઝે છે !' તમે તો ઠાકોરના ય ઠાકોર !

શકરી: (લજ્જાથી નીચું જોઇ) તે ઠાકોરશા'ને અમારી–અમારા ઘરની જ વાત આખો દહાડો ઉકલે છે તો !

સુખદેવ: ઠાકોરશા'ને તમારી એટલી અદેખાઇ હશે !

[હસે છે]

શકરી: જાઓ, જાઓ ! . . . . . એમ તો મને પણ આખી દુનિયાની અદેખાઇ આવે છે, શું કરૂં ?

હેતી: એ તો બાપ, રામજી સૌ રૂડાં વાનાં કરશે !

સુખદેવ: આ હેતીબાઇની પણ તમને અદેખાઈ ખરી ? . . . . હેતીબાઇ, તમારે કાંઇ છૈયાંછાબર ?

હેતી: રામજીના આલેલા ચાર દીકરા ને પરણાવેલી એક દીકરી છે ! પણ માબાપ, અમારા કરમની ઇરખા કેવી ?! દૂધિયા દીકરા મારાને ધાન વિના દિવાળી દેખવી પણ મશકેલ છે ! બિચારાં ક્યાં મારે પેટ . . . .

શકરી: ઈશ્વરને ઘેર પણ ન્યાય છે કાંઇ ?

સુખદેવ: આમને ખાવાના સાંસા ત્યાં ઘર ભર્યુંભર્યું, અને આ લખપૂંજીનો પાછળ કોઇ રણીધણી નહિ !

હેતી: બાપ, નછોરવાં હોત તો પંડે વેચાઇને ય અવતાર કાઢત. આ જંજાળનું તો, પેટે પાણો બાંધીને તૂટી મરીએ છીએ તો ય, પૂરૂં થતું નથી !

શકરી: દુઃખ વનાનું દુનિયામાં કોઇ હશે ?!

હેતી: દખનો તો આરો નથી બા ! . . . . . આ ટોપલી ખાલી કરી લ્યો, ને બે મણેક મકાઇ જોખી આલો, એટલે વેળાચ્છતી ઘેર પોકી જાઉં. છોકરાં તો મૂઆં આખું ઘર ગજાવતાં હશે !

સુખદેવ: (શકરી વિચારમાં પડે છે તેને) શકરી ભાભી ! બિચારી હેતીબાઈ બહુ ભલું માણસ છે ! એનાં છોકરાંનો જીવ ઠરશે તો તમને પુન્ય થશે.

શકરી: છેવટે પારકાં છોકરાં જ રાજી કરવાનાં છેને ?

સુખદેવ: તમારે ક્યાં આને મફત ધાન આપવું છે ?

હેતી: બાપ, ભાદરવે મકાઇ કોઠીમાં ય નહિ માય; ખાધી ખૂટશે ય નહિ. અત્યારે કણે નથી ! પળની વાત છે !

શકરી: એ, પણ હેતીભાભી, મારાથી કોઇને પૂછ્યાગાછ્યા વના ધાન અપાય નહિ. સાંજે આવીને લઇ જજો ! કે થોડીવાર બેસો; આવતા હશે.

હેતી: ઈમાં કયો મોટો રકમનો આંકડો હતો તે વળી શેઠની વાટ જોવા રહેવું'તું ? અમારે તો તમારૂં ખાતું ત્રણ ત્રણ પેઢીથી, વીરા ખાંટના વારાથી ચાલ્યું આવે છે. ક્યાં આજે નવાઈ છે ?

સુખદેવ: હવે કોઠીમાં સડતું હશે, ત્યારે જોખી આપ્યું.

શકરી: વધારે તો પછી લઇ જજો. મણેક ચાલતોડી કરી આપું વળી ! અંદર ગુંજારમાંથી ભરી લાવો.

[હેતીબાઇ અંદર જાય છે.]

પણ એમને ખબર પડશે તો મને ધરતી પર ઊભી



સુખદેવ

નહિ રહેવા દે!

સુખદેવ: એ તો નામ એમનું ને . . . .

[ખડકી ખુલે છે ને દલુચંદ શેઠ પ્રવેશે છે. બેઠી દડી, ટૂંકી ગરદન ને ઊંડી આંખ. નાનીશી ફાંદના ગોળાવ ઉપર લાંબો ગળા સુધી બટનવાળો કોટ ઝૂલે છે. ખભે ઉપરણો છે. માથે પાઘડી, કપાળમાં અંગ્રેજી 'યૂ' આકારનું તિલક અને પગમાં જૂના દેશી જોડા છે.]

દલુચંદ: શેનાં નામ ને શેનાં કામ આદર્યાં છે?

[શકરીબાઇ સાળુ સંકોરે છે. જોડા ઉતારી દલુચંદ તકિયાને અઢેલીને બેસે છે. પછી પાઘડી કોરે મૂકી હાથ વડે કપાળ લૂછે છે ને મોઢેથી સ્ચસ્યૂ હૂહૂ . . . એવા અવાજથી હવા બહાર ફૂંકે છે.]

સુખદેવ: (પંચિયાની આરામખુરશી તંગ કરી ઝૂલતા ઝૂલતા) એ તો હું જોઉં છું, કે શેઠ કરતાં શેઠાણી વળી વધારે પહોંચેલાં છે!

દલુચંદ: (બાજુએ જોતા) છે શું તે?

સુખદેવ: એ તો શકરીભાભી પેલી બિચારી હેતીબાઇ મકાઇ લેવા આવી છે એને તમારો દમ ભીડાવે છે એની વાત!

દલુચંદ: (શકરી તરફ) મકાઇ જોખી આપી? (ટોપલી નજરે પડતાં) શેની છે ટોપલી?



શકરીબાઇ

[મકાઇનું તગારું ભરી હેતીબાઇ અંદરથી આવે છે અને ઓસરીમાં બારણા આગળ જમીન પર ઠાલવે છે. છેલ્લું વાક્ય સાંભળી જતાં]

હેતી: (વહાલી થવા) એ તો કાલે ઈયાંણે (એમણે) કહ્યું કે દલચન શેઠને ત્યાં મેમાન આયા છે તે આટલી કેરી લેતી જા!

સુખદેવ: મેમાનને નામે તમારે પંદર દનની કેરી આવી, શેઠ! ઠાકોરશા'ને કથને: 'રજપૂતને ઘેર એક દહાડો મેમાન રહે તો દસ દનની ખોરાકી ખૂટાડતો જાય, ને વાણિયાને ત્યાં આવે તો દસ દનની ખોરાકી વધારતો જાય!'

શકરી: (હસીને) હવે વારેઘડી વચ્ચે ઠાકોરશા'ને લાવવા છોડોને!

હેતી: એ શું બોલ્યા? શેઠના મેમાન તે અમારે તો માથાના મૉડ બરોબર છે તો!

દલુચંદ: એ ભા, પણ તમારી કેરી પાછાં લેતાં જજો! મેગાન ઘેર પોકવા થયા ત્યારે કેરી લઇને આવ્યાં! એમના પેટમાં કયાં પાછળ દોડીને ઘાલવા જાઉં? . . . . સુખદેવભાઈ, તમે કહો છો પણ આ વખતે મેમાનગીરીમાં મારી શી લોલણી લૂંટાણી છે?! ગામનાં ઢોર છૂટે ત્યાં સુધીમાં પણ ચા જેટલું દૂધ કોઇ કનેથી ન મળે! આ બાપદાદાની દોલત વેરીપાથરીને બેઠા છીએ તે ઘરની આબરૂ ખોવા?

હેતી: તમારા સમાચાર જ કાલ મળ્યા! પ'મદા'ડે હું મકાઇ લેવા આબ્બાની હતી, તે આવી હોત તો ખબર પડત, ને સાંજરે ને સાંજરે તમારે જેવી હોત એવી કેરી પોકતી કરત!

દલુચંદ: લેવા આવવામાં તો સૌ શૂરાંપૂરાં છે.

હેતી: (ઓછું આવતાં) દલચન શેઠ, કોઠીમાં કણે ન હોય ત્યારે તમારે આંગણે ઊભાં રહીએ છીએ. આજ ત્રણ પેઢીથી વીરા ખાંટના હાથનું માંડેલું અમારું ખાતું ચાલે છે! આ હમણાંનાં કગજગનાં વરસ કાઢાં નીકળે છે, નકર અમારે ખેતરે એક મીઠા સિવાય બધું પાકતું!

દલુચંદ: (બે હાથથી નકારનો અભિનય કરતાં) ના ભાઈ, આપણે હવે તમારું ખાતું પાલવે એમ નથી. તમારા નામની કોઠીઓ ભાંગી નાખશું. ઉપાડ કર્યો છે ત્યારે, સખાભાઈ, ડુંગર જેવડો, અને ભરવાને નામે મીંડું!

હેતી: શેઠ, મારે પેટ તો આ દીકરીનો પહેલો અવસર જ ને? ઘઉં પાર ઊતર્યા હોત તો ઇના લગનનો ઉપાડ તો વાળી દેત પલકમાં!

દલુચંદ: એ, હિમ પડ્યું એમાં હું શું કરું?

હેતી: અમારા આયખામાં જ હિમ પડેલું છે! તમે શું કરો?

દલુચંદ: મેં તો ઘઉંના ખળાને વાયદે ધીરધાર કરી'તી. તમારાથી દોકડાનું ય ભરાયું નથી. હવે તમને ધાર ધીર કરીને મારે ડૂબવું નથી.

હેતી: ઓણુની સાલ રહેમ નજર રાખો!

દલુચંદ: મેં તો કહ્યું'તું કે શેરડીનો વાવલો કરજો. પણ ઘઉંની કોઠીઓ ભરવી'તી. તે કણે પામ્યાં? હજી ય ચેતજો તો કાંઇ વ્યાજબાજે દેખવા મળે!

હેતી: (અંદર તગારૂં લઇને જતાં) હવે કાંઇ વગર ખાધે જીવવાનાં હતાં? (ફિક્કું હસવા કરે છે.)

દલુચંદ: (શકરીને) એક કણે હવે આપ્યો છે તો એ ધણીને બારણેથી ગયો એમ સમજજે! એમાં કશો માલ નથી. (હેતી તરફ) વાણિયાના ઘરમાં અનાજ ઉપરથી ઊતરી આવતું નથી!

સુખદેવ: આ વરસ જ સૌને એવું છે! શનિની દષ્ટિ વક્ર છે, મંગળ . . . . . .

દલુચંદ: (વચ્ચે) અરે આ વેપારમાં જ કાંઇ કસ નથી! ખાવી ધૂળ ને મહીં કાંટા!! આ અમારે મેમાન નાનચંદ શેઠ આવ્યા'તા એ ઘેર બેઠાં કાપડની દુકાનમાંથી ખાસ્સો રોટલો કાઢે છે. આ તો ભીલમલકમાં આવી પડ્યા, ને . . . . .

હેતી: (અમળાતી) શેઠ, મને મકાઇ આલ્યા વના ચાલે તેમ નથી. મારા ઘરની દશાની તમને ગમ નથી!

દલુચંદ: અમારે કોઠીઓ ઊભરાઇ જતી નથી તો!

હેતી: દલચન શેઠ, મારે કાલ રાતના મેમાન આયેલા છે એટલે આટલું કહું છું. દીકરીને આણે વેવાઇ આયા છે. (લાચારીથી) અત્યારે કાંઇ લઇ જઇશ તો લાજ રહેશે. આ તમારી આગળ ઘરના ગણીને ભરમ છોડીને હતી તે વાત કહી!

[દયામણે મોઢે જવાબની રાહ જુએ છે.]

દલુચંદ: (વધારે ખેંચતા) જુઓ, હેતીભાભી, દીકરીના લગન વખતે રૂપા ખાંટે મોઢું બતાવ્યું છે એ બતાવ્યું. પછી વળતા દેખાયા નથી. આ . . . કોઠીઓ સુધાં દેખાયાં એટલે પાછાં વળી ચાર કેરીઓ સમ ખાવા લેતાં આવ્યાં. બાકી ગરજ મટી એટલે ઘાંચીના બળદને ઘાડ પડજો વાળી વાત છે!

હેતી: આજકાલ તો કૂવા પર જંકસન કામ ચાલે છે. આદમી તો કોઇ ઘડી યે નવરા પડતા નથી!

દલુચંદ: (કૃત્રિમ આવેશથી) એ, ત્યારે અમે ય નવરા નથી. શું જોઇને રૂપા ખાંટ જેવડો પિસ્તાળીસ વરસનો આદમી કાંઇ ભરવા કરવાની દાનત વગર બૈરાંને વાણિયાને ઘેર ધાન લેવા મોકલતો હશે?


હેતીબાઇ

હેતી: આજ તો શેઠ, વેવાઈ ને એ ય આયેલા છે, એટલે ઇમની સંગાથે ઘડી બેસઊઠમાં ય . . . .

દલુચંદ: આ આમને મોટા મેમાન ઊતરી આવ્યા છે તે! . . . શું મોઢું લઇને મારી આગળ આવે? અખાત્રીજ ક્યારની ય ગઈ, પણ હજી તો હિસાબ કરાવ્યો નથી. (શકરી તરફ) મકાઇ પાછી નાખી આવ.

[શકરી મકાઈ ભરી લેવા બેસે છે. હેતીબાઇ છોભીલાં પડી બારણા પાસે બેસે છે.]

હેતી: આટલો વખત મને બે મણ કરી આપો ચાલતોડી. પારકા માટે ભીખ માગું છું, ઇમ ગણજો. હવેની વખત ઇંયાંને મોકલીશ, ને પછી તમે જાણો ને એ જાણે!

દલુચંદ: (બિલકુલ ઠંડી રીતે) એક કણે કયાં છે?

[માથાની તાલ પર હાથ ફેરવે છે.]

હેતી: (દુ:ખથી) દલચન શેઠ, તદ્દન આમ શું ઘરબારણું પારખ્યા વના એક નન્નો જ પકડી રાખો છો? (સ્વમાનના આવેશમાં) પેલા તખતા ખાંટને માથે અમારા કરતાં દોઢું દેવું હશે તો ય કાલે આવીને સૂજીબાઇ મકાઇની ગાંસડી બાંધી ગ્યાં! અમે તે શું સાવ . . .


દલુચંદ

દલુચંદ: એ,

તમારે કોઇની વાત કરવાની નથી. એને તો ચાર છોકરા છે! કાલે . . . . .

હેતીઃ મારે ય ચાર છોકરા છે; કાલ ઊઠીને . . . .

દલુચંદઃ (વચ્ચેથી હસી પડીને) જુઓ સખાભાઇ, કહો છોને, માણસ પડ્યાં નથી? (હેતી તરફ) તખતાનો મોટો દીકરો તો ભણે છે, તે કોક દા'ડો મામલતદાર થાય તો બધું વળતર એકી આંકડે વાળી આપે! અલ્યા, પોલીસમાં જાય તો ય, ઉઘરાણીમાં કેવો કામ લાગે?

હેતીઃ શેઠ, મારા દીકરા ય, રામજી સાજા રાખશે તો ધરતી ફોડીને તમારૂં ભરી આપશે! આજનો દન ઉગારી લો! વીરા ખાંટના ઘરની લાજ જશે, એમાં તમારૂં ય ભલું નહિ બોલાય!

સુખદેવઃ (દુઃખી અવાજે) શેઠ, કાંઇ નહિ. તમારે તો સહેજ મન મોકળું મૂકીને ભગવાન ભરોસે આપવું. આવે ટાણે બિચારાં ક્યાં જાય?

દલુચંદઃ તો બિચારો વાણિયો ય શું કરે?

સુખદેવઃ શકરીભાભી લડશે, પણ ઠાકોરશા' વારે-ઘડીએ કહે છે કે: 'દરેક કટમમાં વાણિયો કટમનાં માણસો ભેગો કરમ્યો છે. સૌની જવાબદારી એને શિર. પણ ખોટું એટલું છે કે બધાં મહેનત કૂટી મરે, ને ખાય એ એકલો પંડે!'

શકરીઃ (સુખદેવને) તમારે લોકોને તે કાંઇ બીજો ધંધો છે કે નહિ?

હેતીઃ (દલુચંદને) તમે ડૂબતું ન તારો, ત્યારે અમારૂં કોણ ધણી?

દલુચંદઃ તે અમે ય એમ ને એમ વસાઇ મરીએ, ખરૂં?

હેતીઃ ના બાપુ, મારે ક્યાં મફતનું કશું ખાવું છે? મારો નાનિયો તમારે ત્યાં ગુમાસ્તી કરશે, મહિનો માસ! લો, જોખી આપો. ઘેર ઊંચો જીવ થતો હશે! ઊઠો, મારા સમ!!

દલુચંદઃ (કળીકળે) જુઓ, હેતીબાઇ, તમે સમજુ છો. મારે ગુમાસ્તા વગર તો આખી જિંદગી ચાલ્યું છે. (સુખદેવ તરફ ફરીને) કેમ સખાભાઈ, બોલતા નથી? (સુખદેવ સંકોચ અનુભવે છે ને મર્મમાં શકરી ભણી જુએ છે.) ઠાલો હાથ કંઇ મોઢામાં પેસતો નથી. કેમ ખરૂંને? (હેતીને) આ . . . તમને ખાનગીમાં કહું છું. કાલ સૂજીબાઇ ગાંસડી બાંધી ગયાં, પણ શું મૂકી ગયાં એ માલૂમ છે? સાંજે રૂપા ખાંટને મોકલજો. ડાહ્યા થઇને આવશે તો ખાલી હાથે પાછા નહિ જાય. આમ બૈરાંને મોકલ્યે કાંઇ ન વળે!

હેતીઃ હું ધાન વના જઈશ તો બધાંનો જીવ કપાઇ જશે! શકરીભાભી! ઊઠો, મારા સમ છે તમને. (ખોળો પાથરે છે) આ મારાં છોકરાં છે તે તમારાં ગણજો. પારકાં છોકરાંની આંતરડી ઠારશો, તો ભગવાન તમને ય . . . .! દાન કરતાં'તાં જાણે! લાજ રાખો!

દલુચંદઃ એક દિવસમાં છોકરાં મરી નહિ જાય!

હેતીઃ (સાંભળ્યું ન સાંભળ્યું કરી શકરીને પગે અડે છે.) ઊઠો, તમને માતાજીના સમ છે! (એનાથી રડી શકાતું નથી, અવાજ થથરે છે.)

[હેતીબાઈ પગને સ્પર્શતાં, શકરી મૂંઝાઇને પાછે પગલે ખસી જાય છે, એથી પગની રમઝોડનો ઝમઝમ્ ઝણકાર થાય છે. એ સાંભળી સૌના મન ઉપર કાંઇ ગૂઢ અસર થઈ હોય એમ સૌ ડઘાએલાની માફક જોઇ જ રહે છે. હેતીબાઇ, શકરી ખસતાં શૂન્ય મને એના પગની રમઝોડ સામે તાકી રહે છે. એ વખતે શકરી પણ અચાનક જ હેતીબાઇના પગ તરફ જોવા પ્રેરાય છે. એની બારીક નજરે કડલાં પડે છે.]

શકરીઃ (એનાથી બોલી જવાય છે) ત્યારે હેતી-ભાભી, કડલાં ગિરવે મૂકીને મકાઇ લઇ જાઓ!

સુખદેવઃ વાહ રે! તમને ય કાંઇ પ્રભુના ઘરનો . .?

દલુચંદઃ (પળ સાચવી લેતાં) તે કાંઇ હેતીબાઇની નવાઇ છે? મેં કહ્યું શું, હમણાં? કાલે પેલી—(શકરી તરફ જોઇ) કયા ખાંટની વહુ, એ?—હાંસડી મૂકીને મીઠું લઈ ગઇ! આવા કાઠા વરસમાં એમ ને એમ ધીરીએ તો તો પછી . . . .

હેતીઃ (આંખમાંનાં આંસુ છુપાવવા મથતી કડલાંની ખીલી છોડવા મથે છે.) ઓ રામજી! (ખીલી જોર કરવા છતાં ઊઘડતી નથી. લગભગ સ્વગત) કેટલાં વરસ થયાં? (મથે છે) ઓ રામ! (એક કડલું નીકળતાં છૂટકારાનો દમ ખેંચે છે. બીજાની ખીલી હલતી નથી.)

સુખદેવઃ (સહાનુભૂતિથી) એને કરમે નીકળવાનું નહિ લખ્યું હોય; રહેવા દો!

[પણ દલુચંદ કે શકરીની લૂલી હાલતી નથી. હેતીબાઈ મથે છે, પણ ખીલી ઢીલી પડતી નથી. અચાનક કાંઇ સૂઝી આવ્યું હોય તેમ.]

હેતીઃ પખો સોની દુકાને હશે?

દલુચંદઃ (જાણે ઊંઘમાંથી જાગતો હોય તેમ ઝ-

બકીને ઊંચું જોઇ) કોણ ?

સુખદેવ: હવે શેના સોની, ને શેની વાત!

[શાંતિ પથરાઇ રહે છે. હેતી ચૂપચાપ નીકળેલું કડલું ફરી પહેરી લે છે ને ઊઠીને ચાલતી થાય છે.]

શકરી: (અત્યાર લગી મૂઢની માફક ઊભી રહી હતી તે) રહેવા દો હેતીભાભી! એ તો સહેજ કહેતી'તી; એમાં . . . . ?

હેતી: (પાછું જોયા વિના) વીરા ખાંટના ઘરનું નામ . . . . ? [અદશ્ય થાય છે.]

દલુચંદ: છોને જતાં! ક્યાં આપણે હરામનાં ખાઈ જવાં છે. લઇ જઇને આપશે એમાં કાંઇ હરાય છે?!

સુખદેવ: કેટલાંનાં ઘરેણાં ઓણ પડાવ્યાં? ઠાકોરશા'ની વાત જ બરોબર છે: ખેડુને કરમે તો કુસકા, ને વાણિયાને ઘેર કણ!

શકરી: (છણકો કરીને) તમે જાઓને અહીંથી!

થાકતા ય નથી?!

દલુચંદ: (તકિયાને અઢેલીને સ્હેજ લાંબા થતા, નીચું જોઇ) એ તો સાળાં ફટકાર્યાં જ કામ દે. (વિજયનું સ્મિત હોઠના ખૂણા પર અરધું દબાવી, અરધું ફરકતું રાખી શકરી તરફ) અરે! કાંઇ પાણીબાણી ગરમ હોય તો નાહી લઉં!

શકરી: પાણી તો છે; પણ પેલો પખલો વળી વચ્ચે ધાવટો ન કાઢી લે!

સુખદેવ: (શકરી તરફ) વાહ રે!

દલુચંદ: પાણી તૈયાર કર. (સુખદેવ તરફ) એ પખલાનો ભરોસો નહિ, હો! (કપડાં ઉતારે છે. નીચું મોઢું રાખી) સાંભળે છે કે? આ સુખાભાઇને પેલી કાલવાળીમાંથી ચાર કેરી આપને?

શકરી: (અંદરથી) વારૂ!

દશ્ય બીજું

[સમય: દશ્ય પહેલાના અંત વખતનો.

સોનીની દુકાન. ભઠ્ઠીમાં કંઇ તપાવવા મૂકેલું છે. અંગારા લાલચોળ ઝગે છે. સોનાના માલિકો બીજા છે અને પોતે તો માત્ર ઘડનારો જ છે એવા પ્રત્યેક સોનીના મનમાં સહજ વસતા અસંતોષનો રોષ ભઠ્ઠીના તાપથી સંકોડાતી પખા સોનીની ભમ્મરો પર ફરકે છે. ભીંતે ઓજારો લટકે છે. હેતીબાઇ પ્રવેશે છે એ વખતે, તે એરણ ઉપર કંઇ ટીપતો હોય છે.]

સોની: આવો . . . . . (ઝટ નામ ન સૂઝતાં એની જીભ થથરે છે.)

હેતી: ઓળખ નહિ પડતી હોય? વીરા ખાંટનું ઘર! આ માગશરમાં મારી દીકરી કાજે ઘરેણાં તમારી પાસે જ કરાવી ગ્યા'તા ને?

સોની: (મન સાથે) રૂપા ખાંટનાં ઘરવાળાં! (હેતીબાઇને) આવો! શું નામ?

હેતી: હેતી! આ લગરીક કામ પડ્યું! (જીભ લથડે છે.)

સોની: શું છે? બેલાશક કહો! રૂપા ખાંટને ને અમારે તો ઘરોબો છે. એવો ખાનદાન માણસ છે ક્યાં બીજો?

હેતી: પણ આ સમાના વાણિયા અમારી સાતે પેઢી બોળી નાખવા બેઠા છે!

સોની: વાણિયાનું નામ બાળોને! ને તેમાં તમારો ઘરાક તો પેલો દલ્લુ હશે! ('દલ્લુ' બોલતાં એનું મોઢું મરકે છે.)

હેતી: મણ મકાઇને ગજારે તે, આ . . . નાકલીંટી ખેંચાવે છે.

સોની: (સહાનુભૂતિથી) કેમ?

હેતી: ઘેર વેવાઇ દીકરીને આણે આયેલા છે. કોઠીઓ લૂછીને ઝાટકી પરવાર્યાં! બશેરેક બંટી–કોદરા ભેગાવડા છે, છેલછેલ્લા. પણ વેવાઇ આગળ એ તે શેં મૂકાય? ચાર છૈયાં છેત્તે ઇયાંની ચાંચમાં ય કાંઇ ઘાલવું જો'યે ને? દીકરી તો જશે ઇંનું કરમ સંગાથે લઇને!

સોની: દીકરીના લગન પેટે કાંઇ ભર્યું નહિ હોય, એટલે વાણિયો કાઠું પકડતો હશે!

હેતી; ઘઉંના ખળાને વાયદે ઉપાડ કરેલો. ઘઉં તો શુમાર વનાના હતા, પણ ભગવાને ખાવા નો દીધા! હવે દિવાળી પર કાંક ભરશું. પણ ધંટીને તો આજથી તાવ આવ્યો છે!

સોની: દલ્લુ તો હમણાંનો ફાટચા ખાતે છે. એ સીધો નો ઊતરવાનો!

હેતી: તેથી તો એમણે મને કેરીનો ટોપલો ચડાવીને મોકલી'તી. મેમાનને એકલી કેરી ખવડાવાય? ઢેબરાને બદલે કેરી–સોનાની હોય તો ય કેરી એકલીભાણા આગળ ઓછી મૂકાય છે?

સોની: પણ ટોપલી કેરી તો ક્યાંક વેચી હોત તો ય મકાઇ તો સહેજે મળત!

હેતી: ઘરાક મૂકીને બીજે ક્યાં જવું? શેઠે કેવરાવ્યું'તું કે ઇયાંને મેમાન આયા છે. ઇમના મેમાન તો ગ્યા; પણ મારે ઘેર મેમાન આયા છે, તે ભૂખે મરતા હશે! કેરી પાછી લઇ જવાવાની નથી. છોકરાં તો કેરી કેરી કરતાં ટટળવાનાં જ છે! માથે ટોપલી મૂકીને હવે જાઉં છું એમ ફોસલાવીને આવી છું.

સોની: આવા ખાનદાન ઘર સામું ય લોભિયો જોતો નથી! આખા ગામમાંથી જેટલા નિવારસી મરી ગયા એ બધાંના મોટા મોટા આંકડા કાઢી ઘર ને જમીન એણે કબજે કર્યાં છે. પણ પરમેશ્વરે એને માથાનો મળ્યો છે! આ શકરી આવી છે, પણ એને ય વાંઝિયામેણું લાગ્યું તે લાગ્યું!

હેતી: અરે ભાઇ, શેઠ તો દુનિયામાં બધે એવા કાઠા જીવના હોય; પણ બાઇમાણસ તે ય? મને કહે કે કલ્લાં કાઢીને આલી જાય તો મકાઇ દઇએ! પોતાને તો પગમાં રમઝોડ રૂમઝુમ કરે છે!

સોની: (હેતીના પગ તરફ નજર કરતો, ઉતાવળો) તે તમે કાઢી આપ્યાં?

હેતી: ના! તો અહીં શીદ આવત? આ એકની ખીલી નીકળતી નથી! કાઢી આપો એટલે એને ડાચે વાળું, ને ઝટ ઘરભેગી થાઉં, કાંઈ ધાન આપે તો!

સોની: (ચોંકીને) માર્યા જશો! ફરી કડલાં દેખવા નહિ મળે ને આની ખરી કિંમત હશે તેની અરધી ય ખાતે નહિ માંડે. તમને બાઇ માણસને એમાં સૂઝ ન પડે. રૂપા ખાંટને મોકલજો.

હેતી: (અસહ્ય દુઃખથી) પણ હું વગર ધાને ઘેર જાઉં, ને એ પાછા આવે ને લાવે, એટલામાં તો વેવાઇ આગળ નાક કપાઇ જ જાયને? (ક્ષોભથી) તમે તમારે મને કાઢી આપો! ગમે તેમ થાય; મકાઇ વના પાછા નથી જવું. પંડે વેવાઇને પણ મકાઈ લઇ જવી છે.

સોની: તમારી મરજી! (પગથી કડલું કાઢવા કરે છે.)

હેતી: (પોતાના મનને–કે પછી આખા દુનિયાને –કહેતી હોય તેમ) તો એ શકરી જ આ કડલાં પહેરે ના!... કાલે ટિટલી બાપડી આ મોટી જોડ માગતી'તી!

[કડલું બહાર નીકળે છે. બીજા પગનું પોતે જાતે જ બહાર કાઢે છે. હાથમાં કડલાંની જોડ રાખી તેની સામું ટગરટગર જુએ છે. ભીની આંખે, લગભગ પોતાનેજ–]

ગામમાં કયે પગે ચાલીને ઘર લગણ જઇશ? વેવાઇએ પગમાં કલ્લાં નહિ દીઠાં હોય? વાટમાં પગ ભાગી પડે તો હાશ થાય! ઓ રામ! મોતે વેરી થયું?!

સોની: (કંઇ ન સૂઝતાં) કંઇ નહિ હેતીબાઇ, મોતનો ભરોસો કર્યો સારો, પણ આ વાણિયાનો ...!

હેતી: (વચ્ચે) આ તો કાલ ઊઠીને, પગમાં કલ્લાંકાંબી કાંઈ ન હોય તો બલૈયાંની ખોલો ય ઊતરાવી લે! (મથામથીને આંસુ ખાળે છે.)

સોની: આનો તોલ તો કરાવી રાખો! પછી થાય તે ખરૂં. (કાંટે ચડાવે છે.)

[ત્યાં દલુચંદ શેઠ પંચિયા જેવું ધોતિયું, અંગરખું અને પાઘડી ચડાવી હાંફળાફાંફળા આવે છે. કડલાં કાંટે ચડયાં જોઇ એમની આંખ ઠરડાય છે; પણ તરત ગળી જઇ–]

દલુચંદ: ઠીક કર્યું! . . . મારા મનમાં કે કેમ વાર લાગી? . . . જુઓ હેતીબાઇ, આ પખોભાઇ સાક્ષી, ને એમને હાથે તોલ, એટલે વહેમ ન રહે પાછો!

હેતી: એ શેરનાં હજો કે મણનાં હજો! મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો. હવે હળવી ફૂલ, તરણાને તોલે છું. લગરીક કોઇ ઠિઠિયા કાઢે, તો ય વાયરે ઊડી જાઉં એવી થઇ છું.

[સોની તોળી રહે છે.]

સોની: સત્યાશી ભાર! આ કંઇ જેવાતેવા ઠાકરડાના ઘરની પાતળી ચીપો નથી; ખાનદાન ઘરનાં છે! (દલુચંદ તરફ જુએ છે.)

દલુચંદ: (હેતીને) તોલ યાદ રાખજો!

હેતી: મને શું કામ બોલાવો છો, બાપ! મને ઇમાં ગમ નો પડે. મારૂં તો સત્યાનાશ વળતું રોક્યું એટલા ભારનાં છે મારે મન તો! દુનિયામાં નાકવઢાણું થઇ જાત! . . . . ઊઠો શેઠ, જોખી આપો, કાંક માબાપ!


દલુચંદ: (સોની કડલાં આપે છે તે લેતા) જાઓ તમારી ભાભી કરી આપશે; મેં કહ્યું છે. એ તો તમે હીંડ્યાં આવ્યાં ઉતાવળ કરીને, નહિ તો એ તરત અંદરથી મકાઇ લેવા જ જતી'તી!

[હેતીબાઇ જમીને હાથ ટેકવીને ઊઠે છે ને પગ નીચે ધરતી જાણે હલતી હોય એમ ધ્રૂજતે પગે બારણા તરફ વળે છે.]

(અનુસંધાન આગળ પાન ૧૦૪)

હિમાલય સામે હોડ માંડનાર માનવીઓની સાહસકથા

ઉમાશિખર એવરેસ્ટ નું આરોહણ




નેપાળ, સિક્કિમ અને તિબેટના મુલકોની સીમા બતાવતો, એવરેસ્ટની આસપાસના પ્રદેશ તથા તેનું સ્થાન દર્શાવતો નકશો.


હવેની આખી વાતનો નાયક વીર મૅલરી જ છે. ઈ. ૧૯૨૧ માં ફ્રાન્સિસ યંગહસબંડના આશીર્વાદ લઈને નીકળેલી એ પહેલી ટોળીમાં ડૉકટર કેલ્લાસ, કર્નલ હાવર્ડબરી, રૂબર્ન, મૅલરી અને બ્લૉક ઉપરાંત મૉરશેડ, વિલર, અને વુલાસ્ટન પણ હતા. એક ડૉકટર, એક વનસ્પતિશાસ્ત્રી, એક વાયુશાસ્ત્રી, એક ભુસ્તરશાસ્ત્રી, એક ભૌગોલિક ગણતરી કરનારો, એક આખી ટોળીના ખાનપાન સંબંધી ગોઠવણ કરનારો, એમ વિવિધ શક્તિ અને ધર્મ ધરાવતા એ સૌની સાહસ ટુકડી ઘણી સુસજ્જિત હતી. નોકરો અને સામગ્રીના સારા સરંજામ સાથે તેઓ પોતપોતાનાં કામ બજાવતા સફર ખેડીખેડીને તિબેટ ઓળંગી ઉત્તર દિશામાંથી છેક ઉમાશિખર એવરેસ્ટની તળેટી સુધી તો પહોંચ્યા. પણ રસ્તે ડૉક્ટર કેલ્લાસને ગુમાવ્યા.

આ સફર વખતે મૅલરીએ જ એ નક્કી કર્યું કે નેપાળ તરફથી તો પહાડ ચડવો અશક્ય છે. તે એકલો એકલો ગિરિકુંજો ખૂંદતો, આસપાસના ડુંગરાઓ ચડતો; અને એમાં ગૌરીશિખર—એવરેસ્ટના એકાદ ખભા પર ઊભા રહી દક્ષિણ તરફ અવલોકનો કરતાં ઉપરની વસ્તુ એણે નક્કી કરી. આ ઉપરાંત ૨૩,૦૦૦ ફૂટ ઊંચી લાપકાલા નામની એક ખીણ પસાર કરતાં બીજી એક ભૂલ થએલી એણે એ શોધી કાઢી કે રૉંગબક ગ્લેશ્યરના રસ્તે સીધા આવતાં એક મોટો ચકરાવો ફરવો મટી જાત; અને એ ઊંચાઈએથી એણે એ પણ નિર્માણ કર્યું કે ઉત્તર-પશ્ચિમ ખૂણામાંથી જ એવરેસ્ટને સર કરી શકાય, અને એ જ એક રસ્તો શક્ય છે. છેવટની ટોચ પર જતાં અગાઉ ૨૩,૦૦૦ ફૂટ ઊંચો એક હિમડુંગરો પણ ચડવો એને આવશ્યક લાગ્યો. હવે તે એના પર ચડવાની ગડમથલમાં પડ્યો. એ ચડવો અતિશય કપરો હતો. પરંતુ આ ટુકડી તો તીવ્ર કાર્યસાધક બુદ્ધિથી નીકળેલી હતી. અનેક ભીષણ સંકટોને પગતળે ચાંપતો ને આગળ ને આગળ ધપતો વીર મૅલરી મહા મુશીબતે એ ડુંગરો ચડ્યો અને ત્યાંથી દૂરબીનો માંડી ચોગરદમ બારીક તપાસ કરી. અંતે એણે સિદ્ધ કર્યું કે પોતે ઊભો હતો ત્યાંથી અને ત્યાંથી જ શિખર સાધ્ય છે, અન્યથા નહિ—નહિ જ. આ કંઈ જેવીતેવી શોધ એણે નહોતી કરી.

પણ આટલું કરતાં તો બધા થાકી ગયા. હવામાં એકાએક ફેરફાર થવા માંડ્યા. કોઈ બરાબર ત્યાં રહેવા પૂરતા ટેવાએલા નહિ, એટલે ત્યાંથી જ પાછા ઊતરવું પડ્યું. ઋતુ હેરાન કરવા માંડી. વરસાદ પછીની ઋતુ જ માફક છે, અને ઉનાળો નહિ એ પણ નક્કી થયું. મૅલરીની સાથે ડૉકટર કેલ્લાસની સહાય રહી હોત તો એ ટોળી અફળ ન જ જાત એમ હજી ઘણાનું માનવું છે. મૅલરી જબરો બહાદુર. એનું મનોબળ પણ અથાગ. શ્રમ તો એ જાણે જ નહિ. કોઈપણ ડુંગરની કોઈપણ ઊંચાઈથી એ ગભરાય નહિ; અને હિંમત—તે છેક ઉદ્ધતાઈની હદ સુધી, જોખમની હદ સુધી—તો એની જ. અને શરીરે પણ એવો મજબૂત! પૂરો સશક્ત ને ખડતલ. વળી એનામાં એકલું રાઠોડી બળ



કુદરતી બનેલી બરફગુફામાંથી હિમકરાડોનું દર્શન



જામી ગએલા પાણીના ધોધનું વિલક્ષણ દૃશ્ય

હતું એટલું જ નહિ પણ વિશાળ કલ્પનાશક્તિ અને હૃદયની ઉદારતા હતાં. વિશાળ કલ્પના હોય તો હૃદય ઉદાર હોય જ ક ની? જીદ અને મમત પણ એનાં જ. ધાર્યું તો એ જરૂર કરવાનો જ. એકાંત એને વધારે ગમતું. એવરેસ્ટ સાથે જાણે એને ભવોભવની લેણાદેણી જ જામેલી. એની નોંધપોથીઓ તમે વાંચો, તપાસો અને વિચારો. ઉમાશિખર સાથે જાણે એણે તાદાત્મ્ય જ સાધ્યું હતું. એનો આખો આત્મા, એની સર્વ શક્તિઓ, એનું સર્વસ્વ એણે એવરેસ્ટને ચરણે ધર્યું હતું.

૧૯૨૨માં બીજો પ્રયાસ થયો. આ વખતે જનરલ બ્રૂસની સરદારી નીચે કર્નલ સ્ટ્રટ, મૅલરી, નૉર્ટન, સોમરવેલ, ફિન્ચ, વેઇકફીલ્ડ, મૉરશેડ અને જ્યૉફ્રે બ્રૂસ હતા. ઉપરાંત નોએલ, લૉંગસ્ટાફ અને મૉરીસ હતા. દરેકની જુદીજુદી ઓળખાણ આપવાનું આ સ્થળ નથી; પણ બ્રૂસ જેવો બીજો સરદાર ભાગ્યે જ હોઇ શકે. કારાકોરમ ને હિંદુકુશના ખૂણેખૂણા એણે ખૂંદેલા. હિમાલય-પ્રદેશની ભાષાનો એ ભોમીઓ ને આજન્મ નેતૃત્વશક્તિ વાળો. પાછો સૌએ રૉંગબક ખીણ આગળ પડાવ નાખ્યો ને શિખર સર કરવાનો પ્રયાસ શરૂ થયો.

૨૩,૦૦૦ ફૂટ ઊંચો બરફનો પેલો વિરાટ દુર્ગમ ડુંગર ફરી પાછો સન્મુખ જ ઊભો હતો. એની નીચે ઊભા રહેતાં એ ચોસલો એવો તો વિષમ લાગે છે કે ભલભલાની છાતી બેસાડી દે. પણ એ ચડ્યા સિવાય છૂટકો જ નહિ. એના વગર શિખર સર થાય જ નહિ. એ ખડક પર છાવણી નંખાય તો જ કંઈક આગળ જવાની આશા. એટલું જ નહિ, પણ એ છાવણી તો તળેટીની મુખ્ય છાવણી ગણાવી જોઇએ. પછી હિમમાં પગથિયાં પાડતાં, કોદાળી વડે બરફમાં ટેકો લેતાં, કમ્મરે દોરડાં બાંધીબાંધી ચડવાનું. હવા પાતળી થવાને લીધે શ્વાસોચ્છ્વાસની જે મુશ્કેલી નડે તેને માટે લેવા જોઇતા ઑક્સિજનની વાત આપણે આગળ ઉપર જોઇશું. શી રીતે ચડાય તે વિષે પણ આપણે આગળ વિગતથી જાણીશું. આ પ્રયાસમાં તો મનુષ્ય ક્યાંસુધી ફાવ્યો એટલું જ આપણે નોંધીશું.


મૅલરી, મૉરશેડ, નૉર્ટન અને સોમરવેલ એ ચાર જણે શિખર સર કરવાનું બીડું ઝડપ્યું. પેલો બરફનો ખડક તો જેમતેમ કરી ચડી ગયા. મૅલરી અને સોમરવેલ કેડે દોરડાં બાંધી, બરફના ઝંઝાવાતો સામે લડતા, પડતા

આગળના ચડ્યા. એક દિવસમાં મૅલરીએ ૩૦૦ પગથિયાં કાપ્યાં. અને બીજે દિવસે ૨૫,૦૦૦ ફૂટ ! મનુષ્યે ઊંચામાં ઊંચી જગ્યાએ તે દહાડે પોતાના પગ મૂક્યા. પણ હજી કુદરત ઊંચી હતી, અસાધ્ય હતી, અજેય હતી. અહીં છાવણી સ્થાપી શકાય તો જ આગળ જઈ શકાય. પણ છાવણી માટે સલામત જગ્યા ક્યાંયે દેખાય નહિ. પવન તો વાય સુસવાટા કરતો. એ સુસવાટા શબ્દનું સામર્થ્ય અહીં મોળું લાગે છે. સુસવાટા એટલે દર મિનિટે માઇલોની ઝડપથી વાતા પવનની પાંખોની ભીષણ ઝપટો. નૉર્ટન થાકી ગયો હતો. મૅલરીનાં આંગળાં ઠંડીથી અકડાઈ ગયાં હતા. મૉરશેડની સ્થિતિ તો ગંભીર જ હતી. મૅલરીની નોંધપોથીમાંનું તે વખતનું લખાણ:

'અજબ ભીડ. હિમ તો ધડાધડ પડે. ત્યાં અમે સૂવાના કોથળામાં ભરાયા. પવન અમને ખેંચી ન જાય એ માટે દોરડાંના ખીલા ખૂબ ઊંડા દાટવા પડતા. એકબીજાને બાઝીને અમે પડી રહ્યા. આમાં તે શે આગળ જવાય? વળી તોફાન વધ્યું. એની એકાદ પવનપાંખમાં સપડાયા તો મૂઆ પડ્યા. મધરાત પછી એક વાગ્યે તો તોફાનની હદ થઇ. તંબુનાં કપડાં ફડફડાટ કરતાં ફાટે. શ્વાસોચ્છ્‌વાસની મુશીબત. માથું તો એવું દુખે! આખી રાતનો ઉજાગરો થયો. સવારે મૉરશેડને મૂકીને આગળ ચાલ્યા; અમે ત્રણ જણ.'

મૅલરી રસ્તો બતાવતો ને રસ્તો બનાવતો ચડે. શ્વાસોચ્છ્‌વાસ લેવાની એની રીત ગૂઢ છતાં સાદી ને સરળ હતી. એની જાતની ચાલી જ એ. ધીમેધીમે ૨૬,૦૦૦ ફૂટ પર ત્રણે પહોંચ્યા. હવે શિખરનો રસ્તો અહીંથી સીધો દેખાતો હતો. બપોરે સવા બે વાગ્યે ૨૬,૮૦૦ ફૂટ અંકાયા. હવે તો સ્થિતિ એવી થઇ કે પાંચ મિનિટ શ્વાસ લે ત્યારે એક ડગલું માંડ કપાય. અઢી વાગી ગયા. તાકાત લેશમાત્ર હવે રહી નહોતી. કુદરત વિરુદ્ધ હતી. આગળ જવાય એમ તો હતું જ નહિ. અને પાછા પણ અંધારા પહેલાં જ ફરવું જોઇએ; નહિ તો મોત! પાસે ખાવાનું તો હતું જ નહિ. અહીંથી આગળ ૨૬ કે ૨૭ હજાર ફૂટ પર છાવણી નંખાય તો જ શિખર સર થાય એ ચોકખું જણાયું.

એટલે પાછા ફર્યા. મૉરશેડની તબિયત તદ્દન લથડી ગઇ હતી. એને ઊંચકવો પડતો. નૉર્ટનનો કાન સહેજ ઉઘાડો રહી ગયો એટલે ફૂટી ગયો! લોહી નીકળ્યા જ



જ્યૉર્જ એચ. લેઇ-મલરી

હિમાલય સાથે તાદાત્મ્ય સાધનાર, હિમાલયની તાસીરને ઓળખનાર, આજ સુધીના એવરેસ્ટ આરોહવા નીકળેલા શિખરિણીઓમાં અનેરો ને અનન્ય સાહસિક, આરોહણની કળાનો જેવો જાણનાર તેવો જ ધીરવીર ખડતલ નર, જેણે એવરેસ્ટની ઉત્તર તરફની પેલી કપરી ને સીધી બરફકરાડ સર કરી પાંચમા નંબરની છાવણી નાખી ભવિષ્યના સાહસિકોનો માર્ગ સરળ કર્યો, જેણે, એવરેસ્ટ પર આજલગી કોઇ માનવ બચ્ચો પગ ઠેરવી નથી શક્યો તેટલી ઊંચાઇએ-૨૮,૨૩૯ ફીટ ઊંચે માનવ પગલાં માંડયાં, જે હિમાલયને સિદ્ધ કરવાના એ સાહસમાં જ ખતમ થયો, તે-શિખરિણીઓનો શિરોમણિ, સાહસિકોમાં શ્રેષ્ઠ, મનોબલનો મહારથી મૅલરી.

કરે. બધા બરફના ખડકની છાવણીમાં એકઠા થયા. બીજે દિવસે ફિન્ચ અને બ્રૂસ થોડોક સામાન લઈ ૨૬ કે ૨૭ હજાર ફૂટ પર છાવણી નાખવાના ઇરાદાથી ગયા. પગથિયાં પાડેલાં હતાં. ૨૫,૦૦૦ ફૂટ ઊંચે સુધી તો તેઓ જતાં જણાયા. પણ તોફાન વધ્યું. એ બંને તો સાથે ઑક્સિજન લેતા જતા હતા. માત્ર એમનો નોકર તેજબીર એકલો જ ઑક્સિજન વિના ચડતો હતો. થોડોક સામાન ચડાવી એ લોકો પણ પાછા આવ્યા



રૉંગબક આગળનો બૌદ્ધ મઠ અને ત્યાંથી દેખાતો એવરેસ્ટ

અને મૅલરી, સોમરવેલ તથા ક્રાફર્ડ હવે છેવટનો પ્રયાસ કરવા તનતોડ મહેનત કરવા નીકળ્યા. અચાનક હિમ-પ્રપાત તૂટી પડ્યા અને નીચેની છાવણીવાળાઓએ એ ત્રણ તેમજ એમના મજૂરોની આશા મૂકી દીધી. દોઢસો બસો ફૂટના હિમ પગથાર પર ખડખડ કરતા પથરાતા આવતા હિમપ્રપાતમાં હવે ક્યાં કોનો પત્તો લાગે ? એમને બચાવવા મદદ મોકલવામાં આવી. મૅલરીએ એ વેળા એ આખી ટોળીને બચાવવામાં વાપરેલાં બુદ્ધિ અને સાહસનો દાખલો શિખરિણીઓમાં અજોડ છે. છતાં પાંચ નોકરોનો ભોગ તો પર્વતરાજે લીધો જ. બે બેભાન હતા તેમને બચાવી શકાયા. તે જીવ્યા પણ ખરા, અને ૧૯૨૪ના પ્રવાસમાં પાછા ચડ્યા પણ ખરા ! મૅલરીના આથી મોટા પરાક્રમ વિષે તો હજી આપણે આગળ જાણવાનું છે.

આ અકસ્માતે દરેકને હરાવ્યા. પ્રયત્ન પડતો મૂકવાનો નિર્ણય થયો. પણ એને શું હાર્યા કહેવાય ? આટલાં જ તપ અને કષ્ટથી હિમાલય–સિદ્ધિ મળે ખરી ? મૉરશેડનાં તો આંગળાં તૂટી જ ગએલાં. ફિન્ચ થાકી ગએલો. વરસાદની શરૂઆત થઈ ચૂકેલી. અને ત્યાંનું ચોમાસું એટલે શું ?


[illegible]

ફરીથી શિખર સર કરવાના સંકલ્પબળ સાથે, સૌ પાછા ફર્યા. એમ, ૧૯૨૨નો પ્રવાસ પણ એકંદરે અફળ નીવડ્યો. પણ એ માહિતી, એ અવલોકનો, એ અનુભવ કંઇ ઓછાં મૂલ્યવાન છે ? શિખરિણીઓ તો એને જ જીત ગણે છે.

ચાલો પાછા હિમાલય. ફરી એક વાર ૧૯૨૪માં. ‘કરતાં જાળ કરોળીઓ, ભોંય પડી ગભરાય; વણતૂટેલે તાંતણે ઉપર ચડવા જાય.’ ફરી ફરી પાછો પડે; ફરી ફરી થઈ તૈયાર. ફરી એક વાર; ઔર એક વાર. એ પણ એક શરત છે. હાર્યો જુગારી બમણું રમે. મનુષ્યના અહમને ફટકો પડતાં તે વધારે જિદ્દી થાય છે–મમતી બને છે. હિમાલય શું હરાવ્યા જ કરશે ? ચાલો ફરીવાર.

અને પ્રયાસ ન કરે તો મનુષ્ય શાનો ? ઉત્તરધ્રુવ ઓળંગાયો, દક્ષિણધ્રુવ જવાયું, ઍમન્ડસન, સ્કૉટ, શૅકલ્ટન વિજયકલગીઓ લઇ આવ્યા, તો હિમાલય-ની શી તાકાત છે કે વારંવાર હરાવે ? પૃથ્વીની શિખર ટોચ પર માનવજંતુને નહિ જ ચડવા દે ? કંઈ કારણ ? સરજનહારે સરજેલી અદ્દભુત સૃષ્ટિનાં મનુષ્યની આંખે દર્શન પણ નહિ કરવા દે ? એને ઘટે તે ભોગ લે,

[illegible]




બીજા નંબરની છાવણી આગળથી દેખાતી પૂર્વ રોંગબક ગ્લેશ્યરનું આ દૃશ્ય હિમસરિતાનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

તો મનુષ્યને છે જ, અને તે એ સિદ્ધ કરશે જ. કુદરતને વશ કરવા મનુષ્ય વળગ્યો રહ્યો છે. વીજળી વશ કરી, ઘૂઘવતા સાગરો વશ કર્યા, અગ્નિને વશ કર્યો, વાયુને વશ કર્યો, તો શા માટે ગિરિરાજ નહિ? મનુષ્ય જીતતો જાય છે, કુદરત હારતી જાય છે. સરવાળે ભલે મનુષ્ય હારે, પરંતુ પ્રયત્નશીલ મનુષ્ય નવરો તો નહિ જ બેસે.


કુદરતને હરાવવાનો બીજો ઉપાય યોગ. એમાં તો મનુષ્ય જીત્યો જ છે. પણ તાર્કિક જગત એ તરફ શંકાની નજરે જુએ છે; બુદ્ધિવાદ સકારણ પ્રમાણ માગે છે. સાહસિકો કર્મભક્તિથી પ્રેર્યા અન્ય પ્રકારના તપ-યોગથી સિદ્ધિ સાધવા મથે છે. બંનેનાં ધ્યેય એક જ છે; રસ્તા જુદા છે. એકનો આંતરિક છે, બીજાનો બાહ્ય છે. પરંતુ બંનેનું કુદરત સાથેનું તાદાત્મ્ય, કુદરત સાથે-ની લીનતા, કુદરતમાં તન્મયતા સરખી જ છે. એમાં જેટલી ઊણપ, એટલી વિજયમાં, સિદ્ધિમાં ઊણપ.

૧૯૨૪ના માર્ચમાં પાછું દાર્જીલિંગ ખળભળ્યું. હિલમેન સોસાએટીએ (ગિરિમંડળે), બુદ્ધિસ્ટ સોસા-એટીએ (બુદ્ધમતવાદી મંડળે), ડાક્ટરોએ, વૈજ્ઞાનિકોએ, લૉર્ડ લિટનને, અભિનંદનો આપ્યાં. આર્કિબાલ્ડ નેટલ-ફોલ્ડે, ચાર્લ્સ મર્ઝે, આગાખાને, તેમજ બરોઝ વેલકમ, કોડાક વગેરે અનેક જાણીતી પેઢીઓએ ઉદાર દિલે મદદ આપી. આલ્પાઇન ક્લબે હિમાલયન સોસાએટીની વહાર કરી, અને છબીઓ પાડવાનો, વિજ્ઞાનનો, ખોરાક વગેરેનો સામાન કૈંક એ ટોળીને ચરણે મૂક્યો.


સવાસો મજૂરો અને તિબેટમાંથી ચારસોપાંચસો નોકરો ઉપરાંત છ મહિના ચાલે એટલા ખોરાકના ડબ્બા, ચાક, ખચ્ચરો વગેરેના સરંજામ સાથે કાફલો દાર્જીલિંગથી ઊપડ્યો. નવામાં આલ્પ્સનો જાણીતો શિ-ખરિણી બીધામ, ઑડેલ, હેઝાર્ડ અને અર્વિન હતા. નૉર્ટન, નોએલ, બ્રૂસ ને સોમરવેલ તો જૂના જ. અર્વિન નવો ઉસ્તાદ હતો. હજી તો ઑક્સફર્ડમાં ભણતો. બોટ-રેસનો વહાણવટી અને શિખરિણી! પ્રોફેસરોએ એને તરત રજા આપી. આપણે ત્યાંના એમ રજા આપે કે? —પોતાની મેળે, કોઇના કહ્યા વિના, દબાણ વિના? સશક્ત, આનંદી, હસમુખો અને શરમાળ, ૨૨ વર્ષનો એ જુવાનિયો. અને મૅલરી? ધન્ય છે એને. ત્રીજી વાર. હવે ૩૬ વર્ષનો, પરણેલો, બે બાળકોનો પિતા, આ-મંત્રણ મળતાં જ એ કૂદી પડેલો. એની વહુએ એને પ્રેરણા આપી, પ્રોત્સાહન આપ્યું. જિંદગીનું ધ્યેય પાર પાડવા એ એની સઘળી શક્તિઓ સાથે તૈયાર થઇ ગયો.



એવરેસ્ટની ચડાઈનો માર્ગ, તેમાં વચ્ચે આવતી હિમસરિતાઓ (ગ્લેશ્યરો), કરાડો, રસ્તાના છાવણીઓ વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આપતો પ્રાકૃતિક નકશો. સામે, દૂર, ઊંચામાં ઊંચું દેખાય તે જગતભરનું સર્વોચ્ચ (૨૯,૦૦૨ ફૂટ) શિખર એવરેસ્ટ–ચોમો લુંગ્મા–ઉમાશિખર. છેક નીચે જમણા ખૂણામાં તળેટીની છાવણી. એની ઊંચાઇ ૧૬,૫૦૦ ફૂટ; એટલે લગભગ આલ્પ્સની ઊંચાઇ. ત્રણચાર અઠવાડિયાં અહીં હવા માફક કરવા રહેવું પડે. અહીંથી શિખરનો રસ્તો બાકી ચડવાનો સીધી ઊંચાઇએ ૧૨,૪૦૦ ફૂટ ઊંચે; પણ ચાલવાનું ચડાણ ગણતાં થાય લગભગ ૧૩ા માઇલ. તળેટી-છાવણીથી ઊંચે જતી દેખાય છે એ નદી–હિમસરિતા–તે રૉંગબક ગ્લેશ્યર. એ બરફનો મોટો પહાડ જ સમજો સરે ધીમે ધીમે નીચે. પણ કેટલો વિકટ રસ્તો! એ રૉંગબકનો પૂર્વ ફાંટો તે એવરેસ્ટ પર ચડવાનો માર્ગ. ત્યાં જુઓ લગભગ મધ્યમાં છાવણી નં ૧ ૧૮ ૦૦૦ ફૂટ ઊંચી અને તળેટી–છાવણીથી ૩ા માઇલ દૂર. અહીંથી જીવને જોખમે બરફની નદી ઓળંગવાની, અને જરા ઊંચે જાય એટલે આવે છાવણી નં. ૨; ૧૯,૨૦૦ ફૂટ; તળેટીથી ૬ા માઇલ. પછી ૨૧,૦૦૦ ફૂટ ઊંચે છાવણી ન. ૩, તળેટીથી ૧૦ માઇલ દૂર; અને તે પછી ૨૩,૦૦૦ ફૂટે છાવણી નં. ૪. અહીં જ આવી પેલી ભયંકર બરફની દીવાલ ચાંગ લા, નૉર્થ કોલ; જે ચડતાં નવ નેજાં થયાં, જે મૅલરીએ અતે સર કરી, ને આગળ ૨૫,૦૦૦ ફૂટ પર છાવણી નં. ૫ નાખી. ત્યાંથી ઊંચે છાવણી નં ૬ અને ૭ ૨૭,૫૯૦ ફૂટ ઊંચે અને તળેટીથી ૧૨ા માઇલ દૂર. અને તે પછી ઊંચે મૅલરી અને અર્વિન જ્યાં છેલ્લા દેખાયા હતા તે જગ્યા; ૨૮,૨૩૯ ફૂટ ઊંચે. ત્યાંથી આગળ કોઇ માનવી પગ માંડી શક્યો નથી. શિખર ત્યાંથી રહ્યું ફક્ત ૭૬૨ જ ફૂટ દૂર. આજે તો માનવશક્તિ ત્યાં પહોંચીને, સિદ્ધિ હાથવેંતમાં જોતીજોતી, હારી છે ને કુદરત જીતી છે. ગગનગૌરી એવરેસ્ટ હજી અજીત ને અણનમ છે.




સિહોરનો કિલ્લો
સ્કેચ-સોમાલાલ શાહ



જગતભરનાં શિખરોમાં રાજવી સમું (૨૯,૦૦૨ ફૂટ) ઊંચું હિમાલયનું મુકુટમણિ
ઉમાશિખર · માઉન્ટ એવરેસ્ટ · ચોમો લુંગ્મા

Mount Everest by Haward-Bury)

આ વખતનો સેનાની જનરલ બ્રૂસ, નોકરોના દિલ જીતવામાં એક્કો, આનંદી ને પૂરો સાહસિક હતો. ચુંબી ખીણમાંથી પસાર થતાં જ એને શરદી થઇ ને પછી મૅલેરીઆ. તે છેવટે એને પાછા ફરવું પડ્યું અને અગ્રણીનો ભાર કર્નલ નૉર્ટનને શિરે આવ્યો. નૉર્ટને અને જનરલ બ્રૂસના ભત્રીજા જ્યૉફ્રે બ્રૂસે વ્યવસ્થા વિભાગમાં જરાપણ ખામી આવવા ન દીધી.



એવરેસ્ટની ચડાઇના માર્ગ દર્શાવતો, એ શિખરનાં પાસાં તથા તેની ભૌગોલિક પરિસ્થિતિ બતાવતો નકશો.

ચાલો ત્યારે ફરી વાર રૉંગબક તળેટી સુધી. તિબેટ જઇને પાછા દક્ષિણમાં, ગગનગૌરીના વિશાળ ધવલ ઝભ્ભાની ચાળ ઉપર, ૧૬,૦૦૦ ફૂટની ઊંચાઇએ. ત્યાંથી હજી ૧૩,૦૦૦ ચડવાના બાકી. એ પ્રવાસ શરૂ થાય તે પહેલાં બે વાત અગત્યની જાણી લઇએ. એક તો રહેજસાજ તિબેટ તથા ત્યાંના મઠ વિષે, અને બીજી આરોહણ માટે શિખરિણીઓની તૈયારી, સરસામાન, રહેણીકરણી, ઉપયોગી સાધનો, ઑક્સિજન વગેરે વિષે.

તિબેટને આજે બૌદ્ધ ધર્મનું કેન્દ્રસ્થાન ગણવામાં આવે છે. અહિંસાધર્મનું સંપૂર્ણ પાલન તિબેટમાં જોવામાં આવે છે. એટલે શિખરિણીઓ કોઇપણ પશુપંખીનો શિકાર ન જ કરી શકે, એ તેમની સાથે પહેલી શરત. આ તો હિંદુસ્તાન. અહીં ભગવાન બુદ્ધ જન્મ્યા, જીવ્યા અને ત્યાગી થયા. આપણે ત્યાં તો બૌદ્ધ ધર્મ પથ્થરનાં ખંડેરોમાં પડ્યો છે, પણ તિબેટમાં—લ્હાસામાં તો હજી એ જીવતોજાગતો ધર્મ છે. એ ધર્મનાં અસંખ્ય પુસ્તકોના ભંડારો ત્યાં ભર્યાં પડ્યા છે. અનેક લામાઓ અનેક મઠ ત્યાં ચલાવી રહ્યા છે. ત્યાં રાજ્યપ્રકરણમાં પણ ધર્મનો અધિકાર વધારે છે. સમાધિઓ, મઠો, ને મંદિરોથી એ દેશ આખો ભરપૂર છે.

દેશ જોકે ઘણો ગરીબ. હવામાં એક દિવસમાં ૫૦–૬૦ ડિગ્રીના ફેરફાર થાય. આકાશનો રંગ તો એવો ભૂરો કે જેવો પૃથ્વીમાં બીજે ક્યાંયે ન ભાળો. મોટે ભાગે જમીન ઉજ્જડ. બેચાર ઘરનાં રડ્યાંખડ્યાં ગામડાં. માખણ ને ચા ઉકાળી પીએ. ખોરાક ઘણો સાદો. છતાં ત્યાં ચિત્રકળા છે, શિલ્પ છે, ભરતકામ છે, કોતરકામ પણ છે. જ્યોતિષની ગણત્રી કરવામાં અને જન્માક્ષરો બનાવવામાં આ પ્રજા હોંશિયાર છે. હાસ્ય તો આખા દેશમાં ફરકતું જ જુઓ. અતિશય સુખી અને સંતોષી પ્રજા. એમની લગ્નની પ્રથા આપણને વિચિત્ર લાગે. ભરવાડોમાં તો બધા ભાઇ વચ્ચે એક જ વહુ. સ્ત્રીઓ સદાની હસમુખી. અને હસમુખી હોય તો જ સુંદર [illegible] ભરી. મળતાવડી, આવકાર આપનારી, સુંદર નેનોવાળી. શણગારના તો થોક સજે. પણ અત્યારે એ વિષે આટલું જ.

રૉંગબક આગળનો એક રૉંગબક મઠ તો ઘણો મોટો ગણાય છે. બે હજાર વર્ષથી એ ચાલે છે એમ અંગ્રેજી તવારીખો કહે છે. ત્યાંની પવિત્ર ખીણોમાં તપસ્વીઓ અનંત કાળથી તપ સેવે છે. ૧૯૨૨ના અને ૧૯૨૪ના કાફલામાં છબીઓ પાડવાનું કામ કરનાર કૅપ્ટન નોએલે એક સાધુને પંદર વર્ષથી અંધારામાં પૂરાએલો જોએલો. હાલ્યાચાલ્યા વિના સમાધિસ્થ. દિવસમાં એક વખત એને પાણી અને રોટલો પહોંચાડવામાં આવે છે તે પણ નોએલે જોયું છે. એ મઠ જગતમાં ઊંચામાં ઊંચો મઠ છે. ત્યાંના મઠાધીશ દલાઈ લામાનું તિબેટમાં અત્યંત માન છે. યુરોપીય મુસાફરો પણ એને માટે બહુ માનપૂર્વક લખી ગયા છે. આખો મઠ 'ચોમો લુંગ્મા'ને ચરણે ધરાવેલો માનવામાં આવે છે. દલાઈ લામા અત્યંત પવિત્ર પુરુષ મનાય છે અને જગતની દેવી માતા 'ચોમો લુંગ્મા'નું સમાધિમાં નિરંતર ધ્યાન ધરે છે. રૉંગબકના મઠની યાત્રાનું માહાત્મ્ય ઘણું છે.

મહાધીશ સૌને આવકારથી સન્માને છે. એ મઠના અસ્તિત્વ વિષે જાતજાતની દંતકથાઓ ચાલે છે. ગમે તેમ, પણ એ મઠ ન હોત તો ઉમાશિખરને સાધવું લગભગ અશક્ય થાત. રસ્તો શોધવામાં, છાવણી નાખવામાં, નોકરો મેળવવામાં, વળી એ નોકરોને આશિર્વાદ આપી પ્રેરણા દેવામાં એ મઠનો હિસ્સો જેવોતેવો નથી. એના મઠાધીશ અત્યંત પ્રભાવશાળી વ્યક્તિ છે.૧૯૨૨માં ગએલી ટોળીમાંનો એક લખે છે કે 'અમને એણે દર્શન આપ્યાં. કોઇ કંઇ બોલ્યું નહિ. પણ એની દૃષ્ટિથી અમે બધા વીંધાઈ ગયા હતા. અત્યંત પવિત્ર પુરુષ એ હોવો જોઇએ. ખરેખર, એણે જાણે અમને ભુરકી નાખી હતી. મમતા અને દયાળુતા તો એનાં જ.'

બીજી પણ એક માન્યતા ત્યાંના પહાડી લોકોમાં છે. તેઓ માને છે કે મનુષ્યથી જુદી એવી એક નવી જ જાતનાં મનુષ્યો હિમાલય પર વસે છે. તેઓને હિમમનુજો (સ્નો-મેન) કહેવામાં આવે છે. એમને આખે શરીરે વાળ હોય છે. ક્વચિત જ નીચે ગામડામાં આવે એમ મનાય છે. પણ હજી એમાંનો કોઇ નજરે દેખાયો નથી. છતાં એ માન્યતા ત્યાં પ્રચલિત અને દૃઢ છે. વધારેમાં વધારે એ વિષે જે કંઇ જણાયું છે તે એટલું જ કે ૧૯૨૯માં બૅવેરિયન કાફલો કંચનજંઘા સર કરવા ચડયો ત્યારે ઇ. ઓ. શૅબીઅરને એના નોકરો 'સ્નો-મૅન'નાં પગલાં જોવા દોડતા તેડવા આવેલા, પણ કમનસીબે એ ત્યાં પહોંચ્યો ત્યારે નવું હિમ પડયું હતું, અને કંઈપણ ચિહ્ન રહ્યું ન હતું. એ સિવાય વધારે કંઇ પણ માહિતી એ બાબતમાં મળી નથી.

ડુંગરો ચડવો એ કંઇ સહેલ વાત નથી. અને તેમાં આ તો નગાધિરાજ. તેમ વળી શિખરો સર કરવાં એ પણ કંઇ એક જણનું કામ નથી. આખી ટોળીમાં એકબીજાના સહકાર વિના, એકબીજાની હિલોજાની વિના, એકબીજાના સ્વભાવના અભ્યાસ વિના, કંઇ જ શક્ય નથી. તેમાં યે મોટી વાત હિલોજાનીની છે, અને તે સહવાસ વિના અલભ્ય છે. એટલે જ જો ટોળીમાં બધા ગોઠીઆઓ, મિત્રો કે જોડીદારો હોય તો વળી સોનું ને સુગંધ ભળ્યા બરોબર. પર્વત પર ઊંચાઇની એવી અસર છે કે જેમજેમ મનુષ્ય ઊંચે જાય તેમતેમ ત્યાંનું વાતાવરણ તેને વધારે ક્રોધી અને તામસી બનાવે છે. અમુક ઊંચાઇ પછી મગજમાં લોહીના વહેવામાં ફેરફાર થવા માંડે છે અને એથી સ્વભાવ એકદમ ચીડીઓ થઇ જાય છે. એવે વખતે એકબીજાને નભાવી લેવા જ પડે. આ કારણથી સામાન ચડાવવાની અત્યંત મુશ્કેલી છતાં છાવણીમાં દરેકને માટે અલાયદો જ તંબુ રાખવો પડે છે. એક તંબુમાં બેચાર જણ સૂએ તો જરૂર નજીવી વાતોમાં લડી જ પડે. એટલે શિખરારોહણમાં સાહસના ગુણની સાથેસાથ શાંત સ્વભાવ પણ તેટલો જ આવશ્યક છે.

બીજી મુસીબત આંખની;—અંધાપાની, હિમ-અંધાપાની. લીલા કે ઘેરા ચશ્મા વિના ઉપર ગયા કે આંધળા થયા જ સમજો. ચોગરદમ જ્યાં બરફ જ ખડકાયો હોય, સપાટી, ઢોળાવ, શિખર, બધું જ શ્વેત, શ્વેત ને શ્વેત જ હોય અને તે પર સૂર્યનાં કિરણ સીધાં પડતાં હોય ત્યાં શું થાય ? એક દાખલો લઇએ. સાધારણ આરસા પર સૂર્યકિરણો ઝીલી આંખ પર તેનું તેજ પાડીને આપણે સામાને ઝંખવી દઇએ છીએ ને ? એ જ રીતે માઇલોના માઇલ લાંબા એક વિશાળ આરસા પર સૂર્યકિરણો પડે ને તેના ઝબકારા થાય તે કેટલા સખત, સચોટ ને તીક્ષ્ણ હોવા જોઇએ તેનો ખ્યાલ કરો. આ છેલ્લી ટોળીના નાયક નૉર્ટનને એ જ અંધાપો લાગ્યો હતો.

વળી કાન, માથું ને હાથ બરાબર ઢંકાએલાં રહેવાં જ જોઇએ;—હમેશ. જરાક ખુલ્યાં કે જુઓ મઝા! એકાએક આંગળાંમાં લોહી જામી જાય, પછી ચિરાડા પડે અને લોહી ટપકવા માંડે! જોડા પણ ઘૂંટણ સુધીના, ખીલાવાળા, મજબૂત ચામડાના અને બેચાર મોજાં ઉપર પહેરી શકાય એવા જોઇએ. શરીર પર તો પુષ્કળ ગરમ કપડાં ને બાંડીઓ. જેવી જેની ટાઢ સહેવાની શક્તિ. પણ બેદરકારી જરા યે ચાલે નહિ. સૂવા માટે ખાસ કોથળીઓ. અંદરથી ગરમ ને પગ આગળથી સાંકડા. અંદર ડપકાયા કે બંધ. નાક આગળ હવા માટે જાળિયું. તળેટી (એટલે ૧૬,૦૦૦ ફૂટ) સુધી તો ઠીક; પણ પછી તો ગમે તે પચાવે એવાં આંતરડાં જોઇએ. તબિયતનો આધાર ખોરાક ઉપર રહે છે; અને મોટે ભાગે બિસ્કિટ અને ટિન કરેલો ખોરાક જ અહીં લેવો પડે છે. ઊંચાઇ પર પેટમાં ઍસિડ વધારે થાય છે અને એકાએક ખોરાક પચતો પણ નથી. થર્મોસમાં રાખેલી ગરમ ચા જ વારંવાર યારી આપ્યા કરે છે. આઇમસ મૂકવા માટે યોગ્ય લોખં-



૧૯૨૪ની ચડાઇનો નાયક લેફ્ટેનન્ટ કર્નલ ઈ. એફ. નૉર્ટન



મિ. ટી. જી. સોમરવેલ

ની ઘોડીઓ, એસ્બેસ્ટૉસ અને બીજી અનેક નાનીમોટી વસ્તુઓ પણ જરૂરની હોય છે. છાવણી કરતાં કરતાં નાનુંસરખું ઘર જ માંડવાનું ને ઉપાડવાનું હોય છે. બરફના ડુંગરો ખોદી, એમાં ગુફાઓ બનાવી છાવણી નાખવી પડે. એને માટે પણ દોરડાં, કોદાળી, દોરડાંની નીસરણી વગેરે કૈંકૈં સરંજામ જોઇએ.

લોહીનું દબાણ વધતું અટકાવવા માટે જેમનામાં વધારેપડતું લોહી હોય તેમના શરીરમાંથી ૨૦૦ સેન્ટી-મીટર લોહી ફસ ખોલી કાઢી નાખવાનો ઉપાય ૧૯૨૯ના કાંચનજંઘા જીતવા નીકળેલા કાફલામાંના ડૉ. રીચરે અજમાવ્યો હતો. આ ઉપરાંત હાથ વડે નિશાનીઓ કરવાની તથા સમજવાની ભાષા પણ શીખી લેવી પડે. વળી ઑક્સિજનનું પ્રમાણ ઘટતાં ફેફસાંને ધીમેધીમે ટેવાતાં કરવાં પડે. સાથે આવેલો દાકતર અવારનવાર ફેફસાં કેટલો ઑક્સિજન સંઘરી શકે છે એ જો તપાસતો ન રહે અને બેદરકારી થઇ જાય તો હૃદયરામ એકાએક ધબકતા અટકી પણ પડે! બરફના પહાડોનો તથા એની ચાલનો પણ પૂરો અભ્યાસ હોવો જોઇએ; નહિ તો તરત ખેંચાયા જ છો નીચે.

છાવણીઓ નાખતા જવી,—એક, બે, ત્રણ, ચાર, અને એ બધા વચ્ચે સળંગ વ્યવહાર જાળવેલો રાખવો એમાં જ નાયકની ખરી કુનેહ છે. પટારાઓ સરખે ભાગે દરેક છાવણીમાં જતા રહે. વળી ઉપર ચડતાં છાવણીઓમાંથી પણ ઘટિત ફેરફાર સાથે ઉપર વસ્તુઓ જતી રહે, એ વ્યવસ્થા કંઈ સહેલી નથી. વળી રસોઇયા તથા નોકરોની સગવડ પણ જોવાની. ડુંગરોની ઊંચાઈ પર સાહેબ ને નોકરોનો ભેદ રહેતો નથી. ત્યાં તો બધા જ સરખા. નોકર અને શેઠ વચ્ચે—સાહેબ અને મજૂર વચ્ચે એટલો ભ્રાતૃભાવ, એટલી દિલોજાની પ્રગટે નહિ તો ડુંગર જરા પણ આગળ વધવા જ ન દે. ડુંગર શું કે દરિયો શું, કુદરતને ખોળે એક જ કાયદો—બધા સરખા. એ તો અહીં આપણે એવા ભેદો રાખીએ છીએ,—ઘરમાં, શહેરમાં, જાતમાં, રાજ્યમાં. અને છતાં પાછા બડાઇ હાંકીએ છીએ કે કાયદામાં સર્વ સરખા, કાયદાની આંખે બધા સરખા! કેવું અસત્ય! પણ સાચો કાયદો તો કુદરતનો છે. કુદરત એ ભેદ ભુલાવી જ દે છે; નહિ

તો બધું પડતું મૂકી મૅલરી મજૂરોને બચાવવા દોડે શાનો?

નેપાળી અને તિબેટી કરતાં શેરપા નોકરો ચડિયાતા હોય છે. ખિસકોલીની પેઠે ડુંગર ચડવામાં એ ચપળ હોય છે. ૫૦ થી ૬૦ રતલના વજન સાથે ૨૦,૦૦૦ ફૂટ તો એ સહેલાઇથી ચડી જાય. અંગ્રેજ લેખકો નોંધે છે કે આ નોકરોમાં સ્ત્રીઓ પણ હોય છે. છેલ્લા પ્રયાસમાં એક સ્ત્રી બાળક સાથે ૨૫,૦૦૦ ફૂટ પર સામાન લઇને ચડી હતી! થાકતી ત્યારે બાળક સાથે રમી થાક ઉતારતી. અને હમેશાં હસમુખી, બહાદુર ને નીડર. એ જાતમાં જો સાહસની પ્રેરણા પ્રગટાવાઇ હોય શિખર સાધવાની મહત્તાનો ખ્યાલ આપવામાં આવ્યો હોત, તો આ નમ્ર લેખકનું એવું માનવું છે કે આજ પહેલાં ક્યારના એ શેરપા જાતિનાં જુવાન સ્ત્રીપુરુષોએ આખા હિમાલયનાં શિખરો સર કર્યાં હોત; યુરોપીઅનો આવ્યા તે પહેલાંના. ૨૫,૦૦૦ ફૂટ સુધી બાઇમાણસ બાળક લઇને,સામાનઊંચકીને,ઑક્સિજન વગર ચડે એટલે શું?

૨૫,૦૦૦ ફૂટ પછી સ્મરણશક્તિ નબળી પડે છે; બુદ્ધિને ધોકો પહોંચે છે; ખાવાનું ભાવતું નથી;–તેમાંયે માંસ તો નહિ જ. દૂધ, મુરબ્બો, બિસ્કિટ ને ચા પર જ ભાવ રહે છે. ગળપણ ઠીક ગમે છે. અલ્ટ્રા વાયોલેટ કિરણો અનેક રીતે નુકસાનકર્તા થઇ પડે છે. પવનની ગતિ કલાકના ૧૫૦ માઇલ અને કદીકદી તો એથી પણ વધારે રહે છે. સળેકડા જેવાના તો ત્યાં પગ જ ન ઠરે. થોડી ગરમી તો એકાએક વધે ને ઘટે. બૅરોમીટરમાં પારો કૂદમકૂદા કર્યાં જ કરે.

ઑક્સિજનનાં નાનાં પીપ ૨૫,૦૦૦ ફૂટ પછી ઠીક મદદ આપે છે. એથી શ્વાસોચ્છ્વાસમાં બહુ સરળતા થાય છે. પણ એનું વજન ઊચકીને ચડવું કપરૂં થઇ પડે છે; એટલે જેટલો ફાયદો એ રાખવાથી થાય છે તેટલો જ ગેરફાયદો સામો એના ભારથી થાય છે. વળી ઑક્સિજનના વપરાશ માટે પણ હજી સુધી બે મત છે. કેટલાક એની કશી ઉપયોગિતા ગણતા જ નથી, જ્યારે કેટલાક એ વાપરવાથી મનુષ્ય એકલો, જાતે, વગર મદદે, શિખર સર કરી શક્યો એવો ગર્વ લેવાદેવામાં બાધ ગણે છે. છતાં કાફલાના સામાન ભેગો ઑક્સિજન રાખવો જરૂરનો તો છે. બાકી ઑક્સિજન વિના પણ છેક ૨૭,૦૦૦ ફૂટ પર સારી રીતે ઊંઘ આવી શકે છે એ તો મૅલરીએ પોતાના દાખલાથી સાબિત કર્યું છે. અને ઑક્સિજન વિના ૨૮,૦૦૦ ફૂટ ચડી શકાય છે એ નૉર્ટને સાબિત કર્યું છે. એટલે મનુષ્યનું શરીર એ ઊંચાઇએ પણ ધીમેધીમે ઘડાતાં, ટેવાતાં ગમે તેવી મુશ્કેલીઓ સામે ટક્કર ઝીલી શકે છે, એટલું તો નક્કી છે. અને આ કંઇ જેવીતેવી વાત છે?

એ ઊંચાઇએ સવાર અને સાંજના સંધિકાળ નથી હોતા. દિવસ પછી તરત રાત; ને રાત પછી તરત દિવસ. પ્રભાતના ઊગતા સૂરજમાં ચમકતાં પ્રકાશતાં શિખરોનું શાંત દર્શન એક અલભ્ય લ્હાવો છે, અને દિવસના રૂપેરી દેખાતાં એ શિખરોને કંઇકવાર સોને મઢાએલાં જોઈ કજળી જતાં જોવાં એ પણ એક જીવનનો પરમ લ્હાવ છે. એ ધન્ય દર્શનોમાં વસવાટ કરી રહેનારા સાહસિક યાત્રીઓને ધન્ય છે; જગતને માથે વરસતી રૂપેરી ચાંદનીમાં એ ગિરિશિખરો સાથે અભેદ સાધી નિદ્રાધીન થનારાઓને ધન્ય છે.

મેની છઠ્ઠી તારીખે કુદરતે અપશુકનનો સૂર કાઢ્યો. રૉંગબક તળેટીથી ટોળી આગળ વધીને એક ઠરેલા સરોવરને કાંઠે છાવણી નાખી રહી હતી. ત્યાં જબ્બર પવન ફૂંકાયો. કાશ્મીર તરફથી એ હવાધોધ પ્રચંડ ગતિથી વહ્યા આવતા હતા. મજૂરો તદ્દન થાકી ગયા હતા, ઠરી ગયા હતા. કોઇથી વાંકા ન વળાય કે પેટી ન ઊંચકાય. બીજી છાવણી હજી ઊંચે બરફના મેદાનમાં હતી. ત્રીજી તેની પાર બરફના ખડક પર કરવાની હતી. એ માટે મૅલરી અને ઑડેલ મહેનત કરી રહ્યા હતા. પણ પવન ગજબ ગુજારી રહ્યો હતો. એક મજૂરનો પગ લપસવાથી ભાંગી ગયો હતો. બ્રૂસ અને સોમરવેલ હિંમત રાખવા પાનો ચડાવ્યે જતા; પણ કુદરત વધારે ને વધારે ક્રૂર બનતી જ ગઇ. છેવટે વધ્યા એટલું પાછા ફરવાનું જ સલાહભર્યું લાગ્યું. અજબ એ તોફાન. અંતે એણે હરાવ્યા. માનવજંતુઓ પાછા રૉંગબકની તળેટીએ લામાના આશ્રમે આવી રહ્યા. લડતમાં જીત્યા પછી પાછા ફરવું પડે એની અસર મગજ પર જેટલી ખરાબ થાય છે, તેટલી જ ડુંગરો પર પણ સમજવી. પણ શું થાય? એ ઉતારમાં નોકરોના નાયક સમશેરનું માથું ફટકી ગયું. મગજ પર લોહીનો ધસારો વધવા માંડ્યો. ડૉ. હિંગ્સ્ટનની બહુ મહેનત છતાં એણે હિમાલયને ખોળે પ્રાણ તજ્યા. બ્રૂસનો એ માનીતો હતો ને આખી

ટોળીનો એ વફાદાર મિત્ર હતો. એની પાછળ બીજે દિવસે એક બીજો પણ સિધાવ્યો. એનું તો અરધું શરીર જ રહી ગયું હતું. એણે પણ જોતજોતાંમાં પ્રાણ મૂકયા.

મઠમાં જઇ આખી ટોળીએ લામાની આશિષ માગી. લામાએ પોતાનો હાથ દરેકને માથે અડાડી આશિર્વાદ આપ્યા. ટોળીના દરેકે દરેકે એને નમસ્કાર કર્યા. કુદરતના કોપ પછી મનુષ્ય પોતાની સઘળી જાતભાત ભૂલી કોઇપણ દૈવી જણાતી શક્તિ સમીપ કેટલો નમ્ર બની જાય છે!

તોફાન બંધ રહેવાનાં કંઇ પણ ચિહ્ન ન જણાતાં એ મઠની આસપાસનો પ્રદેશ ખૂંદવાનો લાગ મળ્યો. એવરેસ્ટની ૧૫૦ માઇલ ઉત્તરે એક અતિ પ્રાચીન સાકય પુસ્તકસંગ્રહસ્થાન છે. ત્યાં સંસ્કૃત તથા તિબેટી ભાષામાં લખેલાં અનેક પુસ્તકો છે, અને તેમાંનાં કેટલાંક પુસ્તકોનાં પાનાં તો અતિ સુંદર ચિત્રોથી શણગારેલાં છે. એ ટોળીમાંના તો કોણ એ વાંચે, પણ કોઈ આપણા પંડિતો કે સંસ્કૃત લઈ બી. એ., એમ. એ. થનારા ત્યાં જઇ વાંચશે ખરા? અને વાંચે તો યે એને કોઇ ઓછી જ પી. એચડી.ની ડૉકટરની ડિગ્રી આપવાનું હતું? એ તો હિંદુ ધર્મનો અભ્યાસ કરવા કોઇ ગુજરાતી વિદ્યાર્થી શાંતિનિકેતન થઇને જર્મની જાય, અથવા તો પારીસ કે ઑકસફર્ડ જાય તેની જ કિંમત ગણાય!

મેની અધવચ્ચે તોફાન શાંત થતાં ફરીથી સંગ્રામ-સમિતિ મળી. નૉર્ટને હુકમ કાઢયા. આગે કદમ, ભૈયા. ઔર એક વાર ચલો, બઢો આગે. અને બરફના ખડક સુધી છાવણીઓ નાખવા ફરી પાછો મૅલરી મેદાને પડ્યો. ઢોળાવ ચડવા માંડ્યો.

એ પહેલાં ટોળીના સરદારે ભારબરદારીઓનાં મન પ્રફુલ્લિત કરવા, એમનામાં ઉત્સાહ પ્રેરવા, વડા લામાના આશિર્વાદ મેળવવાનું નક્કી કર્યું. ચાર માઇલ દૂર બધા પાછા ગયા. લામાને ભેટ ધરવાને દરેક મજૂરને બબ્બે રૂપિયા આપવામાં આવ્યા. કર્મપાલસિંહે લામાના વડા ધર્મગુરુ આગળ બધો ઉદ્દેશ કહી સંભળાવ્યો; અને વડા લામાએ દરેકને માથે પોતાના હાથમાં રાખેલો ચાંદીનો ફિરકો અડાડયો,—દરેકને, અંગ્રેજોને પણ. દરેક અંગ્રેજ લામાને જઇને પ્રણામ કરી આવ્યો. ટૂંકમાં પણ ઘણી જ ગંભીરાઇથી લામાએ ભાષણ કર્યું, આ-શિર્વાદ આપ્યા. સૈના દિલમાં જોર આવ્યું અને પ્ર-



નેપાળ ને તિબેટની બીજી કોઇ પણ જાતિ કરતાં આ શેરપા જાતિના નોકરો હિમાલય ચડવામાં ચડિયાતા હોય છે. ખિસકોલી જેવા ચપળ. ૫૦-૬૦ રતલ-ના વજન સાથે ૨૦૦૦ ફૂટ તો સહેલાઇથી ચડી જાય. અને જ્યારે જુઓ ત્યારે હસતા. આવું જ હાસ્ય હિમાલય ખૂંદી શકે ને ધારે તો જીતી શકે.

ફુલ્લિત મને અસાધ્ય સાધવા આગળ પડ્યા.

૨૦મી મે ૧૯૨૪ની સવારે મૅલરી તથા નૉર્ટન લાખ્પા અને ઝરીબે નામના બે કદાવર મજૂરો તથા બીજા થોડા નોકરો સાથે નીકળ્યા. સોમરવેલ થોડે સુધી ગયો, પણ ઉધરસે એને હંફાવ્યો એટલે એને કમને પાછા ફરવું પડ્યું. બબ્બે વખતનો ઘડાએલો કસાએલો મૅલરી, અને બ્રૂસની ગેરહાજરીમાં લડાઇમાં રગદોળાએલો તથા આલ્પ્સનો જાણીતો શિખરિણી નૉર્ટન, (અત્યારે હવે સરદાર તરીકે) ૧૯૨૨માં જે સ્નોકિલફે (બરફના ખડકે) આખા કાફલાને હરાવી પાછા કાઢ્યા હતા તે સર કરવા ચાલ્યા. રસ્તો એવો શોધવો જોઇએ કે જ્યાં હિમપ્રપાતો ધસી આવી સૌને ખેંચી ન જાય. આ સાવધાનતા માટે મૅલરી જ એક જૂનો જોગી, સૌ વસ્તુસ્થિતિનો જાણનાર, બરફના જાદુનો માહિત-

ગાર હતો. આખો બરફનો ખડક એટલે અનેક વણ-કલ્પેલી મુસીબતો અને જીવલેણ જાળનું ભયાનક સંગ્રહસ્થાન. સીધોસટ્ટ ઊંચો ખડક. પછી ઉપર જતાં એક ભયંકર વિશાળ ખાડો. એમા 'છજ્જાં જાળીઆં માળીઆં' જેવા બરફના થાભલાઓની ભૂલભુલામણી. એમાંથી પાર નીકળ્યા કે પાછું સીધું સડસડાટ ચડવાનું. એ ચડાય ત્યારે એ કિલ્લાનો હજી પહેલો દરવાજો સર કર્યો કહેવાય. આખી ચડાઈમાં મહા મુસીબત ચડાણ આ જ ગણાય છે. મૂંઝવી નાખે એવા, થકવી નાખે એવા, આ ભાગ પર મૅલરી પોતાના બાહુબળથી કોદાળી વડે પગથિયાં કાપે ગયો, અને પાઉંબળથી ઉપર ચડતો ગયો. સુખરૂપ સૌને એ દોરવી ગયો. તેમાં છેલ્લા ૨૦૦ ફૂટ ચડવામાં એની કુનેહ અને ચપળતા માટે તો ભલભલા શિખરિણીઓ હજી આજે પણ અચરજ પામે છે. ત્યાં આગળ માંડ-માંડ છ ફૂટનો તંબુ નાખવા જેટલી સપાટ જગ્યા મળી. ૧૯૨૨માં એ જ જગ્યાએ મૅલરીએ પોતાનો વાવટો ફ-રકાવેલો; છાવણી નાખેલી. એનું કંઈ નામનિશાન ? એક ચીજ ન મળે. તે રચના પણ ન મળે. એટલો બધો નવો બરફ જમા થઈ ગએલો કે એ જગ્યા જ જુદી છે એમ કોઈપણ ભુલાવામાં પડે.

આ લેખમાળા તથા તેનાં ચિત્રો તૈયાર કરવામાં નીચેનાં પુસ્તકોનો આધાર લીધો છે. જે કોઈને આ લેખ પરથી હિમાલય વિષે, તથા શિખર આરોહણના એ અપ્રતિમ સાહસ વિષે વધારે વિગતથી જાણવાની ઇચ્છા જાગે તેમને એમાંથી ઘણી નવી, ઝીણામાં ઝીણી વિગતોથી ભરપૂર, રસમય અને રોમાંચક હકીકતો જાણવા મળશે.

Mount Everest *by* Haward-Bury.
The Assault on Mount Everest 1922 *by* Brigadier-General C. G. Bruce.
The Fight for Everest 1924 *by* Lieut. Colonel E. F. Norton.
The Epic of Mount Everest *by* Sir Francis Younghusband.
The Kangchenjunga Adventure *by* F. S. Smythe.

સવારના નીકળેલા તે છેક ત્રણ વાગ્યે ત્યાં પહોંચ્યા. પોણાચારે તંબુ નાખી પાછા વળ્યા. પાછા ફરતાં નૉર્ટન લપસ્યો, અને પછી એક મજૂર લપસ્યો. માંડ માંડ તેઓ જીવ બચાવી શકયા. એટલામાં મૅલરી કંઈક ચૂકથી એક બહારના નહિ દેખાતા ખાડામાં ગરકયો. ચોગરદમ બરફ ને અંધારૂં! એણે બૂમો પાડી, પણ કોઈથી સંભળાઈ નહિ. ઊંચે જોયું તો આકાશ દેખાયું. પોતે દસેક ફૂટ નીચે ગરકેલો જણાયો. મહા મુસીબતે અને અત્યંત કાળજીથી બાજુમાં કુહાડી વડે નાના નાના ગોખલા પાડવા માંડ્યો. વધારે જોર કરે ને બરફનાં બેચાર ચોસલાં જ જો ગરકી આવે તો ! તો પોતાને હાથે જ પોતાની કબર થાય એ તે જાણતો હતો. એ સંકટમાંથી પણ એ બહાર તો નીકળ્યો, પણ તદ્દન લોથપોથ. એવી હાલતમા એ છાવણીએ પણ પહોંચ્યો. પરંતુ આ બધા જોખમને લઈને એને આખી રાત ઊંઘ ન આવી. માથું ફાટફાટ દુખતું હતું. ઉધરસ વધી ગઈ.

સૌને લાગ્યું કે હવે જીત શકય છે. મૅલરી ને નૉર્ટન થાકયા છે, પણ સોમરવેલ અને અર્વિન તૈયાર છે. જે કપરો ભાગ હતો તેના પર તો હવે રસ્તો કોરાઈ ગયો છે. એ ચડયા પછી અને ચોથી છાવણી નંખાયા પછી બહુ અઘરૂં નહિ પડે. બીજે દિવસે હૅઝાર્ડ એ રસ્તે બાર મજૂરો લઈ સામાન મૂકવા ચાલ્યો. ત્રણ વાગ્યામાં તો તેઓ પાછા પણ ફરી ગયા; પણ હૅઝાર્ડ ને આઠ જ મજૂરો! ત્યારે બાકીના ચાર કયાં ? દૂરબીનો મંડાયાં. કયાંય કોઈ દેખાયા નહિ. એ ચારનું શું ? ચિંતા, ચણ-ચણાટ વધવા માંડ્યાં. એ ત્યાં જ રહી ગયા ?

રાતના નવો બરફ પડ્યો. અને હિમાલયમાં નવો બરફ પડે એટલે આખી ભૂગોળ બદલાઈ જાય. વળી એ ઠરે નહિ ત્યાં સુધી કોઈની તાકાત નહિ કે એક ડગલું પણ આગળ ભરી શકે. કલાકે કલાકે બરફ પડતો વધ્યો અને વસ્તુસ્થિતિ અત્યંત ગંભીર બની. ચાર દિવસ આવી ચિંતામાં નીકળી ગયા. નૉર્ટનની મનોવ્યથા સૌથી ભારે હતી; કેમકે પોતે રહ્યા સરદાર, ટોળીનો નાયક, એટલે બધી જુમ્મેદારી ને જવાબદારી પોતાની.

૨૩મી રાત્રે નૉર્ટને આખરી વિચારો કરવા માંડ્યા. પેલા ચાર મજૂરોને બચાવવા જ જોઈએ. એમને ઉગારવા જે કંઈ ભોગ આપવો પડે તે કબૂલ, એવરેસ્ટ ન જીતાય તો ભલે, પણ એમની તો વહાર કરવી જ. પણ આ તોફાનમાં નીકળવું એટલે મોતને નોતરવું તેનું કેમ ? ભલે તેમ તો તેમ; પણ નીકળવું એ ચોક્કસ.

પ્રસંગ વખતે નૉર્ટન, મૅલરી ને સોમરવેલે બનાવેલી બંધુત્વની ભાવના તથા આત્મભોગની કસોટીનો આ દાખલો શિખરિણીઓના દફતરોમાં વિરલ એવો અતિ રોમાંચક સાહસિક અને અમર કિસ્સો છે.
(ચાલુ)


ચન્દ્રવદન મહેતા

જ્ઞાનલીલા

પોષ માસની જ્ઞાનલીલામાં બહુ ઓછા જણે ભાગ લીધો હતો અને તેમાં પણ બધા ખરા ઉત્તરો કોઈના નથી. જેથી કોઇને ઇનામ મળતું નથી. ખરા ઉત્તર નીચે મુજબ છે:

(૧) (૧) અક્કર્મી દીકરો સુવાવડે મોંઘો. (૨) અટાઉનો માલ બટાઉમાં જાય. **(૨)** ઘડિયાળના ચંદાના ટુકડા ડાબી બાજુની આકૃતિ મુજબ થાય. **(૩)** ૨૮નો ત્રીજો ભાગ ૧૦ થાય **(૪)** શબ્દ-ફેરવણી: નીચે મુજબ. આ ૩ ૫ રાંત બીજીઘણી રીતે બેસે છે. **(૫)** અંકગોઠવણ: નીચેની આકૃતિમુજબ.





હ્રા	થી
હા	ર
મા	ર
મા	ડી
ફી	ડી

૨	૧	૪
૩	૫	૭
૬	૯	૮

(૬) ગીંડાં ઢાંકતી લીટી: ઉપરની આકૃતિ મુજબ. **(૭)** ૧૨, ૨૦, ૪, ૬૪

નીચેના સવાલોના ઉત્તર આ અંક ગયા પછી એક અઠવાડિયામાં તંત્રીને સરનામે પહોંચવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત ગમ્મત (૧) પોતાના ત્રણ નોકરમાંના પહેલાને ૪૫, બીજાને ૩૦ ને ત્રીજાને ૧૫ ફણસ આપી એક શેઠે તે સરખે જ ભાવે વેચવાનું કહી બજારમાં મોકલ્યા ને સૂચના કરી કે ભાવ બદલવો પડે તોપણ સાથે જ બદલજો. સાંજના ત્રણે જણ ફણસ વેચી શેઠને હિસાબ આપવા આવ્યા ત્યારે પહેલો જેટલા પૈસા લાવ્યો હતો તેના કરતાં બીજો બમણા ને ત્રીજો ત્રણગણા લાવ્યો હતો. તો શા ભાવથી તેમણે ફણસ વેચ્યાં હશે? (દે. ગ. આલપુરાવાળા) (૨) મરણ પથારીએ પડેલા એક ડોસાને ત્રણ છોકરા હતા. ડોસા પાસે મિલ્કતમાં ફક્ત નવ દૂઝણી ગાયો હતી. તેની વહેંચણી કરવી હતી. ગાયો એવી હતી કે પહેલી એક શેર દૂધ દે તો બીજી બશેર અને એ પ્રમાણે અનુક્રમે છેલ્લી નવમી ગાય નવ શેર દૂધ દે તો તેણે દરેક છોકરાને કયાકયા નંબરની ગાયો આપવી કે જેથી ત્રણેને હમેશાં સરખું દૂધ મળે? (જ. શં લોઢાવાળા) **(૨) એ શું?** (૧) એવું શું છે કે જે બીજાને આપ્યા પછી તમારે રાખવું પડે છે. (૨) ત્રણ અક્ષરનો હું શબ્દ છું. ગામ બહાર હમેશાં હોઉં છું. મારો પહેલો તથા છેલ્લો અક્ષર બંને સંખ્યા છે. વચલો અક્ષર પણ ઉલટાવેલી એક સંખ્યા જ છે. તો હું કોણ? **(૩) શબ્દ-ગોઠવણ:** બાજુમાં બતાવેલી આકૃતિ પ્રમાણે અનુક્રમે ત્રણત્રણ અક્ષરના એવા શબ્દ ગોઠવતા જાઓ કે જેના અર્થ નીચે પ્રમાણે થતા હોય, અને બધા શબ્દો પુરા બરોબર ગોઠવાઈ રહ્યા પછી કાળા આંકડાવાળા અક્ષરોની ઊભી લીટીમાં એક શહેરનું નામ ગોઠવાઇ રહે.

		૧	૨	૩
	૪	૫	૬	
૭	૮	૯		
	૧૦	૧૧	૧૨	
		૧૩	૧૪	૧૫
	૧૬	૧૭	૧૮	
૧૯	૨૦	૨૧		


૧ ૨ ૩=જુદું; ૪ ૫ ૬=સમયનું એક માપ; ૭ ૮ ૯=બધું; ૧૦ ૧૧ ૧૨=વખત; ૧૩ ૧૪ ૧૫=નોળિયે.; ૧૬ ૧૭ ૧૮ ઠગાઈ; ૧૯ ૨૦ ૨૧ એક રોગ. **(૪) શબ્દ શિરચ્છેદ:** મદારીનું માથું વાઢતાં 'હૃદય' નીકળ્યું; 'સાપ'નું માથું કાપતાં પાછળ માત્ર 'નસ' રહી. બતાવશો, એ કેમ થયું? **(૫) વિચિત્ર ચોરસ:** બાજુના ચોરસમાં એક કહેવત ગોઠવાએલી છે. તેમાંથી તેનો પહેલો અક્ષર શોધી કાઢીને ઉપર, નીચે, અથવા ડાબી કે જમણી બાજુ પરનાં (માત્ર કર્ણરેષામાં નહિ)નાં ખાનાંઓમાં અનુકૂળતા પ્રમાણે ખસતા જશો એટલે છેક છેલ્લા અક્ષર સુધી સળંગ વાંચી શકાશે. તમે તે પ્રમાણે કરી બતાવી કહેવત શોધી કાઢશો?

×	×	ટા	ખો	×
હિ	ન	×	શા	મા
મા	×	હે	ખા	મા
મા	ક	ક	×	×
×	ર	તાં	×	×

(૬) શબ્દફેરવણી: બાજુની આકૃતિમાં પહેલા ખાનામાં 'ખુવારી' શબ્દ લખ્યો છે. દર વખત તેનો એકેક અક્ષર ફેરવી નીચેના ખાનામાં મૂકતા જઇ છેલ્લે 'સલિલ' શબ્દ લાવી દો

ખુ	વા	રી
સ	લિ	લ

(૭) ચિત્રપ્રશ્ન: બાજુની આકૃતિમાં કાળાં ટપકાંની જગ્યાએ છ ટાંકણીઓ એવી રીતે ભરાવો કે કોઇપણ સીધી, આડી, ઉભી કે કર્ણ હારમાં એકથી વધારે ટાંકણી આવે નહિ. પ્રથમ દષ્ટિએ તો તમને આ સહેલું લાગશે પણ પછી સમજાશે કે એ એટલું સહેલું નથી.



કડલાં

અનુસંધાન પૃષ્ઠ ૯૦થી

દલુચંદ: હેતીબાઇ, ખોટું ન લગાડતાં. રૂપા ખાંટ મળી જશે ને હિસાબ કરી જશે એટલે આ કડલાં તમારાં જ છે. પગમાં હતાં તેવાં મારી પાસે સમજજો! (સોની તરફ) આ વરસ જ સૌને ભીખ માગતાં કરે એવુંછે!

હેતી: (કોઇ સાંભળે ન સાંભળે એની પરવા કર્યા વિના) મારા પગ વાઢી લીધા હોત તો આ દશામાં ઘેર જવું તો નો પડત! (અદૃશ્ય થાય છે.)

દલુચંદ: અમારે ને રૂપા ખાંટને ગીલકુલ ઘરનો સંબંધ, હોં કે પખાભાઇ! . . . (હેતી દૂર ગઇ હશે એમ માની ધીરેથી) પખાભાઇ! તમારાથી સિત્તેર ભારે ન કહેવાયું? એ ક્યાં ભણેલી હતી તે તમારો કાન પકડત! અરધો નફો તમને આપત, ભલા માણસ!

સોની: આવાં ગરીબગુરબાંની આંતરડી કકળાવીને તમે જ ફાયદો ખાટતા રહો એટલે બસ! કમાય છે એટલાનો તો તમારે ત્યાં ઢગલો વાળે છે, બાપડાં! તો ય ધરાતા નથી? ભૂત થશો ભૂત!

[બહાર ચીસ સંભળાય છે, પણ તે કોઇનું ધ્યાન ખેંચતી નથી. સોની લગરીક ઊંચે કાન થાય છે.]

દલુચંદ: આ. . . . ત્યારે તો મફત બધાંને ધીરૂં ને રૂપિયા વહેંચતો ફરૂં, કહો તો! લોકો શા ઝેરીલા છે?!

[બહારથી અવાજ આવે છે.]

અવાજ: ઓ બાપા! આ આ . . . .!

સોની: શું છે 'લ્યા?

અવાજ: આ બાઇ પડી ગ્યાં! ખડકી આગળ લપસી ગ્યાં! માથું . . . . .

[બંને ચોંકે છે.]

સોની: ચાલો ચાલો, શેઠ! તમારી લીલા! (ઉતાવળો ઉતાવળો બહાર જાય છે.)

દલુચંદ: (કડલાં આંગળાંમાં રમાડતો એના સામી નજર રાખી) કહેવાય નહિ! સાળી મરી ય જાય! કાયદાનો જોગ થઇ રહેશે, આટલામાંથી? (બારણા તરફ વળે છે.)


સોની: (બહારથી અવાજ) જા 'લ્યા હરખા! તારી મા કનેથી કડલાં લઇ આવ! દોડ જો!!

દલુચંદ: (એનાથી બૂમ પડાઇ જવાય છે) હરખા!

ઉમાશંકર જોષી

જાદુઈ ચોરસની ગોઠવણ (૨)

જેની પ્રત્યેક હારમાં એકી સંખ્યાનાં ખાનાં હોય એવા ચોરસના દરેક ખાનામાં અંકોને જાદુઈ રીતે ગોઠવવાની એક બીજી રીત આ નીચે આપવામાં આવી છે:



આકૃતિ ૧

૩	૧૬	૯	૨૨	૧૫
૨૦	૮	૨૧	૧૪	૨
૭	૨૫	૧૩	૧	૧૯
૨૪	૧૨	૫	૧૮	૬
૧૧	૪	૧૭	૧૦	૨૩

આકૃતિ ૨

(૧) ઉપર આકૃતિ ૧માં જાડી લીટીથી બતાવ્યા મુજબ, પ્રથમ, જેટલાં ખાનાંનો ચોરસ બનાવવો હોય તે પ્રમાણેની ખાલી આકૃતિ તૈયાર કરી, પછી તેની દરેક બાજુ ઉપર, જાડી લીટીની બહારની બાજુએ દર્શાવ્યા પ્રમાણે વધારાનાં ખાનાં બનાવો.

(૨) તેવી રીતે તૈયાર થએલી આકૃતિમાં કર્ણરેખામાં, (એટલે ત્રાંસી લીટીમાં) આકૃતિ ૧ માં માંડ્યા પ્રમાણે અંકો એક પછી એક લખી જાઓ. [આવી લેખનપદ્ધતિનો આરંભ ચાર જુદેજુદે સ્થળેથી થઈ શકે છે; અને તે આરંભ પ્રમાણે લેખનગતિની દિશા પણ બદલાય છે. તે દિશા તીરના ચિહ્નથી દર્શાવેલી છે. એ દિશા પ્રમાણે કર્ણરેખા ગોઠવતા જવાથી ચાર જુદીજુદી બાજુએથી અંકો ગોઠવીને ચાર જુદીજુદી રચના કરી શકાય.] (૩) હવે **સ ર** બાજુની બહારના અંકો, જે આ કિસ્સામાં ૪, ૫ અને ૧૦ છે, તેને છે તે સ્થિતિમાં જ ખસેડીને, **મ ગ** બાજુ ઉપરનાં એ સ્થિતિનાં ત્રણ ખાલી ખાનાંમાં લાવો: એટલે કે ૧૨ ને ૧૮ વચ્ચે ૫; ૧૧ ને ૧૭ વચ્ચે ૪; અને ૧૭ અને ૨૩ વચ્ચે ૧૦ આવે એમ મૂકો. એ જ પ્રમાણે **ર ગ** બાજુની બહારના અંકોને **સ મ** બાજુની અંદર; **મ ગ** બાજુની બહારના અંકોને **સ ર** બાજુની અંદર; અને **સ મ** બાજુની બહારના અંકોને **ર ગ** બાજુની અંદર ગોઠવવાથી આખો ય ચોરસ તૈયાર થશે. તે આકૃતિ ૨ માં દર્શાવેલો છે.

મો. હ. પંચોળી

[ગયા અંકમાં આ લેખમાળામાં આપેલી રચનામાં છાપતી વખતે નીચેની ભૂલો સુધારવાની રહી ગઇ છે તે સુધારાને વાંચવી: છેલ્લેથી બીજી લીટીમાં ૧૧+૩૫÷૨×૫=૨૩×૫=૧૧૫ છે તેને બદલે (૧૧+૩૫)÷૨×૫=૨૩×૫=૧૧૫ જોઇએ.]



ભેદીટાપુ

અચાનક એક દિવસ વનમાં મોટા નખવાળા કોઇ પ્રાણી-નાં પગલાં દેખાયાં. તે કયું જનાવર હશે તે સમજાયું નહિ; પણ હાર્ડિંજે સૌને સાવચેત રહેવા કહ્યું, કેમકે વનમાં હિંસ્ર પશુઓનો સંભવ હતો.

અને હાર્ડિંજે સૌને ચેતવ્યા તે સારું જ કર્યું હતું. થોડા જ દિવસમાં હર્બર્ટ અને સ્પિલેટે એક જનાવર જોયું. સદ્‌ભાગ્યે તેણે તેમના પર હુમલો ન કર્યો, નહિતો ભારે પંચાત થઇ પડત. સ્પિલેટે તો મનમાં નક્કી જ કરી લીધું હતું કે બંદુકની સગવડ થતાં પહેલી તકે વનનાં હિંસ્ર પશુઓનો નાશ કરવા માંડવો.

હવે ચીમનીને સુધારવા તરફ કોઇનું ખાસ ધ્યાન નહોતું; કેમકે રહેવા માટે એકાદ સારું સ્થળ શોધી અથવા બનાવી લેવાનું સૌએ ઠરાવી લીધું હતું; એટલે આ દરમ્યાન સૌએ ચીમનીમાં સૂકાએલા શેવાળની પથારી કરી સૂઇ રહેવાની કામચલાઉ સગવડ કરી લીધી.

લિંકન બેટ પર આવ્યા ત્યારથી દિવસની બરાબર ગણતરી પણ રખાતી હતી અને રોજનું દૈનિક કાર્ય લખી લેવામાં આવતું. એપ્રિલની પાંચમી ને બુધવારે બેટમાં આવ્યાને સૌને ૧૨ દિવસ થયા હતા. ૬ઠ્ઠી એપ્રિલે ઇંટ પકવવાને માટે ભઠ્ઠી તૈયાર કરી તેમાં તે પકાવવા મૂકી. અગ્નિ સળગાવ્યો અને ભઠ્ઠી સચેત રાખવા સૌ વારાફરતી આખી રાત જાગતા રહ્યા.

લગભગ અડતાળીસ કલાક પછી ઇંટો પકાવવાનું કામ પૂરું થયું. હવે ઇંટોને ઠંડી કરવાની જરૂર હતી. સરોવરના પાણીમાં તેને ઠંડી કરવામાં આવી.

ત્યાર પછી હાર્ડિંજે વાપરવાનાં વાસણો બનાવવાની તૈયારી કરી. મૂળ વસ્તુ તો માટી જ હતી. તેમાં થોડો ચૂનો મેળવીને વાસણ બનાવવાનો ગારો તૈયાર કર્યો. આ ગારામાંથી રસોઇ કરવાનાં, પાણી પીવાનાં તથા ભરવાનાં વગેરે બધી જાતનાં વાસણો બનાવવામાં આવ્યાં. બધાં હાથથી જ ઘડવાનાં હતાં, તેથી વાંકાંચૂંકાં થતાં હતાં. હાથથી તે ઘાટ કેવોક ઊતરે ? પણ પકાવ્યા પછી એ લોકોને મન આ વાસણો મોંઘી ચીનાઇ માટીનાં વાસણો કરતાં પણ વધારે કિંમતી થઇ પડ્યાં. આ માટીમાંથી પેન્ક્રૉફ્ટે તમાકુ પીવાની હોકલી પણ બનાવી. પણ તમાકુ ક્યાંથી કાઢે ? બિચારો પેન્ક્રૉફ્ટ ! તમાકુ ન હોવાથી તે બહુ નિરાશ થયો.

૧૫મી એપ્રિલે વાસણકુસણ લઇ સૌ ચીમનીમાં પાછા આવ્યા. જંગલી કબૂતરનાં ઇંડાંનો સૂપ અને કપીબારાનું માંસ એ સૌનો રાતનો ખોરાક હતો. તૃપ્તિથી ભોજન કરી રાત્રે સૌ ફરવા બહાર નીકળ્યા.

આકાશ ખૂબ સ્વચ્છ હતું. તારાઓ બધા સાફ જણાતા હતા. દક્ષિણ તરફનો સધર્ન ક્રૉસ તારો અને પડખેના બીજા ચળકતા તારા જોઇ સાઇરસને એક વિચાર સૂઝ્યો. તેમણે સ્પિલેટને કહ્યું: 'સ્પિલેટ, આપણે આ બેટના અક્ષાંશ શોધી કાઢીશું ?'

'પણ સેકસ્ટન્ટ વિના એ કેમ બનશે ?'

'આ સામે સધર્ન ક્રૉસ દેખાય છે તેની ક્ષિતિજથી ઊંચાઇ માપી લઇએ એટલે તે ઉપરથી સેકસ્ટન્ટ બનાવી ગણતરી કરી શકીશું. આ બેટ છે કે નહિ તે નક્કી કરીએ તે પહેલાં પણ આપણે મહાસાગરમાં કયા અક્ષાંશ પર છીએ તે નક્કી કરવાની વિશેષ અગત્ય છે.'

હાર્ડિંજ ચીમનીમાં પાછા આવ્યા અને તરત કામચલાઉ સેકસ્ટન્ટ બનાવવાનો ઉદ્યોગ આરંભ્યો. બે સાદી લાકડાની પટ્ટીઓ લઇ, તે બંનેને છેડે એકેક વીંધ પાડી, તેમાં એક જાડો કાંટો બંનેમાં ભરાવી, તેનો કંપાસ બનાવ્યો, અને એક મોટા વર્તુળના ત્રણસો સાઠ ભાગ પાડીને અંશ માપવાનો ગોળ ચંદ્રક પણ તૈયાર કર્યો.

આ સાદા કંપાસથી પણ સધર્ન ક્રૉસનું ક્ષિતિજથી સાચું અંતર માપવા, કોઇ સપાટ તથા સમુદ્રને મથાળે ક્ષિતિજ દેખાય તેવા સ્થાનની જરૂર હતી. એટલે બધા

વિજ્ઞાન અને સાહસ ગૂંથતી વાર્તાઓના વિખ્યાત ફ્રેંચ લેખક જૂલ્સ વર્નની નવલકથા જેમાં એક અજાણ્યા ઉજ્જડ બેટ પર ઘસડાઇ આવેલા પાંચ સાહસિકો જીવનમાર્ગ ખેડે છે.

પ્રોસ્પેક્ટ હાઇટ પર ગયા. ચંદ્રના આછા તેજમાં ક્ષિતિજની રેખા સ્પષ્ટ દેખાતી હતી. સધર્ન ક્રૉસનો આલ્ફા તારો બરાબર મધ્ય રેખાંશ ઉપર આવ્યો ત્યારે ક્ષિતિજની સમાન્તર કંપાસનો એક હાથ ગોઠવી બીજો હાથ તારાની દિશામાં ગોઠવ્યો અને માપ લઇ લીધું. આ માપમાં ફેર ન પડવા માટે કંપાસનાં બંને પાંખડાંને એકએક કાંટો મારી એક ત્રીજી ચીપની સાથે મજબૂત બનાવી લીધા.

આ આવેલા ખૂણાનું માપ પેલા અંદક ઉપરથી બીજે દિવસે લેવાનું ઠરાવી સૌ નીરાંતે ઊંઘી ગયા.

બીજે દિવસે–૧૬મી એપ્રિલે સવારે દ્વિપવાસીઓ ચીમનીમાંથી બહાર નીકળ્યા. આજે સૌને ધોબીનું કામ કરવાનું હતું. કેટલા ય દિવસથી પહેરી રાખેલાં કપડાંને ધોઇને સાફ કરવાનાં હતાં. હાર્ડિંજે મનમાં નક્કી કર્યું હતું કે જો સોડા અને તેલ અથવા ચરબી મળે તો સાબુ બનાવી લેવાય.

કપડાંમાં તો સૌએ પહેર્યાં હતાં તે જ એક હતાં, પણ એ મજબૂત હતાં તેથી ચાર છ મહિના નીકળી જાય તેમ હતું. જરૂર પડતાં કપડાં પણ બનાવી જ લેવાનાં હતાં.

નિર્મળ આકાશમાં સૂર્ય ધીમે ધીમે ઉપર ચડવા લાગ્યો. સૌને લાગ્યું કે આજનો દિવસ સ્વચ્છ ને તેજસ્વી રહેશે. આવે વખતે સૌએ પર્વતની ઊંચાઇ માપવાનો વિચાર કર્યો. પણ માપ લેવું કેવી રીતે?

હર્બર્ટ: 'પહાડની ઊંચાઇ માપવા તો યંત્ર જોઇશેને? તે ક્યાંથી લાવશો?'

હાર્ડિંજ: 'ના, યંત્રની કશી જરૂર નથી. તું તારે જોયા કરને. હું બધી વ્યવસ્થા કરી લઉં છું.'

એમ કહી હાર્ડિંજે બાર ફૂટ લાંબો અને સીધો એક લાકડાનો કટકો લીધો. પોતાની ઊંચાઇની તો તેને બરોબર ખબર હતી, તેથી બાર ફૂટનું માપ કાઢવું મુશ્કેલ ન પડયું. પછી ઝાડની છાલની દોરી બનાવી તેને છેડે એક પથ્થરનો કટકો બાંધી ઓળંબો બનાવ્યો. દીવાલો ચણતી વખતે તે વાંકી છે કે સીધી તે જોવા માટે કડીઆ આવો ઓળંબો વાપરે છે તે સૌએ જોયો તો હશે જ. આવો ઓળંબો અને બાર ફૂટની લાકડી લઇ હાર્ડિંજ અને હર્બર્ટ આગળ ચાલ્યા.

સમુદ્રકિનારેથી લગભગ ત્રીસ ફૂટ દૂર અને પહાડથી આશરે પાંચસોક ફૂટ દૂર એક જગ્યાએ હાર્ડિંજે ૨ ફૂટ જેટલો ઊંડો ખાડો ખોદી તે બાર ફૂટની લાકડી જમીનમાં દાટી. પછી ઓળંબાની મદદથી જોઇ લીધું કે લાકડી બરાબર સીધી જમીનને કાટખૂણે ઊભી કરાઇ છે કે નહિ. ત્યાર પછી નીચે જમીન ઉપર સૂઇને સાઇરસ હાર્ડિંજ ધીમેધીમે પાછળ ખસવા લાગ્યા, અને જ્યાં સુધી ખોડેલી લાકડીનો છેડો ને પહાડનું શિખર એક લીટીમાં ન આવ્યાં ત્યાં સુધી તેમણે ખસવા જ કર્યું. પછી તે જગ્યાએ એક નાની ખૂંટી ખોડી નિશાની કરી.

હવે ઊઠીને તેમણે હર્બર્ટને કહ્યું: 'હર્બર્ટ! ભૂમિતિ યાદ છે? એ નાના મોટા પણ સમાનખૂણ ત્રિકોણની અનુરૂપ ભુજાઓનું ગુણોત્તર સરખું હોય છે તે તો સાંભરે છે ને?'

હર્બર્ટ: 'હા, એવું કંઇક યાદ છે તો ખરૂં.'

હાર્ડિંજ: 'ત્યારે જો, મેં બે સમકોણ ત્રિકોણ તૈયાર કર્યા છે. પહેલો આ નાનો ત્રિકોણ લઇએ. તેની એક બાજુ આ લાકડી ઊભી છે તે; બીજી બાજુ તે લાકડીના તળિયાથી આ ખૂંટી સુધીનું અંતર; અને ત્રીજી બાજુ તે ખૂંટીથી લાકડીની ટોચનું અંતર. મોટા ત્રિકોણમાં એક બાજુ ગણાશે પહાડની ઊંચાઇ; બીજી બાજુ ખૂંટીથી પહાડની તળેટી સુધીનું અંતર, અને ત્રીજી બાજુ થશે ખૂંટીથી પહાડની ટોચ સુધીનું અંતર—મારી આંખે કલ્પેલી લીટી. વળી પહાડની આ બાજુ તળિયાથી તે ટોચ સુધી સીધી ધારકટા છે, એટલે તળેટીથી ટોચ બરાબર સીધી ઊંચી છે.

હર્બર્ટ ઉત્સાહથી બોલી ઊઠયો: 'બરોબર હવે મને સમજાયું. ખૂંટીથી લાકડીનું અંતર અને ખૂંટીથી પહાડની તળેટીનું અંતર એ બેનું જે ગુણોત્તર છે તે જ ગુણોત્તર પહાડની ઊંચાઇ અને લાકડીની ઊંચાઇનું થશે.'

હાર્ડિંજ: 'એટલે હવે પહાડની ઊંચાઇ જાણી શકાશેને?'

ઊભી લાકડી જમીનની બહાર બરાબર દસ ફૂટ ઊંચી હતી. પણ લાકડીની જ મદદ વડે માપી જોતાં જણાયું કે ખૂંટીથી લાકડીનું અંતર પંદર ફૂટ અને ખૂંટીથી પહાડની તળેટીનું અંતર પાંચસો ફૂટ હતું. આ માપ પૂરું કરી હાર્ડિંજ હર્બર્ટ સાથે ચીમનીમાં પાછા ફર્યા અને એક સાફ પથ્થર ઉપર કોલસા વડે પ્રમાણ માંડયું.

$$૧૫ : ૫૦૦ :: ૧૦ : ઝ$$

$$\therefore ઝ = \frac{૫૦૦ \times ૧૦}{૧૫} = \frac{૫૦૦૦}{૧૫} = ૩૩૩\frac{૧}{૩}$$

અહીં આમ ખાતરી થઇ કે પર્વતની ઊંચાઈ ૩૩૩ ફૂટ છે.

ત્યાર પછી આગલી રાત્રે આલ્ફા તારા અને ક્ષિતિજનું જે માપ કંપાસ ઉપર લઈ રાખ્યું હતું તેનો ખૂણો ચંદ્રક ઉપર માપ્યો. માપીને આલ્ફાનું દક્ષિણ ધ્રુવનું જે અંતર ૨૦ અંશનું હતું તે ઉમેર્યું તેમજ પ્રોસ્પેક્ટ હાઇટની ઊંચાઇને લીધે આલ્ફા અને ક્ષિતિજના ખૂણામાં ઘટતો ફેરફાર કરી એમ નક્કી કર્યું કે આલ્ફાની ઊંચાઇ ૫૩° અંશ છે. એટલે હાર્ડિંજે ખાતરી કરી કે પોતે જે લિંકન બેટ ઉપર આવી પડ્યા હતા તે વિષુવવૃત્તથી દક્ષિણે ૩૭° અંશે આવેલો છે. કદાચને ગણતરીમાં થોડી ભૂલ હોય એમ ગણીએ તોપણ તેની છૂટછાટ મૂકતાં સૌએ એટલું તો નક્કી જ કર્યું કે પોતે ૩૫° થી ૪૦° અક્ષાંશ ઉપર છે. રેખાંશ લેવાનો પણ સાઇરસે તે જ દિવસે બપોરે સમય ઠરાવ્યો હતો; અને ત્યાર પછી એમ નક્કી કર્યું કે રવિવારે સવારે સૌએ ફરીવાર બેટની બારીક તપાસ કરવા નીકળવું. સરોની ઉત્તર દિશાથી શાર્ક-ગલ્ફ સુધી અવલોકન કરી લેવું અને વખત રહે તો કેઈપ સાઉથ–માંડીબલ સુધી પણ જવું. બપોરનું ખાણું ત્યાં જ લેવું ને સાંજે ચીમનીમાં પાછા ફરવું.

સાડા આઠ વાગ્યાના શુમારે બધા યાત્રીઓ ખાડીને કિનારે કિનારે આગળ ચાલ્યા. સામે કિનારે સેઇફટી બેટ (જ્યાં પોતે બલૂનમાંથી ઊતર્યા હતા તે). હતો ત્યાં કેટલાંક પક્ષીઓ આનંદમાં આમથી તેમ ફરતાં હતાં. તેમના અવાજ પરથી સૌએ જાણી લીધું કે તે પેંગ્વિન પક્ષીઓ છે. તેમનું માંસ ખાવામાં સ્વાદિષ્ટ હોવાથી પેન્‌ક્રોફ્ટને તો ખૂબ આનંદ થયો. સીલ જાતનાં જળચર પ્રાણી પણ અહીં દેખાયાં. ખાવામાં તેનું માંસ હલકું ગણાય છે. તેને જોઇને હાર્ડિંજ બહુ ખુશી થયા. તેમણે મનમાં જ નક્કી કર્યું કે એ બેટમાં એકવાર જવું જોઇશે. બેટમાં ઘણા ભાગમાં તો રેતી જ હતી. કેટલાંક દરિયાઇ પક્ષીઓ અને જંગલી હંસો ઊડતાં દેખાતાં હતાં. પેન્‌ક્રોફ્ટે તેને મારવા એકબે તીર છોડ્યાં પણ તે નિષ્ફળ ગયાં. આથી નિરાશ થઇને તેણે હાર્ડિંજને કહ્યું, 'જોયું હાર્ડિંજ, એકબે બંદૂક તૈયાર ન થાય ત્યાંસુધી શિકાર કરવાની મજા નહિ આવે.'

સ્પિલેટ: 'બંદૂક બનાવવામાં મુશ્કેલી શી છે ? નાળ બનાવવા લોઢું લાવો, દારૂ બનાવવા માટે કોલસા, જવખાર ને ગંધક લાવો, અને ગોળી માટે સીસું લાવો, એટલે તુરત હાર્ડિંજ બંદૂક બનાવી દેશે.'

હાર્ડિંજ: 'કદાચ આ બધી યે વસ્તુઓ આ બેટમાં મળી પણ શકશે. પણ બંદૂક બનાવવામાં વધારે કારીગરીની જરૂર છે. ધીરજ રાખો; ધીમેધીમે બધું થઇ રહેશે.'

પેન્‌ક્રોફ્ટ દુ:ખથી બોલી ઊઠ્યો: 'અરેરે ! શા માટે આપણે બધાં અસ્ત્રશસ્ત્ર સમુદ્રમાં નાખી દીધાં ?'

હર્બર્ટ: 'પેન્‌ક્રોફ્ટ, એ બધું નાખી ન દીધું હોત તો આપણે સૌ અત્યારે સમુદ્રમાં જ નાશ પામ્યા હોત !'

પેન્‌ક્રોફ્ટ: 'તે બરાબર છે; પણ હર્બર્ટ, બલૂનમાં બેસી નાસી જવાની બુદ્ધિ તો મારા ભેજામાંથી જ જાગી હતી તે ભૂલી ન જતો.'

સ્પિલેટ: 'વાહ ! બહુ સારી બુદ્ધિ ! એને પરિણામે આ વિપત્તિમાં આવી પડ્યા છીએ !'

પેન્‌ક્રોફ્ટ: 'વિપત્તિ શી છે ? આપણને શાની ખોટ છે ? હાર્ડિંજ બધી જરૂરિયાતો પૂરી કરશે. અને કોઇવાર બેટની બહાર જવાનો માર્ગ પણ જડી રહેશે.'

હાર્ડિંજ: 'જરા થોભો. મને રેખાંશની પણ ગણત્રી કરી લેવા દો; પછી નક્કી કરીશું કે આ લિંકન દ્વિપ સમુદ્રની કઇ બાજુએ આવેલો છે અને કોઇ મોટો દેશ કે કોઈ જાણીતો મોટો બેટ પાસે છે કે નહિ.'

બારનો શુમાર હતો. હાર્ડિંજે એક લાકડી જમીનમાં ખોડી. જરા ત્રાંસી જ ખોડી, જેથી પડછાયો લાંબો પડે. જેમ જેમ પડછાયો ટૂંકો થતો ગયો તેમ તેમ તે ખીલી ખોડતા ગયા. પડછાયો વધવાનો સમય થયો ત્યારે તેમણે સ્પિલેટને પૂછ્યું, 'કેટલા થયા છે ?'

'પાંચ ઉપર એક મિનિટ' સ્પિલેટે જવાબ દીધો.

સ્પિલેટનું ઘડિયાળ અમેરિકાના વખત સાથે મેળવેલું જ હતું. તરત જ નક્કી થયું કે લિંકન બેટ વૉશિંગ્ટન શહેરથી શુમારે પાંચ કલાક જેટલો પશ્ચિમમાં છે. સૂર્ય ૨૪ કલાકમાં પૃથ્વી ફરતો ફરી રહે છે, એટલે દર કલાકે તેની ગતિ ૧૫ અંશની ગણાય. એટલે કે લિંકન બેટ વૉશિંગ્ટનની પશ્ચિમે ૭૫ અંશ ને ગ્રીનીચની પશ્ચિમે ૧૫૨ અંશ ૫૨ છે એમ નક્કી થયું. બેશક આ ગણતરીમાં થોડીઘણી કસર હોવાનો સંભવ હતો ખરો.

આખરે હાર્ડિંજે પોતાને યાદ હતું તે ઉપરથી ગણત્રી કરી ચોક્કસ કર્યું કે લિંકન બેટ પોમોટસ આર્કીપેલેગોના તાહીટી બેટથી બારસો માઇલ, ન્યૂઝીલૅન્ડ દ્વિપથી અઢારસો માઇલ, અને અમેરિકાથી સાડાચાર હજાર માઇલથી પણ વધારે દૂર આવેલો હતો !

(ચાલુ)

મોંઘીબેન



પ્રકરણ પાંચમું
યુરોપ પર ઊડતી નજર

ઇંગ્લંડનો કિનારો જેમજેમ અદૃશ્ય થતો ગયો તેમતેમ સામે બીજો લીલોછમ કિનારો નજરે પડવા માંડ્યો. 'એ હરિયાળો દેશ કયો હશે?' મેં ગરુડરાજને પૂછ્યું. 'એ ફ્રાંસ દેશ.' ગરુડરાજ બોલ્યા; 'રોમનું સામ્રાજ્ય તૂટ્યા પછી એ દેશે સારા યુરોપ પર જુદેજુદે વખતે ઠીક સત્તા જમાવી હતી. રોમન સંસ્કૃતિમાંથી જન્મ પામેલી પાશ્ચાત્ય સંસ્કૃતિનું એ મુખ્ય ધામ. ત્યાંની રાજ્યસત્તા એક વખત ખૂબ બળવાન હતી. આઠમા સૈકામાં મહાન શાર્લમેન નામે બાદશાહ થઇ ગયો. રોમન ધર્મસામ્રાજ્ય (Holy Roman Empire)નું સમ્રાટ્પદ એને મળ્યું હતું. લગભગ આખો મધ્ય યુરોપનો પ્રદેશ અને ઇટલી એને તાબે હતાં. આમ શાર્લમેન જે વખતે મધ્ય યુરોપને એક છત્ર નીચે લાવતો હતો તે જ અરસામાં મધ્ય એશિયાને એક છત્ર નીચે લાવનાર હારૂન અલ રશીદ બગદાદમાં રાજ્ય કરતો હતો. આ મહાન બાદશાહ વિષે 'અરેબિયન નાઇટ્સ'માં ખૂબ વાતો આવે છે તે તો તેં વાંચી હશે. શાર્લમેન અને હારૂન અલ રશીદ એ બંને મિત્રો હતા. યુરોપમાં સૌથી પહેલી ઘડિયાળ દાખલ કરનાર હારૂન અલ રશીદ હતો. એણે એક ટકોરા વગાડતી ઘડિયાળ પોતાના મિત્ર શાર્લમેનને ભેટ તરીકે મોકલી હતી.

ફ્રાંસનો બીજો મહાન રાજા તે બુરબોં વંશનો ચૌદમો લૂઈ. આ રાજાને સૂર્યની ઉપમા અપાતી, એટલો જબરો એનો તાપ હતો. એના જ પ્રપૌત્ર સોળમા લૂઇના વખતમાં પ્રજાએ મોટો બળવો કર્યો અને રાજારાણીનો શિરચ્છેદ કરી પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું. એ બળવા વખતે નેપોલિયન નામનો એક સાધારણ સૈનિક પોતાની બહાદુરીથી આગળ વધ્યો. પ્રજાસત્તાક ફ્રાંસના દુશ્મનોને એણે હરાવ્યા અને આખરે એ જ બાદશાહ થઇ બેઠો. એણે તો આખા યુરોપને ધ્રૂજાવ્યું. મધ્ય યુરોપ અને ઇટલીને ફરીને સર કરી એણે પણ શાર્લમેનની માફક રોમન ધર્મસામ્રાજ્યનું સમ્રાટ્પદ ધારણ કર્યું. પરંતુ ધૂમકેતુના જેવું એનું જીવન થોડા જ વખતમાં લય પામ્યું. એના છેલ્લા દિવસો એણે રાજકેદી તરીકે સેંટ હેલીનામાં ગાળ્યા. ત્યાર પછી ફ્રાંસમાં રાજ્યસત્તા થોડા વખતને માટે જ રહી. આજે તો એ પ્રજાસત્તાક રાજ્ય બન્યું છે. ઇતિહાસની તથા વિવિધ કળાઓની દૃષ્ટિએ ફ્રાંસ રસમય દેશ છે. એનું મુખ્ય શહેર પારીસ તો સાહિત્યકાર ને કલાકારનું સ્વર્ગ ગણાય છે!

'અરુણ! હવે નીચે જો. જે પ્રદેશ પર આપણે ઊડી રહ્યા છીએ ત્યાં થોડાં વર્ષ પૂર્વે—જોકે તારા તો જન્મ પહેલાં—એક મોટું ભયંકર યુદ્ધ થયું હતું. એને યુરોપની યાદવાસ્થળી કહીએ તો ચાલે. એ યુદ્ધમાં યુરોપ તો શું પણ દુનિયાની બીજી પ્રજાઓએ પણ ભાગ લીધો હતો. એ યુદ્ધ એટલું ભયંકર હતું કે એની અસર હજી પણ આખી દુનિયાને લાગે છે. એ લડાઇ પછી યુરોપનો તો નકશો જ ફરી ગયો. તે ઉપરાંત સામાજિક તેમજ રાજકીય બળવાઓ થયા તે જુદા. જર્મનીમાં બળવાન રાજ્યસત્તા હતી તે ઉથલાઈ ગઇ ને ત્યાં પ્રજાનું રાજ્ય થયું. ઑસ્ટ્રિયા હંગરીના તો ટુકડેટુકડા થઈ ગયા. અને તેમાંથી ઝેકોસ્લોવાકિયા, યુગોસ્લાવિયા વગેરે સ્વતંત્ર રાજ્યો બની ગયાં. અને ઑસ્ટ્રિયાના બાદશાહ સદીઓ લગી રોમન ધર્મસામ્રાજ્યના સમ્રાટ્ ગણાતા તેમની એ પુરાણી સત્તાનું પણ નિકંદન વળી ગયું અને




નેપોલિયન


ત્યાં પણ પ્રજાનું રાજ્ય થયું.

પરંતુ સૌથી મોટી ક્રાંતિ તો રશિયા અને તુર્કસ્તાનમાં થઈ. ત્યાં તો રાજકીય ને સામાજિક બંને બળવા સાથે જાગ્યા. રશિયામાં આખા રાજકુટુંબનું ખેદાન-મેદાન થઇ ગયું. રશિયાના બાદશાહ ઝાર એટલે તો ઇશ્વરનો અવતાર એમ લોકો માનતા. પણ ઝારે પોતાની એ સત્તા પોતાના સ્વાર્થ ખાતર જ વાપરેલી. તેના લોકો બીચારા એટલા દબાએલા કે એ દેશ આટલો મોટો છતાં બીજા દેશો પર જરા યે પ્રભાવ પાડી શકયો નહોતો. લેનિન અને ટ્રૉટસ્કીએ ત્યાંની પ્રજાને એ જુલમમાંથી ઉગારી. આજે ત્યાં અમીરઉમરાવો ને રાજાના ખુશામતિયાઓને બદલે ખેડુત અને કામગારોનું રાજ્ય છે. સોવીએટ રશિયા એટલે પ્રજામંડળનું રાજ્ય. એક વખતના છુંદાએલા એ દેશે આજે એટલી પ્રગતિ કરી છે કે ભવિષ્યમાં તે બળવાન સત્તા બનશે એવી આગાહી આપે છે.

તે જ પ્રમાણે તુર્કસ્તાન. યુરોપનું એ તુર્કસ્તાન એક વખત Sickman of Europe (યુરોપનો માંદલો માનવી) એવા ઉપહાસપાત્ર નામથી ઓળખાતું. ઑટોમન જેવા સમર્થ સમ્રાટે સ્થાપેલું એક વખતનું આ બળવાન રાજ્ય તદ્દન નમાલું બની ગયું હતું. ત્યાંના બાદશાહ એટલે ધર્મના પણ વડા. એ ખલીફ તરીકે ઓળખાતા. ધર્મની સામે ન થવાય માટે જ આ બાદશાહી ટકી રહી હતી. જોકે બાદશાહો તો એક પછી એક પદભ્રષ્ટ થયા હતા. ક્રિશ્ચિયન યુરોપમાંથી આ ઇસ્લામી રાજ્યને મિટાવી દેવાની ખટપટ તો ક્રિશ્ચિયન રાજ્યોએ ખૂબ કરી, પણ ફાવ્યા નહિ. યુરોપના યુદ્ધ વખતે તુર્કસ્તાન જર્મનીની કુમકે આવેલું. એ યુદ્ધમાં જર્મની અને તેના પક્ષનાં રાજ્યો હાર્યાં તેની સામે વિજયની કિંમત તરીકે તુર્કસ્તાન પાસેથી પણ એ દેશનો ભાગ ઝૂંટવી લેવાની માગણી થઇ હતી. એ જ અરસામાં ત્યાં મોટો બળવો થયો અને કમાલ પાશાએ રાજ્યની લગામ હાથમાં લઈ ખલીફને પદભ્રષ્ટ કર્યો. તુર્કસ્તાન આજે તો પ્રજાસત્તાક બન્યું છે અને કમાલ પાશાના પ્રમુખપણા નીચે નિર્બળ રાજ્ય મટી પ્રગતિમાન સબળ રાજ્ય બન્યું છે. તેણે મુસલમાનોને ધર્માંધતામાંથી બચાવી પ્રજાનો ઉદ્ધાર કર્યો અને ગ્રીસે પડાવી લીધેલો પોતાનો દેશ પણ પાછો લઇ લીધો. કેટલાએક રૂઢ રિવાજોનો પણ કમાલે નાશ કર્યો છે. ત્યાંની સ્ત્રીઓ હવે પડદાનો ત્યાગ કરી ખુલ્લે મોંએ ફરે છે.' 'ત્યારે લડાઇનું પરિણામ કંઇ ખરાબ આવ્યું એમ તો ના કહેવાય' મેં જરા અચકાતાં કહ્યું. 'વ્યાધિ ખરાબ હોય ત્યાં સખત ઉપચારની જરૂર પડે જ છે. સામાજિક સડાનાં કે રાજકીય સડાનાં મૂળ જ્યાં ઊંડાં પેઠાં હોય તેને જડમૂળથી ઉખેડવાને શસ્ત્રનો ઉપયોગ કરવો જ પડે. તેમ ગર્વિષ્ઠોના ગર્વ ગાળવાને પણ આવાં યુદ્ધની જરૂર છે જ.' ગરુડરાજ બોલ્યા અને આગળ હું કંઇક પૂછવા જતો હતો ત્યાં વચ્ચે જ તે બોલી ઊઠયા 'જો! જો! નીચે આલ્પ્સની પર્વતમાળ આવી.' ધુમ્મસને લીધે બહુ ચોખ્ખું દેખાતું નહોતું પણ જે દેખાતું હતું તે બહુ સુંદર હતું. 'મૉન્ટ બ્લૅાંનાં દર્શન તો ભાગ્યે જ થાય.' ગરુડરાજ બોલ્યા. 'આલ્પ્સનું એ સર્વશ્રેષ્ઠ અને ઊંચામાં ઊંચું શિખર. એ શિખર બરફથી બારે માસ છવાએલું રહેતું હોવાથી સફેદ પર્વતને નામે જ ઓળખાય છે. એનાં દર્શન તો દિવસ બહુ ચોખ્ખો હોય ત્યારે જ થઇ શકે. પેલું આઘે શહેર દેખાય તે જીનીવા. આજે તો એ દુનિયાનું પાટનગર થવા બેઠું છે.'

'તે કેવી રીતે?' મેં પૂછયું. 'ગઇ લડાઇ પૂરી થઇ ત્યારે અમેરિકાના તે વખતના પ્રેસિડેન્ટ મિ. વિલ્સનની સૂચનાથી એક 'લીગ ઑફ નેશન્સ'—રાષ્ટ્રસંઘ—ની સ્થાપના કરવામાં આવી;–એ હેતુથી કે ભવિષ્યમાં પાછી આવી લડાઈ ન થાય, અને દેશો વચ્ચે જો કોઈ તકરાર પડે તો તે એ રાષ્ટ્રસંઘ પતાવે.' 'એ તો ઘણું જ સારું' મારાથી વચ્ચે બોલાઇ જવાયું. પણ ગરુડરાજ તો મોટેથી હસ્યા. 'અરુણ! તું ખરે જ બાળક છે. હજી દુનિયાનો ઇતિહાસ તેં વાંચ્યો નથી. જો વાંચ્યો





ડાબી બાજુ : ફ્રાન્સની રાજધાની પારીસનો પ્રખ્યાત ઇફલ ટાવર. જમણી બાજુ : એક વખત રોમન ધર્મસામ્રાજ્ય ગણાતા ઑસ્ટ્રિયાની રાજધાની વીએના: જે સદીઓથી (અને આજે પણ) યુરોપની સંસ્કારિતાનું કેન્દ્ર ગણાય છે.

હોત તો ખબર પડત કે દરેક યુદ્ધ પોતાની પાછળ ભવિષ્યના યુદ્ધનાં બીજ વાવતું જ જાય છે. ગઇ લડાઇ માટે કહેવાતું કે એ લડાઇ ભવિષ્યમાં લડાઇનો નાશ કરવા માટે (war to end war) હતી, અને એ જ ધોરણે આ રાષ્ટ્રસંઘ ઊભો થયો. પરંતુ તું જ વિચાર કર. એક તો એ રાષ્ટ્રસંઘ જેણે સ્થાપવાની સૂચના કરી તે અમેરિકા જ એમાં નથી! માત્ર યુરોપની ત્રણ-ચાર મોટી સત્તાઓનું જ એ મંડળ છે એમ કહીએ તો ખોટું નહિ. ઇંગ્લંડ, ફ્રાંસ અને હવે ઈટલી પણ પોતાના સ્વાર્થ ખાતર એ મંડળનો ઉપયોગ કરે છે. વળી એ કહેવાય છે રાષ્ટસંઘ પણ એમાં રાષ્ટ્રીય તત્ત્વ જ ક્યાં છે? એ રાષ્ટ્રસંઘની સભા માટે જે પ્રતિનિધિઓ ચૂંટાય છે તે રાષ્ટ્રના નહિ પણ સરકારના. હિંદુસ્તાન એ મંડળનું રાજ્ય છે, પણ હિંદુસ્તાનના પ્રતિનિધિઓ ચૂંટવાનો લોકોને તો શું પણ એની ધારાસભાને પણ હક્ક નથી. વાઇસરૉયની મરજીમાં આવે તે હિંદનો પ્રતિનિધિ બનીને જાય. આવી સ્થિતિ હોય ત્યાં એ રાષ્ટ્રસંઘ શી વિશ્વસેવા કરી શકે? એ તો આગળ કહ્યું તેમ જે સત્તાવાળા છે તેને વધારે સત્તા અપાવી પરમાર્થને નામે સ્વાર્થ સાધવાનો સારામાં સારો રસ્તો છે.'

'ત્યારે દુનિયામાંથી યુદ્ધ નાશ નહિ જ પામે?' મેં નિરાશ બની પૂછ્યું. 'મનુષ્ય સ્વભાવ સ્વાર્થી છે ત્યાં લગી તો નહિ જ.' ગરુડરાજ બોલ્યા. 'બળિયાના બે ભાગ એ કહેવત પ્રમાણે જે નિર્બળ છે તેને દબાવવા કોઇ ચૂકતું નથી. દરેક જણ સબળ હોય તો લડાઇનો સંભવ ઓછો. એટલા જ માટે વ્યક્તિએ કે દેશે પોતાના રક્ષણ પૂરતી તૈયારી તો રાખવી જ જોઇએ. એમાં જ ડહાપણ છે. એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ધરવો એ સૂત્ર ઈસુ ખ્રિસ્તે ભલે શીખવ્યું હોય, એના અનુયાયીઓમાં તો જરા યે પળાયું નથી. પળાયું હોત તો યુરોપનો ઇતિહાસ કંઇક જુદો લખાત. મારા ભગવાને તો ગીતામાં એવો ભીરુ ઉપદેશ કર્યો જ નથી. तस्मात् युद्धस्व भारत । (તારે લડવું જ જોઇએ) એમ ફરીફરીને એમણે અર્જુનને કહ્યું છે.'

ગરુડરાજનું ભાષણ સાંભળી ખરે જ મને શરમ લાગી ને એ શરમના માર્યા થોડીવાર તો મારાથી કશું બોલી શકાયું જ નહિ. મેં આખરે અચકાતાં પૂછ્યું. 'ગઈ લડાઇનું કારણ શું હતું અને એમાં કોનો વાંક?' 'એ પ્રશ્નનો પૂરો જવાબ દેવા બેસું તો મારે યુરોપની રાજનીતિનું આખું પ્રકરણ ઉથલાવવું પડે. લડાઇ થઈ તે પહેલાં જર્મનીના બાદશાહ કૈસર વિલિયમને જરાજરામાં તલવાર ખખડાવવાની ટેવ પડી ગએલી, એટલે લોકો લડાઇનો વાંક બધો જર્મની પર ઢોળવા માગે તેમાં નવાઇ નહિ. પણ મેં આગળ કહ્યું તેમ દરેક યુદ્ધ પોતાની પાછળ ભવિષ્યના યુદ્ધનાં બીજ વાવતું જ જાય છે. જર્મની ને ફ્રાંસની દુશ્મનાવટ





પ્રિન્સ બિસ્માર્કે જર્મનીની રાષ્ટ્રીય એકતા સાધી એનું સમ્રાટપણું પ્રશિયાના રાજાને અપાવ્યું તે પછી ત્યાંની રાજધાની બર્લિન (ડાબી બાજુ) યુરોપમાં સત્તાનું કેન્દ્ર બન્યું. જમણી બાજુ: સેન્ટ પીટર્સનું રોમનું જગવિખ્યાત દેવળ.

તો જૂની છે. મહાન શાર્લમેનના વખતમાં મધ્ય યુરોપ, ઈટલી તેમજ ફ્રાંસ એના તાબામાં હતાં. રોમન ધર્મસામ્રાજ્યના સમ્રાટનું બીરૂદ એણે ધારણ કરેલું. એ આઠમી સદીની વાત. એના મરણ પછી આ સામ્રાજ્ય એના કુટુંબમાં ઝાઝો વખત ટક્યું નહિ. ઈ. સ. ૯૧૮ની સાલમાં સૅક્સનીનો રાજા ડ્યુક ઑટો સમ્રાટ્પદ પર ચૂંટાયો. એના પ્રપૌત્ર મહાન ઑટોએ એ સામ્રાજ્યને ખૂબ જ બળવાન બનાવ્યું. આ રીતે ધર્મ સામ્રાજ્યની ગાદી ફ્રાંસમાંથી જર્મનીમાં ગઇ. એ ગાદીને માટે ફરીને સોળમી સદીમાં ફ્રાંસના રાજાએ ઉમેદવારી કરી. એને માટે બે ઉમેદવારો હતા. એક તો સમ્રાટ્ મૅક્સિમિલિયનનો પૌત્ર પાંચમો ચાર્લ્સ અને બીજો ફ્રાંસ દેશનો રાજા ફ્રાન્સિસ પહેલો. ચાર્લ્સની બાદશાહ તરીકે ચૂંટણી થઇ એટલે ફ્રાંસને બહુ જ આઘાત થયો અને ફ્રાન્સિસે જીવનપર્યંત ચાર્લ્સની પૂંઠ પકડી. ચાર્લ્સે પોતાનું રાજ્ય સબળ તો બનાવ્યું, પણ એનું જીવન આખું લડવામાં જ ગયું. એક તો બહારના શત્રુ સાથે અને બીજું અંદરના ધર્મના ઝગડાઓ પતાવવામાં. માર્ટિન લ્યુથરે આ જ અરસામાં રોમન કૅથૉલિક ધર્મ સામે ઝુંડો ઉઠાવ્યો હતો. અંતે ચાર્લ્સે કંટાળીને રાજ્યનો ત્યાગ કર્યો ને વાનપ્રસ્થ બન્યો. એના રાજ્યત્યાગથી જર્મન સામ્રાજ્ય ફરીને નબળું પડ્યું ને એના પછીના બાદશાહોનો વખત આંતરિક ઝઘડાઓમાં તથા બહારની લડાઇમાં જ ગયો.

આથી કંટાળીને ફર્ડિનાન્ડ બાદશાહે વેસ્ટફાલિયાની સુલેહ કરી. એ સુલેહ જર્મન ઇતિહાસમાં બહુ જ પ્રખ્યાત છે, કારણકે એથી જર્મન સામ્રાજ્ય તૂટતું બચ્યું. આ સુલેહથી ફ્રાંસને આલસેસનો પ્રાંત પણ મળ્યો.

તે પછી જર્મન સામ્રાજ્યને છેલ્લો ફટકો નેપોલિયને માર્યો. એણે જર્મની તેમજ ઇટલી સર કરી શાર્લમેનની માફક રોમન ધર્મસામ્રાજ્યના સમ્રાટનું બીરૂદ ધારણ કર્યું. જોકે નેપોલિયનનું રાજ્ય તો તે જોતજોતાંમાં ગયું. પણ એણે જર્મનીને મારેલા ફટકાથી જર્મનીના તો ટુકડેટુકડા જ થઇ ગયા. એવા છિન્નભિન્ન જર્મનીને ફરીને સંગઠિત કરી પ્રબળ બનાવનાર પ્રિન્સ બિસ્માર્ક. જોકે આ નવા જર્મન રાજ્યમાંથી ઑસ્ટ્રિયા તો છૂટું પડી ગયું. રોમન સામ્રાજ્યના બાદશાહનું પદ ઑસ્ટ્રિયાના રાજાઓએ ક્યાં ય સુધી ભોગવ્યું હતું એટલે બીજાં જર્મન રાજ્યો કરતાં ઑસ્ટ્રિયા પોતાને મોટું અને વધારે મહત્ત્વનું ગણતું. અઢારમી સદીમાં મહાન ફ્રેડરિકે પ્રશિયાને ખૂબ આગળ પાડ્યું. ત્યારથી ઑસ્ટ્રિયા અને પ્રશિયા વચ્ચે ઠીક સરસાઇ ચાલી. નેપોલિયને છિન્નભિન્ન કરેલા સામ્રાજ્યને ફરીને એકત્ર કરવામાં આ બેની સરસાઈ આડે આવતી હતી. પ્રિન્સ બિસ્માર્ક એ પ્રશિયાનો જબરો મુત્સદ્દી હતો. એણે જર્મનીને એક બનાવી તેનું સમ્રાટપણું પ્રશિયાના રાજાને અપાવ્યું. જોકે એ માટે તેને યુદ્ધો આદરવાં પડ્યાં. પહેલાં



પ્રિન્સ બિસ્માર્ક

ઑસ્ટ્રિયા સાથે યુદ્ધ કરી એને હરાવ્યું. પછી ફ્રાંસ જોડે લડાઇ કરી. જર્મન લશ્કર છેક પારીસ લગી પહોંચી ગયું. ખરેખર તો આ વિજયથી જ જર્મન સામ્રાજ્ય એક થયું અને પ્રશિયાનો રાજા એનો સમ્રાટ બન્યો. આ લડાઇમાં જર્મનીએ ફ્રાંસ પાસેથી આલ્સેસ અને લૉરેનનાં પરગણાં લઇ લીધાં. એ લડાઇનું પરિણામ શામાં આવ્યું ? વિક્ટર હ્યુગોએ તો તે જ વખતે ભવિષ્ય ભાખ્યું: 'The day would come when France would rise again invincible and take back not only Alsace and Lorraine but the Rhineland with Mayence and Cologne and in return would give to Germany a republic, so freeing Germany form its Emperors as an equivalent for the dethronement of Napolean.' (એક દિવસ એવો આવશે કે જ્યારે ફ્રાંસ ફરીને વિજય મેળવશે. તે દિવસે માત્ર આલ્સેસ અને લૉરેનને પાછાં લેશે એટલું જ નહિ, પણ હ્રાઇનનો પ્રદેશ તથા મેયાંસ અને કોલોન પણ લેશે, અને ફ્રાંસની ગાદી પરથી ત્રીજા નેપોલિયનને પદભ્રષ્ટ કરવા માટે જર્મનીને પણ પ્રજાસત્તાક બનાવી બાદશાહમુક્ત બનાવશે.) આ ભવિષ્યવાણી ખરી પડી. જર્મની આજે પ્રજાસત્તાક બન્યું છે; એના બાદશાહ કૈસરને દેશવટો ભોગવવો પડે છે.

ઇ.સ. ૧૮૭૦ની સાલની એ લડાઇનું વેર ફ્રાંસે ૧૯૧૮માં વાળ્યું. આ ઐતિહાસિક દુશ્મનાવટ ઉપરાંત જર્મની અને ઇંગ્લંડ વચ્ચે વેપારને અંગે હરીફાઇ ચાલ્યાં જ કરતી હતી. ઇંગ્લંડ દુનિયાનો વેપાર હાથ કરીને બેઠું, પછી જર્મની એ ક્ષેત્રમાં દાખલ થયું. જર્મન લોકો ખૂબ જ ઉદ્યોગી અને વેપારમાં સારા, પણ જ્યાંલગી ઇંગ્લંડ બેઠું હોય ત્યાંલગી જર્મની કાં તો હાથ જોડીને બેસી રહે, કાં તો લડીને પોતાનો ભાગ મેળવે. એટલે ઇંગ્લંડ અને જર્મની વચ્ચે પણ યુદ્ધ થવાનો સંભવ હતો જ. એટલામાં ઑસ્ટ્રિયાના શાહજાદાનું ખૂન થયું. કાગનું બેસવું અને તાડનું પડવું તેમ લડાઇનું કારણ મળ્યું અને તે મળતાં જ દાવાનળ સળગ્યો. આમાં કોનો વાંક અથવા કોણે પહેલ કરી તેનો નિર્ણય શી રીતે થઇ શકે ?'

આમ વાત કરતાં અંધારૂં થવા આવ્યું હતું. દૂરદૂર એક પર્વતના શિખર પરથી ભડકો તેમ જ ધૂમાડો નીકળતાં જોયાં. 'એ શું છે ?' મેં ગરુડરાજને પૂછ્યું. 'એ ઇટલીનો જ્વાળામુખી વીસુવિયસ. ઇટલીમાં અને પડોશમાં મળી ત્રણ જ્વાળામુખીઓ છે. એક તો નેપલ્સ પાસે આવેલો આપણને દેખાય છે તે વીસુવિયસ, બીજો સિસિલીમાં માઉન્ટ એટના, અને ત્રીજો દરિયાની વચ્ચે આવેલો સ્ટ્રૉંબોલી. વીસુવિયસ હમણાં પાછો જાગ્રત છે એટલે ભડકો દેખાય છે.' 'આપણે ત્યારે ઇટલીમાં આવ્યા ? અહીં ઊતરવાના છીએ ?' 'રોમન સંસ્કૃતિ એ તો પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક. એનાં સ્મરણો તાજાં કરવાં હોય તો રોમનાં દર્શન કરવાં જ જોઇએ. એ મહાન સંસ્કૃતિ વિષે તને જરૂર જાણવાની મજા પડશે. તમારા કવિ ઇકબાલે ગાયું છે કે "યુનાન મિસ્ર રોમાં, સબ મિટ ગયે જહાંસે." એ રોમાં આજે નવે રૂપે અવતર્યું છે. એ નવયુગના અધિષ્ઠાતા મુસૉલિનીનાં દર્શન પણ કરવાં જ જોઇએ ને ?' ગરુડરાજ હસીને બોલ્યા.

અમે સડસડાટ નીચે ઊતર્યા. અંધારૂં થવા આવ્યું હતું, પરંતુ આકાશ સ્વચ્છ હતું એટલે રોમની સુંદરતા ઉપરથી જોઇ શકતા હતા. ટેકરાટેકરીઓવાળું એ શહેર, (સાત ટેકરીઓ પર એ વસેલું છે) એનાં ઘરોમાંથી આવતો રોશનીનો પ્રકાશ, એ બધું બહુ જ સુંદર લાગતું હતું. તેમાં યે એક મોટા ઘુમ્મટવાળું મકાન બધાં મકાનોમાં તરી આવતું હતું. 'આ રોમ અને પેલું ઘુમ્મટવાળું મકાન તે જગવિખ્યાત સેન્ટ પીટર્સનું દેવળ' ગરુડરાજ બોલ્યા. તે રાત તો અમે હૉટેલમાં ગાળી અને બીજે દિવસે વહેલા ઊઠી બધું જોવાનો નિશ્ચય કરી અમે સૂતા.

(ચાલુ)

હંસા મહેતા



જેઠો મપારો

બાળ વિભાગ

લાંબી ચાળનું કસેવાળું બાલાબંધી અંગરખું અને માથે ઝાલાવાડી પાઘડી પહેરી જેઠો મપારો મોસમમાં દોડાદોડ કરી મૂકતા. ટૂંકા પગ, જાડું શરીર અને ભાચરા જેવું એમનું મોઢું હોવાથી જેઠા મપારાના એવા દેખાવ પાસે સહુ દબાતું. અને ડાચાબળીઆ તો એવા કે કોઇને બોલવા જ દે નહિ. ભણેલ તો થોડું, પણ બુદ્ધિનો ઉકેલ બહુ. જેઠો મપારો જ્ઞાતિએ દશાશ્રીમાળી વાણિયા હતા.

જેઠોશા ગરીબ સ્થિતિમાં ઊછરેલા, એટલે પરચુરણ માલની દુકાન કરેલી. લોટ, દાળ, હળદર, મીઠું, મરચું અનાજ વગેરે છૂટક વેચે ને ગુજરાન ચલાવે. ગ્યાસતેલ અને દીવાસળી પણ વેચે. બીડીઓ તો એ હાથે વાળતા. સુકો અને પાંદડાં વેચાતાં લાવે ને ગામને ઝાંપે બેસી રોજનું કમાઈ ખાય. જેઠોશા નેસ્તી હતા.

બે પૈસાની મૂડી થઇ એટલે જેઠોશા ગામનું માપુ રાખવા લાગ્યા. માંખળનો તોલ હોય કે ગામમાં કોઇ માલ જોખવો હોય તો જેઠોશા તોળે; બીજાથી તોળાય નહિ. જેઠોશા મહાજન પાસેથી તોળાટનો ઇજારો રાખતા. માપું તો એમનું જ. જેઠોશા મપારા હતા.

ગામના ધર્માદાની મકાત પણ જેઠોશા રાખે. કોઇ કાંઇ માલ વેચે તો જેઠોશાની મકાત ચડી ચૂકી. બાર મહીને હિસાબ કરી જેઠોશા ગામનાંપૈસા એ ઉઘરાવી લે. બહુ વિશ્વાસુ. જાતે વાણિયા, તો યે ભોળાભટાક. પણ ધંધા બહુ આવડે. પૈસો કમાય, પણ નીતિનો. હરામનો માલ હાથમાં ન ઝાલે. જેઠોશા મકાતી હતા.

જેઠોશા કટલરી સામાન પણ રાખતા. પરચુરણ માલની દુકાન તો હાલતી જ હોય. મોટરનો સામાન જોઇએ તો ત્યાં મળે, ફોટાઓનો સામાન પણ જેઠોશા રાખે. આભલાં, રમકડાં ય જેઠોશાને ત્યાંથી મળે. જેઠોશા બંગડીઓ ય વેચે ને ચૂડલીઓ ય વેચે. જેઠોશા મણિયારા હતા.

પછી જેઠોશા સામટા માલની વખારો પણ ભરવા લાગ્યા. ઘઉં, કપાશિયા તો ભર્યે જ જાય. થાકે જ નહિ. એકલે હાથે સૌને હઠાવે. કોઇથી ગાંજ્યા જાય નહિ. વખારો તો માલથી હાંફતી હોય, તો ય માલ લાવીલાવીને ભર્યે જ જાય. જેઠોશા કણિયા હતા.

જેઠોશા ખાદી વણાવે ને થોડોથોડો માલ દેશાવરથી યે લાવે. ઘરાકી પણ જેઠાશાને ઘેર રહે. જેઠોશા ફડિયા હતા.

ઘરાકી વધતાં જેઠોશાએ કાપડની ગાંસડીઓ દલવવા માંડી. પાછું વાળીને જોયા વગર માલ આવ્યે જ જાય. રોકડે કે ઉધારે, પણ ઘરાક આવ્યું તેને માલ વળગાડ્યે જ છૂટકો. જેઠોશા કાપડિયા હતા.

મોસમ આવે ત્યારે જેઠોશા કાલાં કપાસનો આઢ કરે. કાલાં ફોલાવે; ગામમાંથી ચરખિયાને બોલાવી ચરખા બેસાડે ને કપાસ પીલાવે. કપાસિયા ને રૂના ઢગલા થાય, ને જેઠોશા કાલાના જાકડાની હેડો લાવ્યા જ કરે. રૂનાં ઘોકણાં ભરી જેઠોશા પીઠામાં મોકલે ને રૂ વેચાઈ જાય. જેઠોશા આઢીઆ હતા.

જેઠોશા વેપારે વધ્યા ને આબરૂએ ય વધ્યા. જેઠોશા પૈસે ય વધ્યા ને ઘરાકે ય વધ્યા. જેઠોશા ઉમ્મરે વધ્યા ને શરીરમાં ય વધ્યા. જેઠોશા ફેંદમુંઢ બની ગયા. જેઠાશાને બહારગામથી ખરીદીઆ મળ્યા. સૌ એમને ત્યાં ઊતરે. ગામમાંથી માલ લે ને જેઠોશા સાથે રહીને અપાવે. એમાં ય જેઠોશાનો હક્ક ખરો. જેઠોશાની હકસાઇ ચડે. જેઠોશા દલાલી પહેલી કાપી લે. જેઠોશા દલાલ હતા.

જેઠોશાને બહારગામના ખાતેદાર ખૂબ થયા. બહારગામથી ઑર્ડરો આવે ને જેઠોશા માલ મોકલ્યે જ જાય. વ્યાજ મળે, દલાલી મળે ને નફો મળે. જેઠોશા આડતનો વેપાર કરતા. જેઠોશા આડતિયા હતા.

જેઠોશાની આબરૂ તો સોના જેવી. એમની હુંડી દેશપરદેશ બધે ય ચાલે. કોરે કાગળે લોકો એમની હુંડી સ્વીકારી લે. વગર ઓળખાણે જેઠોશાનું નામ બધા ય વેપારી જાણે. જેઠોશા દેશવિદેશ પ્રખ્યાત થઇ

ગયા હતા. જેઠાશા શરાફ હતા.


જેઠાશા ધીરધારનો ધંધો પણ કરતા. ખેડુતોને ધીરી સવાયા કરતા. પાક આવે ત્યારે બધો ઘરે ઉપાડી લાવે ને વેચી નાખે. પોતાના પૈસા કાપી લેતાં વધે તો ખેડુને આપે. ગામના વેપારીઓનું ઘરેણું ય ઘરેણે રાખે. ખેતરપાદર, માલમિલ્કત અને ઘરબાર પણ ગીરો રાખે. જેઠાશા અરધા ગામના ધણી હતા.

ગામમાં જેઠાશા આગેવાન હતા; મહાજનના શેઠ હતા; મોવડી હતા. જેઠાશા ગરીબગુરબાંની ખબર રાખતા, સગાંવહાલાંને ધંધે વળગાડી નાતીલાને પાળતા અને ધર્માદો કરતા. સવારસાંજ ઉપાશ્રયે જઇ સામાયક–પ્રતિક્રમણ કરતા. આઠમ પાખી પાળતા અને પોષધ કરતા. જેઠાશા ધર્મવાળા હતા.

જેઠાશા સુખી હતા, પણ સંતાન ન હતું. જેઠાશાની વહુ બાધાઆખડી રાખે, પણ 'ગરીબની હાય' નડતી. જેઠાશા શારીરિક સુખ મેળવીને આંતરિક સુખ ગુમાવી બેઠા. ઘર ખાવા ધાતું લાગતું. શેઠાણી કલ્પાંત કરતાં ગુજરી ગયાં ને શેઠે મિલ્કત ધર્માદે આપી દઇ સંન્યાસ લીધો. જેઠાશા સાધુ થયા.

ઘણાં વર્ષ સુધી ધર્મધ્યાન કરી જેઠાશા કાળ કરી ગયા. એમની પાલખી આખા ગામમાં ફરી ને એમની સ્મશાનયાત્રામાં આખું ગામ નીકળ્યું. હજુ યે જેઠાશાને બધા યાદ કરે છે. જેઠાશા અમર થઇ ગયા.

મનુભાઇ જોધાણી



પાનખર અને વસંત

ઓતરા તે ખંડના હેમાળા વાયરે
દરિયાને જોવાનાં મનડાં કીધાં,
ડમરીની ધૂળનાં છત્તર મઢાવી
વંટોળી ઘોડલા સાથે લીધા.

મારગડે દેખીને ડુંગરનાં રૂખડાં
પોરો ખાવાને એ થંભી ગયા,
સ્હેલાણી કરવાને વનવનનાં પાંદડાં
મોંઘા મહેમાનના ઘોડે ચડયાં.

તોફાની ઘોડિલા લઇને વનબાળકાં
ધરતી ને આભ બે ય ખૂંદી રહ્યાં,
ઝગમગતી છીપુંનાં મોતીડે રમવાને
દખ્ખણના દરિયામાં કૂદી પડયાં.

દરિયાના દેવનાં દરશન કરીને
અમૃતના કુંભ લઇ પાછા વળ્યા,
સ્વચ્છંદી ખેલનાં છાંડી તોફાનને
હળવેથી વાયરા પંથે પળ્યા.

મારગડે અમૃતના વેરીને કુંભને
સૂકેલાં ઝાડપાન તાજાં કર્યાં,
પચરંગી ફૂલડાંની મીઠેરી મ્હેકથી
વગડા ને સીમમાં ચેતન ભર્યાં.

ધરતીના દેહને શણગારી વાયરા
બંધવ ને બ્હેનીને આવી મળ્યા,
ઝીલંતાં વારણાં સ્નેહીના સાથનાં
શંભુનાં ચરણુંમાં જઇને ઢળ્યા.

રામપ્રસાદ શુકલ

બગલાં બે
ઊડતાં રૂહે.

એક બગલા પર બેઠી માખ,
બગલે કાઢી મોટી આંખ.

માખ માખ ઊડી જા,
નહિ તો તને ખાઇ જાઉં.

માખ કહે હું શાની ઊડું,
તારાથી શું બી જાઉં ?

માખે કાઢયો ડોળો,
બગલે વીંઝી પાંખ,

બગલો ઊડયો આભમાં,
ને ઘેર આવી માખ.



સુન્દરમ



મધુકરી

પ્રાર્થના

જીવનપટ પર પગ ધર તું
અંતરતટ મમ તવ ચરણોથી,
પ્રિયતમ હે! અંકિત કર તું.

શુભ્ર સુધાભર શશિકિરણો ગમ
માનસકુમુદિની જેમ ખીલે ત્યમ,
તવ શુભ સૌમ્ય સ્વરૂપ પ્રતિ મુજ
શિશુકરને મુકુલિત કર તું.

ગગનફલક પર અગણિત તારક
પુલકી પુલકી રચતા તવ સ્મારક,
તિમિરાવૃત ત્યમ હૃદયફલક પર
તેજકિરણ મુદ્રિત કર તું.

પ્રાણ, પ્રકાશ, પરાગ પ્રફુલ્લિત,
પુષ્પિત, સુરસફલિત, મધુગુંજિત
જીવનકાનન તવ ટહુકાથી
કલકલભર કૂજિત કર તું.

—સુન્દરમ

મધમાખીઓનો અભ્યાસી ચાર્લ્સ ડૅડાં

આ માણસે છેલ્લાં સાઠ વર્ષમાં માત્ર જ્ઞાન અને ચિકિત્સાના બળે યુરોપ આખામાં મધનો પાક અનેકગણો વધારી મૂકયો અને મધના વેપારને સમૃદ્ધ બનાવી દીધો. ઇ.૧૮૧૭માં ફ્રાન્સમાં તેનો જન્મ થયો હતો અને ૧૯૦૨માં અમેરિકાના ઇલીનૉઇ પ્રાંતના હૅમિલ્ટન ગામમાં જનસેવાપૂર્ણ જિંદગી ગુજારી તે અવસાન પામ્યો. તેનો પિતા ફ્રાન્સમાં લૈંગ્રી ગામમાં કુટુંબની ગૌચર જમીન પર ગુજરાન ચલાવતો. જમીનના ઉજ્જડ ભાગમાં ચાર્લ્સ વનસ્પતિશાસ્ત્રના જાતજાતના અખતરા કરતો. તેમાં સંયોગોથી એક વૃક્ષ પર બે જાતનાં ફળો લાવવાં, ફૂલોના રંગ બદલવા, ફળો મોટાં કરવાં, કાંટાવાળાં ફળો પરથી કાંટા દૂર કરવા વગેરે પ્રયોગોનાં અજબ પરિણામો જોઇ ગામડિયાઓ આશ્ચર્યચકિત થઇ જતા ને તેની કરામતને જાદુગરી માનતા.


તેના પ્રયત્નો પર મુગ્ધ બનેલા એક પાદરીએ તેને એક મધપૂડો રાખવાનું ઘર આપ્યું. એ વેળા ફ્રાન્સમાં ડેબૉવૉઈ નામના એક મધુ-નિષ્ણાતે આવાં ઘરો બનાવ્યાં હતાં, પણ તેમાં માખીઓ મધ જમાવતી ત્યારે દરેક પૂડો સામસામો ચોંટી જતો અને મધ કાઢવાનું મુશ્કેલ થતું. આથી બધા મધના ધંધાદારીઓએ માનેલું કે એ માથાફોડ નકામી છે અને જે બાપદાદાના વખતથી ચાલતું આવે છે તે જ ઠીક છે.


પણ ચાર્લ્સ પાસે ડેબૉવૉઈનું એ ઘરૂં આવ્યું એટલે તેણે તો તે પર એકધ્યાન માંડયું માખીઓ આવીને મધ પૂરવા લાગી, પણ તેના ઘાસના ઘરામાં તેઓ શું કરે છે તે જોઇ શકાતું નહિ. અગાઉ હ્યૂબર નામના એક અંધ વિદ્વાને માખીઓ પાળી સાચવીને તેમના જીવન વિશે કંઇક ઉપયોગી માહિતી મેળવી હતી તથા તેમને વિષે ચાલતી કલ્પિત વાતોનું ખંડન કર્યું હતું તેમ આ ભાઇને પણ મધમાખીઓ વિષે જાણવાની ઈચ્છા થઇ.

પેલા પાદરી મિત્ર તો તેની એવી પ્રવૃત્તિ પર જરા ખફા થયા. અને ફફડયા: ‘બેવકૂફ છોકરો! આમ આખો દહાડો ઘરૂં કાઢઘાલ કર્યા કરે એટલે માખીઓ ત્યાં ટકવાની કે?’

પણ ડૅડાંના જીવનમાં મધમાખીનાં અભ્યાસ અને પરિચય પૂર્ણ સ્થાન લઈ ચૂકયાં હતાં. લૈંગ્રી ગામની બજારમાં તેણે પોતાના ગુજારા માટે એક નાની સરખી દુકાન કાઢેલી. ત્યાંની આવકમાંથી જે બચત થતી,તે એ સંઘરી રાખતો અને જિંદગીમાં જ્યારે પણ કુટુંબ સાથે આરામ લેવાની વેળા મળે ત્યારે દ્રાક્ષ અને મધના ધંધામાં તથા તેનો અભ્યાસ કરવામાં વખત ગુજારવો એમ તેણે ધારી મૂકયું હતું. સાથેસાથે તેની ધૂન પોષવાને તેણે માખીઓનાં કેટલાંક રહેઠાણ પણ બનાવી મૂકયાં હતાં અને વખતોવખત તેની ખાસિયતોનું નિરીક્ષણ કરતો તથા નવાં ઘરાં બદલતો રહેતો. આસપાસના મધના ધંધાવાળા ખેડુઓને બીક લાગતી કે તેની આ કરામતોથી કોઇ વાર સૌને એ ખરાબ કરશે.

પણ તેને ધંધામાંથી ફારગ થવા વારો આવ્યો જ નહિ. અંતે ઈ. ૧૮૪૮માં ફ્રાન્સની રાજક્રાંતિ વખતે તેનો ચાલુ ધંધો ખુવાર થઇ ગયો ને લૈંગ્રીની બજારમાં ઘાસ ઊગવા લાગ્યું. છતાં આ આફતથી પણ કાયર નહિ થતાં તેણે વતન છોડીને અમેરિકામાં નવેસરથી જિંદગી શરૂ કરવા પ્રયાણ કર્યું.





ઉપર : મધમાખીઓના જીવનનો અભ્યાસી અને જગતના મધ ઊછેરવાના ધંધાને સુધારી, વિકસાવી સમૃદ્ધ કરનાર ચાર્લ્સ ડૅડાં. જમણી બાજુ : ડૅડાંનો શોધેલો મોટાં ઘરાં વાળો તથા હેરવી ફેરવી શકાય તેવો આ મધપૂડો. એ પ્રચલિત કરતાં તથા તેના ફાયદા જનતાને ગળે ઉતારતાં ડૅડાંને જૂની પ્રણાલિકાના અંધ અનુયાયીઓ સામે ભારે ટક્કર ખમવી પડેલી. તેનો ઉપહાસ થયો, કડવો વિરોધ થયો, ગાળો પડી, પણ અંતે એ બધાની સામે તેણે પોતાના મતની ખાતરી કરી આપી; ને પછી તો જગતે મધના ધંધાના શિરોમણિનો મુકુટ તેને પહેરાવ્યો.

તે અમેરિકા ગયો અને પશ્ચિમ ઇલીનૉઇ પ્રાંતના એક ગામડામાં ખોરડું વસાવ્યું તેની રંક સ્થિતિમાં તેની મધુમક્ષિકાઓ તેને દિલાસો અને રાહત આપતી. તેના છાપરાની સામે છાયાં વાળા ઢાળ ઉપર કેટલા ય મધપૂડા ગુંજી રહ્યા હતા.


અહીં ડૅડાં તેમની કરામતો પર એકાંત ધ્યાન લગાવી બેસી રહેતો. તેમના ગુંજારવ વચ્ચે તે કંઇ પણ રક્ષણ રાખ્યા વિના બેસતો, લખતો અને જોયાં કરતો. મધમાખીઓના ભાવ જાણનારને તેના ડંખની જરાય બીક લાગતી નથી. આમ કરતાં કરતાં છેવટે એ મધમાખીઓની વાડીમાંથી જ તેના કુટુંબને ગએલી સંપત્તિ પાછી મળી.

ઇલીનૉઇના આ મુફલિસ ખેડુએ મધના વેપારમાં થનારો મોટો ફેરફાર સૌ પહેલો જોઇ લીધો હતો. તે સમજી ગયો કે હવે જૂની રૂઢિ છોડી દેવાનો વખત આવી ગયો છે, આજ સુધી કોઇને મધપૂડાની અંદરની કરામતની ખબર નહોતી એટલે જ આ મધના પાક માટે માખીઓની વિચિત્રતાઓ અને આફતોને આધીન રહેવું પડતું.

હ્યુબર આ દિશામાં ચીલો તો કરી ગયો હતો. તેના કહેવા પ્રમાણે તો માણસ ધારે તો માખીઓની પ્રવૃત્તિ પર કાબુ મેળવી શકે, તેમની સંખ્યા બાંધી શકે, અને તેના ખોરાકનો પણ મનમાન્યો બંદોબસ્ત કરી શકે. જેથી આ લાલચુ મધમાખોનાં સૈન્યોનાં સૈન્યો ફૂલોમાં રસ થાય તે વખતે મધ ભેગું કરવા હાજરનાં હાજર જ રહે. તે માટે તેમના મધપૂડા માણસને હાથવગા રહેવા જોઇએ અને ગમે તેમ ગોઠવી શકાય એવા હોવા જોઇએ. તો જ મધનો ધંધો લાભ આપતો થાય. પણ આમ કરવામાં ફ્રાન્સનો ડેર્વૉવૉઇ નિષ્ફળ થયો હતો. પરંતુ ડૅડાંએ જોયું કે નવા અખતરા કરનારામાં લંગસ્ટ્રોથનાં ચોકઠાં વધુ સફળ નીવડ્યાં હતાં અને તેના પર પ્રયોગો તથા સુધારા કરતાં તેણે મધમાખોની પ્રવૃત્તિઓ કાબુમાં લીધી તેમજ પાકનું પરિણામ વધાર્યું અમેરિકનોએ તેની આ નવી રીત ઘણા ઉમંગથી ચાલુ કરી અને તેમની ખાત્રી થઇ કે આ ધંધો જીવન-નિર્વાહ આપી શકે. એવો પણ છે.

ડૅડાંએ હવે પોતાના વતનને આ બાબતમાં કેળવવાની ઝુંબેશ ઉઠાવી. અને ફ્રાન્સના જૂની રૂઢિથી મધ કરનારા વેપારીઓનો વહેમ ભૂંસી નાખી અમેરિકનો જે નવી સંપત્તિ મેળવી રહ્યા હતા તે તેમને અપાવવાના પ્રયત્ને લાગ્યો. તે વખતે પ્રો. હામેટ તથા તેના જેવા બીજા તેના પર હસ્યા, મશ્કરીઓ કરી ને ખફા પણ થયા, પરંતુ આખરે નમી પડ્યા. ડૅડાંની કલગબાજીએ સૌને પરાસ્ત કર્યા અને તેની રીતોનો સાર્વત્રિક સ્વીકાર થયો.

ડૅડાં જીવનભર પ્રયોગશાસ્ત્રી હતો. કુમાર વયમાંથી જ તેણે જૂની ઢબનો ઘાસનો મધ-પૂડો હાથ લીધો અને માખીઓ પર ધ્યાન ચલાવ્યું. માખીરાણી કેટલાં ઈંડાં મૂકે છે તેની ગણત્રી બાંધી અને તેના હિસાબે પહોળાં છિદ્રો વાળા ઘરાં Broad chamber બનાવ્યાં તે વખતે અમેરિકા આખામાં નાનાં ઘરાં પ્રચલિત હતાં; કેમકે લોકો માનતા કે નાનાં ઘરોમાં માખીરાણીને વધારાનાં નકામાં ઈંડાં મૂકવાની જગ્યા મળવાની નહિ અને તેથી તેનું બધું ધ્યાન મધ ઉપર જ રહેવાને લીધે મધ વધારે ઊતરે. પણ આ વાત ખોટી ઠરાવીને તે સામે ડૅડાંએ નિર્ભય પડકાર કર્યો. પોતે ફ્રેંચ ભાષામાં એક પુસ્તક લખતો હતો તેમાં તેણે આવા નાના ઘરાંનો ઉલ્લેખ કરવાનો ચોખ્ખો ઇન્કાર કર્યો ને તે માટે આખા દેશના તંત્રીઓએ તેની સામે કકળાણ મચાવી મૂક્યું. આમ હજુ દેશ પરદેશમાં નાના ઘરાંની પ્રતિષ્ઠા ચાલુ હતી. પણ અંતે અમેરિકાના માલધણીઓ તેના કારણે ધંધામાં ખુવાર થયા ત્યારે ડૅડાંને પૂછતા આવ્યા કે તેણે પોતે મધનો પાક વધારે શી રીતે લીધો. તેણે તો તુરત પોતાના વિશાળ પહોળા ઘરાં બતાવી દીધાં.



ઉપરના ચિત્રમાં ટેબલ પર પડેલી પેટીઓ આપણે ત્યાં દક્ષિણ હિંદમાં વપરાતી મધપૂડાની છે. તેને કીડીઓના હુમલાથી બચાવવા પાયા નીચે પાણી ભરેલાં વાસણો મૂકેલાં છે.

તેના લેખો દ્વારા તેના પ્રયોગોનો ફ્રાંસ, ઇટાલી, સ્વિટઝર્લાંડ ને રશિયાના મધના ધંધાગરોએ સ્વીકાર કર્યો અને આ રંક અજાણ્યો પરદેશવાસી તેમનો 'માનીતો ગુરુ' અને પ્રિય નેતા બન્યો. તેને લીધે જ તેમને પહેલાં કરતાં બમણા ત્રમણા ને દશ ગણા દામ આવવા લાગ્યા.

ડૅડાંને વળી એ પણ લાગ્યું કે ઇટાલિયન મધમાખો વધુ કામગરી અને કહ્યાગરી છે તરત તેણે હજારો ડૉલર ખર્ચીને ઈટાલિયન મધરાણીની અમેરિકામાં પધરામણી કરી! પણ પછી તત્કાળ નાણાં હાથ પર નહિ હોવાથી શરૂઆતનાં પારસલો તે છોડાવી શક્યો નહિ. છતાં તે આ કામ પાછળ મચ્યો જ રહ્યો. બહુ ઓછા માણસોને તેની આ વાત ગળે ઊતરી; કેમકે લાંબી મુસાફરીમાં આ વિચિત્ર માલને કૈંક વિપત્તિઓ હોય. છતાં અંતે તો તેના જ પ્રયત્ને ઇટાલિયન માખીઓ આયાત કરવાનું સહજ અને સલામતીવાળું થયું.

આ માખીનો રંગ સોનેરી પીળો નહોતો એટલે લોકપ્રિય બનતાં વાર લાગી, પણ પછી તો મુલકભરમાં ઇટાલિયન માખીઓનો વિસ્તાર વધી પડ્યો.

એવામાં ભેગ કરી વેચનારાને લીધે મધનો ધંધો જોખમમાં આવ્યો. તરત ડૅડાંએ મધના ખરા વેપારીઓને ભેગા કરી તેમની સામે ઝુંબેશ ઉઠાવી અને અમેરિકન કૉંગ્રેસને અરજી કરી બનાવટી મધ કે મીઠાઇ વેચનાર સામે મનાઇ કલમ કરાવી. જોકે એ કલમ કમિટીના દફતરે જ રહી, છતાં તેણે આદરેલી હીલચાલ પછી એ ત્રીસ વર્ષ સુધીમાં ઘણા ઉપયોગી ધારા થયા અને શુદ્ધ ખોરાકીનો કાયદો પસાર થયો.

પંચ્યાસી વર્ષ સુધી આ યોદ્ધો, શોધક., લેખક, અને કુદરતનો આશક પ્રગતિમાનવ જિંદગીના છેડા સુધી કર્તવ્ય-નિમગ્ન હતો. તેણે પુષ્કળ લખ્યું છે અને માખી ઉપર તો કોઇ પણ લેખ લખતાં તેનાં જ અવતરણો લેવાય છે. તેના લખાણથી ઘણા તેના દુશ્મનો થતા, પણ સો તેને આદર આપતા. અને આજે તો જૂની ઘરેડમાંથી મુક્ત કરવા માટે યુરોપના મધના ધંધાદારીઓ તેના નામ પર પ્રેમ વરસાવે છે.

તેની અંત ઘડીઓ તેના પ્રિય ગ્રામનિવાસમાં જ વિતાવી ૧૯૦૨માં તે ગુજરી ગયો ત્યારે સકળ મધ બજારમાં શોક વ્યાપેલો. એક ફ્રેંચ પત્રકારે તો લખ્યું: 'આપણો પૂજ્ય ગુરુ મહાશય આજ ગયો'. પણ ચાર્લ્સ ડૅડાંનું તેજ હજી ટકી રહ્યું છે અને તેની ઉમળકાભરી, દૂરદર્શી વેચવાની રીતો પર તેઓ હજુ આગળ વધી રહ્યા છે. (નેચર મૅગેઝીન)

લંડન ટાવર

Ye Towers of Julius, London's lasting shame,
By many a foul and mid-night murder fed.
—*Gray*

પથ્થરોને જો વાચા સાંપડે તો લંડનનું આ ઇતિહાસ-પ્રસિદ્ધ અને જગજાણીતું મકાન (લંડન ટાવર) અનેક અતિ અદ્‌ભુત અને રોમાંચક વાતો કહે. તેનો ઉપયોગ જેલ, મહેલ

અને છેવટ કતલખાના તરીકે પણ થયો છે! તેનું પ્રત્યેક અણુ નિરાધારોનાં આંસુ અને નિર્દોષનાં રક્તથી ભીંજાએલું છે. આ ટાવરનું ખાતમુહૂર્ત જ્યુલિયસ સીઝરે કર્યાનું કહેવાય છે. તેને હાલના સ્વરૂપમાં બંધાવવા માટે (William the Conquerer) વિજેતા વિલિયમે શિલ્પકલાકુશળ ગંડોલ્ફ (Gundolf) નામના નૉર્મેન્ડીના સાધુને તેડાવ્યો હતો. તે સદા યે પોતાનાં પાપ ધોવા માટે પશ્ચાત્તાપનાં આંસુઓ સારતો. તે આંસુઓ રૂપી પાણી ને અનેકનાં માંસ રૂપી ચુનાથી એ ટાવર બંધાયો. પાછળના રાજાઓએ પોતાને રૂચતા અનેક ફેરફારો તેમાં કર્યા. આજની પાર્લમેન્ટના બીજ રૂપ શહેરના અગ્રણીઓ આ ટાવરના આગળના ભાગમાં ભેગા મળતા. રાજાને મળવા જતાં તેમને રાજાના દ્વારપાળો રોકવા લાગ્યા. આ અડચણ દૂર કરવા તેઓએ રાજા પાસે છ ઠરેલ માણસો (six sage men)ને પ્રતિનિધિ તરીકે મોકલ્યા. તેઓએ વિનંતિ કરી કે 'પ્રજાના કોઇ માણસને રાજા પાસે આવતાં રોકી શકાય નહિ.' બીજી શરત એ કરી કે 'પહેરેગારો પ્રજાએ નીમેલા જ હોવા જાઇએ.' હેન્રી ત્રીજાને પ્રજાની આ માગણીનો સ્વીકાર કરવો પડયો.

આ ટાવર કેવી રીતે બાદશાહી કતલખાનું બન્યું, હેન્રી છઠ્ઠાને વેઇકફીલ્ડ ટાવરમાં કેવી રીતે કતલ કર્યો, રિચર્ડે તેના ભત્રીજાઓનો અહીં કેવી રીતે નાશ કર્યો, હેન્રી આઠમાએ પોતાની સ્ત્રીઓનો ત્યાં કેવી રીતે વધ કરાવ્યો, તેની પુત્રીએ પોતાની બહેનને કેદ કરવાની તથા ધર્મઝનુનીઓને જીવતા બાળી મૂકવાના હુકમ ઉપર કેવી રીતે સહી કરી એ સર્વ, અને મરવાની આશાએ આ મકાનમાં જીવન જીવતા અનેક અભાગી આત્માઓની કરુણ કથનીઓ, ઇતિહાસને સુવિદિત છે.

આ ટાવરમાં સેન્ટ પીટરનું ચૅપલ છે. તેને વિષે લૉર્ડ મૅકોલેએ લખ્યું છે કે 'આ સ્થળ શાકપીઠ જેવું બન્યું હોવાથી અતિ દિલગીરી થાય છે. નાના સ્મશાન સરખું આ શોકજનક સ્થળ દુનિયામાં વિરલ છે. વેસ્ટ મિનિસ્ટર અને સૅન્ટ પૉલમાં તો અતુલ બુદ્ધિ ને સદ્‌ગુણોથી આલમમાં અક્ષય કીર્તિ મેળવેલાઓ, અથવા સામાન્ય ચર્ચયાર્ડમાં (કબ્રસ્તાનમાં) સામાજિક અને કૌટુંબિક પ્રેમ મેળવી ચિરનિદ્રા લેનારાઓનો વાસ છે; પણ અહીં તેવો નથી. અહીં તો માનવનો પશુસ્વભાવ અને ભાગ્યની ભયંકરતા, દુશ્મનોની રાક્ષસી વૈરતૃપ્તિ, કિન્નાખોરી, બેવફાઇ, કૃતઘ્નીપણું, માનેલા સ્નેહીઓની નામર્દાઇ, આ બધાંએ, પડતી અને હણાએલી કીર્તિનાં દુઃખે થી રીબાએલાઓને જીવતા આ કિલ્લાના પાયામાં પૂરી દીધા છે. એક સાંજે જેઓ મહાન સેનાપતિ, માનવસમૂહોના નાયકો કે પ્રસિદ્ધ વક્તા હતા તેમને બીજી સવારે યમદૂત સમા કરાલ જલ્લાદોના હાથે લોહીનીગળતા આ સ્થળે દાટી દેવામા આવ્યા છે.

કતલ થએલાઓનાં શબો સંતાડવા માટે જ્યાંત્યાં ખોદવાથી ચૅપલનું તળિયું, ધરતીકંપથી થયું હોય તેવું, ઊંચુંનીચું હતું. ઇંગ્લંડની ત્રણ મહારાણીઓ, જ્હૉન ફિશર-બિશપ ઑફ રૉચેસ્ટર, સર ટૉમસ મૂર, ટૉમસ સેમુર, લૉર્ડ સડલે, રાણી કૅથેરાઇન પારનો પતિ અને એલિઝાબેથનો ઉમેદવાર, ડયુક ઑફ નૉર્ધમ્બર્લૅન્ડ અને સમરસેટ—કટ્ટા વિરોધીઓ, અત્યારે એકબીજાને પડખે મૃત્યુની અનંત શાંતિ લેતા સૂતા છે. અર્લ ઑફ ઇસેક્સ-મહારાણી એલિઝાબેથનો માનીતો, ડયુક ઑફ મન્મથ '૪૫ના ત્રણ બળવાખોર ઉમરાવો અને અન્ય અનેક જેમના મરણના કાળ કે સ્થળની નોંધ નથી તેઓ અહીં ચિરનિદ્રા લે છે.

અહીં સૂતેલાઓની કેટલાકની અંત સમયની વાતો તો તેમની બહાદુરી તથા અડગ હિંમત પ્રત્યે માન ઉપજાવે તેવી છે.

સર ટૉમસ મૂરને ફાંસી આપવા માટે અહીં લાવવામાં આવે છે. માચડો બિસ્માર હાલતમાં છે. તે સ્મિત કરી કહે છે. 'મિ. લેફ્ટેનન્ટ, હું ઉપર સહીસલામત ચડી જાઉં તેનો જરા બંદોબસ્ત કરો; નીચે આવવાનું તો હું સંભાળી લઇશ.' તેણે મરણ સમયની પ્રાર્થના કરી રિવાજ પ્રમાણે જલ્લાદે તેને માફી આપવા કહ્યું. સર થૅામસે કહ્યું, 'હિંમત રાખ; તારો શો દોષ ? તું તો ચિઠ્ઠીનો ચાકર. તારા કર્તવ્યમાં પાછો ન પડ.' અને આમ કહી તેનો હાથ ચૂમ્યો. પોતાને હાથે આંખે પાટો બાંધ્યો. બ્લૉક ઉપર માથું મૂકયું. વળી જલ્લાદને જરા થોભવા ઇશારત કરીને પોતાની દાઢી બાજુ પર લેતાં કહ્યું: 'રાજ્યદ્રોહ કદાચ મેં કર્યો હશે; પરંતુ અફસોસ! આ બીનગુનેગાર દાઢી પણ મારા માથા સાથે કપાશે!' યુરોપના પ્રખ્યાત વક્તાના એ છેલ્લા શબ્દો બોલતી વાચા કાયમ માટે બંધ થઈ.

કૅથેરાઈન હાવર્ડની સ્થિતિ અતિ કરુણાજનક હતી. બાલ્યાવસ્થામાંથી જ તે દુઃખમાં ઊછરી હતી. લગ્ન પછી તે કદી પણ બેવફા બન્યાનો પુરાવો નથી. ક્રેન્મરે એક કાગળ રાજાના હાથમાં મૂકયો અને તેણે સત્યાનાશ વાળ્યું. રાણીને હૅમ્પટન કૉર્ટમાંથી ઘસડીને લઈ જવામાં આવી. રાત્રિની નિઃસ્તબ્ધતામાં તેની કરુણ ચીસો અદ્યાપિ પણ ક્વચિત્ સંભળાય છે તે સતત ઇશ્વરસ્મરણ કરતી. પોતાના કંટાળાભર્યા જીવનનો અંત આણવા તે એટલી ઉત્સુક હતી કે ફેબ્રુઆરીની ૧૨મી તારીખે તેને ખબર આપવામાં આવ્યા કે તેનો બીજે દિવસે વધ કરવાના છે ત્યારે, લાકડાના જે ગચિયા ઉપર તેનો શિરચ્છેદ થવાનો હતો તે તેણે મંગાવ્યું, અને કેવી રીતે માથું મૂકવું ઠીક પડશે તેના કેટલી ય વખત પૂર્વપ્રયોગો કરી જોયા!

આ બધી હૃદયવિદારક વાતો છે પરંતુ સેઇન્ટ પીટર્સના ચર્ચની કઇ વાત હૃદય આર્દ્ર બનાવે તેવી નથી? એ યુગ એવો હતો કે જરા ખ્યાતિમાં આવ્યા કે મૂઆ પડ્યા. શું પુરુષ કે શું સ્ત્રી! માર્ગરેટ, કાઉન્ટેસ ઑફ સૅલિસબરી, જેને માટે ખુદ રાજાએ એક વખત પ્રશંસાના ઉદ્‌ગારો કાઢેલા તે પણ બચી ન શકી ચીંથરેહાલ દશામાં, અર્ધભૂખી એ ડોસીને ટાવરમાંથી ઘસડી સામાન્ય જલ્લાદ વધસ્થાને લઇ જાય અને તેની કતલ કરવામાં આવે એવો તેણે શો ગુનો કર્યો હતો? ઇતિહાસ ફક્ત એક જ ગુનો જણાવે છે કે તેના દીકરાએ રાજા

વિરુદ્ધ એક પુસ્તક લખ્યું હતું તેની સાથે અને પોપ સાથે તેણે પત્રવ્યવહાર કર્યો હતો! તેને જ્યારે બ્લૉક ઉપર માથું મૂકવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું, 'ભાઇ, ત્યાં તો દેશદ્રોહીઓનાં માથાં હોય. મેં તો સ્વપ્નમાં યે દેશદ્રોહ કર્યો નથી. બાકી તો હું નિર્દોષનો બલિ લેવો હોય તો લ્યો. જેઓ સત્યને માટે બલિદાન આપે છે તેમને ધન્ય છે. (Blessed are they who suffer persecution for righteousness' sake.)' જલ્લાદોએ તેનું મસ્તક જંગલી રીતે ધડથી જુદું કર્યું.

યાતનાઓ અને રક્તપાતોની પરંપરામાંથી આ તો ફક્ત વાનગી છે. સત્તાધારીઓનું, પોતાના હરીફોને નાબુદ કરવાનું આ કતલખાનું હતું. જે અમીર ઉમરાવો, રાજપુરુષો ને મહારાણીઓ થોડા દિવસો–અરે કલાકો પહેલાં સત્તાના પૂરમાં હોય તેમનાં શરીરો જરાપણ દયા વગર જ્યાંત્યાં વગર ખાપણે દાટી દેવામાં આવતાં ને તેમનું નામનિશાન ક્યાં યે રહેતું નહિ

આ ચૅપલનો પુનરુદ્ધાર મહારાણી વિક્ટોરિયાના સમયમાં થયો. અહીં હાડકાની પૂરણી વગરની જગ્યા જરાપણ નહોતી. મળી આવેલાં હાડપિંજરો, તે વિષયમાં નિષ્ણાત પાસે સરખાં કરાવી, આગળનાં વર્ણનો સાથે સરખાવી, મરનારના નામનું અનુમાન કરી, ફરી વખત દાટ્યાનો તથા મરણનો સમય લખી એ કૉફિનો ફરી પાછાં પૃથ્વીમાં સમાવી દીધાં.

(અંગ્રેજી ઉપરથી) 'રસનિધિ'

દાડમ

દાડમને સંસ્કૃતમાં દાડિમ, હિંદુસ્તાનીમાં અનાર, મરાઠીમાં ડાળીંબ, બંગાલીમાં દાડિમ, ફારસીમાં અનારસીરી અને અંગ્રેજીમાં પોમેગ્રેનેટ કહે છે. હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે આ વૃક્ષ ઉગાડવામાં આવે છે. અને તેનું ફળ તો સૌને જાણીતું છે.

દાડમમાં ઍસિડના જેવા તરસ છીપાવનારા ગુણો છે. આ વૃક્ષને ઊગવા માટે ઝાઝું પાણી જોઇતું નથી અને વળી ઓછી ફળદ્રુપ જમીનમાં પણ તે સરળતાથી ઊગી શકે છે. વૃક્ષ સાધારણ ઘેરી ઘટાવાળું અને બારથી સોળ ફૂટ ઊંચાઇનું થાય છે. દાડમનાં ફૂલ ચકચકિત અને સીંદુરિયા રંગનાં હોય છે. અને દૂરથી રાતા તારાની માફક લીલી ઘટામાં એ ચમકે છે. મનોહર લાગે છે.

આપણી બાજુ ખાસ સારાં દાડમ થતાં નથી. અરબસ્તાનમાં મસ્કતની પાસે ઘણાં જ સારાં દાડમ થાય છે ને એ ફળ દુનિયા ભરમાં પંકાય છે. આપણી તરફનાં દાડમોમાં દાણા ઘણા ઓછા અને નાના હોય છે.

દાડમનાં વૃક્ષ બે જાતનાં થાય છે. એક જાતને ફક્ત ફૂલ જ આવે છે ને ફળ બીલકુલ આવતાં નથી. આ જાતને 'ગુલનાર' કહે છે. બીજી જાતને ફૂલ તથા ફળ બંને લાગે છે.

દાડમનાં પાંદડા નાનાં, સાદાં, ચળકતાં અને આસપાસની સૂકી હવાને લાયક જ હોય છે. દાડમનાં ફૂલ તેના કરતાં મોટાં હોય છે એટલે દૂરથી પણ તે તરી આવે છે. એ ફૂલ વિષે એક ખુબી એ છે કે એને લીલો વજ્રકોષ હોતો નથી.

દાડમ ઘણું જ ખાવાલાયક અને આરોગ્યને હિતકારક ફળ ગણાય છે. એ કોઇ પણ રીતે નુકસાનકર્તા નહિ હોવાથી દર્દીને પણ અપાય છે. એ ખાવાથી તરસ તરત છીપે છે. ઉપરાંત દાડમનો રસ પિત્તશામક ગણાય છે.

દાડમનો આકાર સંપૂર્ણ ગોળ ન હોતાં સહેજ પાસાદાર હોય છે અને ફળમાં એ પાસ પ્રમાણે ખાનાં પેઠે ગોઠવાએલી ફાડ હોય છે જેમાં દાણા સરખી હારમાં ગોઠવાએલા હોય છે. કેટલાંક દાડમ એવાં આવે છે કે તેના દાણા લાલ અને આંખને ઠારે એવા હોય છે; કેટલાકના દાણા ધોળા મોતીના જેવા ચકચકિત હોય છે.

દાડમના દાણા રસથી ભરેલા હોય છે ને તેમાં ઝીણાં સફેદ બી હોય છે. આ બી વાવવાથી દાડમ ઉગાડી શકાય છે. ઉપરાંત કલમો રોપવાથી પણ દાડમી ઊગી શકે છે. પુનાની નજીક તથા બીજે ઠેકાણે આવાં કલમી દાડમીઓ ઊછેરવામાં આવે છે તથા તેની તૈયાર કલમો પણ મળે છે. આપણા ગુજરાતમાં ધોળકાનાં દાડમ અત્યારે ઠીક પ્રખ્યાતિ પામેલાં છે.

દાડમનાં મૂળની છાલ પેટમાં થતા કરમ માટે ઘણી જ ઉત્તમ અને અકસીર દવા ગણાય છે. દાડમના દાણા બી સાથે ચાવીને ખાવાથી પેટનાં દર્દ મટે છે. મીઠાં દાડમ ગ્રાહક તથા ધાતુવર્ધક હોય છે. દાડમ ખાટાં હોય તો વધુ ખાવાં ઠીક નથી. કારણ કે તે પિત્ત કરે છે. દાડમની છાલ, મૂળ, પાંદડાં વગેરે દરેકે દરેક વસ્તુ અતિ ઉપયોગી છે. બાળકને સંગ્રહણીનો રોગ થયો અને ઝાડા પુષ્કળ થતા હોય તો દાડમની છાલ ઘસીને પાવાથી આરામ થઈ જાય છે. આંખોમાં અગન બળતી હોય તો દાડમનો દાણો આંખમાં ફોડી તેનો રસ અંદર છંટાવા દેવાથી આંખમાંથી પાણી નીકળી જઇ અંદર બળતી લ્હાય ઓછી થઇ જાય છે. લીલાં દાડમને કચરી કાઢેલા રસમાં લવીંગ, સૂંઠ અને માયું ઘસી તેમાં થોડું મધ નાખી બરાબર મિશ્ર કરી તે પીવાથી ગમે તેવો સંગ્રહણી થયો હોય તો પણ આરામ થઇ જાય છે. માણસની છાતીમાં દુખાવો થતો હોય તો દાડમના દાણાના રસમાં મીંઢીઆવળનું ચૂર્ણ એક માસો નાખી પીવાથી દુખાવો ઓછો થાય છે. દાડમડીનાં પાંદડાંમાં ઠંડકનો ગુણ હોવાથી આંખો આવે છે ત્યારે તેને વાટી તેનો લેપ પણ કરવામાં આવે છે. પિત્તરોગ વાળાઓને દાડમનો રસ સાકર સાથે પાવામાં આવે છે. આ સિવાય વૈદકશાસ્ત્રમાં દાડમના બીજા ઘણા ઉપયોગો દર્શાવ્યા છે. દાડમપાક બનાવવાની રીત પણ બતાવેલી છે.

દાડમ આટલું જાણીતું અને ઘણા ઉપયોગનું ફળ હોવા છતાં તેનું વૃક્ષ ઘણા ઓછાએ જોયું હોય છે.

રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

એક સંન્યાસી અને તેનો શિષ્ય પ્રવાસમાં એક તળાવ કાંઠે ભાતું ખાવા બેઠા, ત્યાં એક કુતરૂં આવી ચડ્યું. બે જણને માંડ થઇ રહે તેટલો એક લાડવો માત્ર પાસે છે ત્યાં આ ક્યાં આવ્યું, એનો અણગમતે મને શિષ્ય હજી વિચાર કરે છે ત્યાં કુતરે તેના પગ પર પેસાબ કર્યો. આથી ચિડાઇને શિષ્યે તેને લાકડી મારી ને કુતરૂં ચીસો પાડતું નાસી ગયું. પણ ગુરુએ તેને હેતથી પાસે બોલાવ્યું ને ઝોળીમાંનો લાડવો ખવડાવી દીધો. આ જોઇ આશ્ચર્ય બનેલા શિષ્યને ગુરુએ ખુલાસો કર્યો કે, 'કુત્તે કે પાસ મૂત થા તો ઉન્હોંને મૂત દિયા, સાધુ કે પાસ લડુ થા તો સાધુને લડુ દિયા.'

કહેવતોનાં મૂળ: 'અગ્રેઅગ્રે વિપ્ર.' બ્રાહ્મણ (તેની વિદ્વત્તા ને સંસ્કારશુદ્ધિને કારણે) બધાં કાર્યોમાં પહેલો હોય એવા સામાન્ય અર્થ વાળી એ કહેવતને વિષે બ્રાહ્મણો સંસ્કારહીણા થયા પછીના જમાનામાં ચાલતી આવેલી એક રમૂજી લોકવાર્તા એવી છે કે બ્રાહ્મણ તથા જોગીને એક શેરડીનો સાંઠો સહીઆરા દાનમાં મળેલો, તેની વહેંચણીમાં વાંધો પડવાથી એક વાણિયાને તેની પંચાત સોંપી. તેણે વહેંચણી કરી કે 'અગ્રેઅગ્રે (એટલે પૂછડા તરફનો આગરાનો ભાગ) વિપ્ર' અને 'જટાળો (થડીઆનો મૂળિયાંવાળો ભાગ) તે જોગી.' અને આમ વહેંચણી કર્યા પછી પૂંછડા અને મૂળ વચ્ચેનો ગાંદળીનો ખરો ભાગ વહેંચણીના મહેનતાણા બદલ પોતે રાખ્યો! તે પરથી એ કહેવત આખી આ રીતે પડી: 'અગ્રે અગ્રે વિપ્ર, જટાળો તે જોગી; વચ્ચેનો કંદ (ગાંદળી) તે આરોગે નંદ (વાણિયો).'

આવનાર: 'સાહેબ અંદર છે કે?'

પોરીઓ: 'આપ કોણ છો? એમના લેણદાર છો? કોઇ મિત્ર છો? કે ઘરાક?'

આવનાર: 'ત્રણે ય.'

પોરીઓ: 'તો સાહેબ બહારગામ ગયા છે; ઘણા જ કામમાં છે; આપ અંદર પધારો!'

ગણિત-ગમ્મત: તમારા કોઇ મિત્રને સાઠથી ઓછી રકમ ધારવાનું કહો. પછી તેને ત્રણે ભાગવાનું કહી શેષ પૂછો; ફરી વાર એ જ ધારેલી રકમને ચારે ભાગવાનું કહી શેષ પૂછો; અને વળી ત્રીજી વાર એ જ ધારેલી રકમને પાંચે ભાગવાનું કહી શેષ પૂછો. હવે તમે એ ત્રણે ય શેષને અનુક્રમે ૪૦, ૪૫, અને ૩૬ વડે ગુણી સરવાળો કરી જે સરવાળો આવે તેને ૬૦ વડે ભાગશો તો જે શેષ વધશે તે ધારેલો આંકડો હશે.

કૅરેટ: એ સોનાની શુદ્ધતા દર્શાવનારૂં પરિમાણ છે. શુદ્ધમાં શુદ્ધ સોનું ૨૪ કૅરેટનું હોય. પણ તદ્દન શુદ્ધ સોનું બહુ પોચું હોવાથી ઉપયોગમાં લેવું ન પાલવે. એટલે સામાન્યત: ઘરેણાં વગેરેમાં ૨૨ કૅરેટનું સોનું વપરાય છે; બાકીના બે કૅરેટ બીજી ધાતુ—મુખ્યત્વે ત્રાંબાનો ભેગ કરવામાં આવે છે. પછી જેમ કૅરેટની સંખ્યા ઓછી તેમ સોનાનું પ્રમાણ ઊતરતું સમજવું.

અમેરિકાનાં છાપાંઓમાં રોજ એટલી જાહેર ખબરો પ્રકટ થાય છે કે એક માણસ તે બધી વાંચવા બેસે તો તેને ૫૦૦ વર્ષ લાગે એવો અંદાજ નીકળ્યો છે!



દેખાવમાં લંબાઇ વધારે જણાય છે, પણ ભમરાની લંબાઇ ને તેની પાંખ સુધીની પહોળાઈ બંને સરખાં જ હોય છે.

એનું નામ '૮,૦૦૦'. (વિચિત્ર, નહિ?) દુનિયાભરમાં આજે એ મોટામાં મોટું અને જબરામાં જબરૂં લૉકોમોટિવ સ્ટીમ એન્જિન છે, અને કૅનૅડાની 'કૅનૅડિયન પાસિફિક રેઇલ રોડ' લાઇન પર દોડે છે. ૧૦૦ ફૂટ લાંબું ને ૪૦૦ ટન વજનનું એ એન્જિન ૬,૦૦૦ ટન વજનની ગાડી ખેંચવાને માટે બનાવેલું; પણ તેના પહેલા જ અખતરા વેળાએ તે સામાન્ય ટ્રેઇનના કરતાં ત્રણ ગણા બોજાની ૭,૬૯૧ ટન વજનની અને એક માઈલ કરતાં પણ લાંબી ટ્રેઇન સહેલાઇથી ખેંચી ગએલું!

લોઢું પારામાં તરે છે.



ગયે મહીને બતાવેલી યુરોપના ઉત્તર સમુદ્રને ઉલેચવાની યોજના જેવી જ બીજી પ્રચંડ ઇજનેરી યોજના યુરોપના ઇજનેરો વિચારી રહ્યા છે તે આફ્રિકાને ઉત્તર કિનારેથી ભૂમધ્ય સમુદ્રમાંથી બસ્સો માઇલ લાંબી એક અતિ જંગી નહેર ખોદી લાવી સહરાના અફાટ સુક્કા રણમાં પાણીનાં પૂર વહેવડાવવાની. આને પરિણામે એ પ્રદેશમાં વચ્ચેવચ્ચે મોટા ફળદ્રુપ દ્વિપો બની રહેશે અને ત્યાં આજની માત્ર થોડી ભટકતી જાતોને બદલે દસ કરોડ માણસો વસી શકશે, એટલું જ નહિ પણ આખા ઉત્તર આફ્રિકાને સમશીતોષ્ણ હવામાન મળશે.